શ્રીમદ્ શ્રી યશોવિજયજી કૃત

સજ્ઝાય પદ સંગ્રહ

શા. ચુનીલાલ અમથાશાએ
શ્રી જૈન વિદ્યાવિજય પ્રેસમાં
છાપ્યુ—અમદાવાદ.

ભાવસાર મનસુખલાલ પરશોતમદાસ
ના સ્મરણાર્થે.

સને ૧૯૧૧. સંવત ૧૯૬૭.

મફત

શ્રી

સજ્ઝાય પદ સંગ્રહ.

જેમાં

(શ્રી યશોવિજયજીકૃત આઠ દ્રષ્ટિની સજ્ઝાય તથા
ચોવીશી તથા શ્રી મંધર સ્વામીનુ સવાસો
ગાથાનું સ્તવન તથા છુટક મહા વાક્યો
તથા છુટક પદો વિગેરેનો સંગ્રહ છે)

તૈયાર કરી છપાવી પ્રસિદ્ધ કર્ત્તા,
ખેડા નિવાશી
બ્હેન સુરજ, ભાવસાર મનસુખભાઇ
પરશોતમદાસની પત્ની.

સુધારા વધારા સાથે આવૃત્તિ બીજી. પ્રત ૫૦૦
સંવત ૧૯૭૨ સને ૧૯૧૬

અમદાવાદ.

રીચીરોડના પુલ નીચે આવેલા શ્રી જૈન વિદ્યા વિજય પ્રીન્ટીગ
પ્રેસમાં શા. ચુનીલાલ અમથાભાઈએ છાપી

ભેટ.

ખેડા નિવાશી આત્માર્થી-[illegible] ભાવશાર મનસુખભાઇ પરશોતમદાસ તરફથી આત્માર્થી જનોને પઠનપાઠન અર્થે આ સઝાય પદ સંગ્રહ ભેટ માટે છપાવામાં આવેલ છે.

ખેડા.

તા.

અનુક્રમણીકા.

ॐ

॥ श्री पार्श्वनाथाय नमः ॥

॥ श्रीमद्यशोविजयजी उपाध्याय कृत ॥

आठ दृष्टिनी सज्झाय.

(बालावबोध सहित.)

ऐंद्रश्रेणिनतंपार्श्वं, श्रीशंखेश्वरनामकं ।
लिखामियोगदृष्टिंस्वाध्यायार्थं लोकभाषया ॥१॥

અર્થ.—ઇદ્રના સમુદાય, શ્રેણિ પરંપરા, જેને નમ્યા છે, એવા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથને નમસ્કાર કરીને, યમ, નિયમ, પ્રાણાયામાદિ અષ્ટાંગયોગ જેમાં છે, એવા પાતંજલિ આદિ કૃત્ય યોગશાસ્ત્રમાં પ્રવેશ કરી શકાય તેવો શ્રીહરિભદ્રસૂરિરચિત શ્રી યોગદ્રષ્ટિ સમુચ્ચય ગ્રંથ છે તેના ભાવ ગ્રહણ કરી, સકલ તાર્કિક શિરોમણિ વાચકરાજ શ્રી યશે।

વિજયજી ઉપાધ્યાયે યોગદ્રષ્ટિની સઝાય રચેલી છે, તેનો ભાવાર્થસૂચક બાલાવબોધ ગુર્જરી ભાષામાં લખીએ છીએ.

પ્રથમ યોગ શબ્દ એટલે શું ? યોગ એટલે ચ ચ-લતા. ત્રણ પ્રકારના યોગ–તે મન, વચન, કાયાના યોગ તથા અષ્ટાંગ યોગ અને જ્ઞાન દર્શનાદિ યોગ, અથવા જે જે વસ્તુઓના યોગ યુજન કરીએ, તે પણ યોગ કહેવાય. એમ યોગના બહુ પ્રકાર છે. અહીંઆં તો પાતજલાદિ ગ્રંથાનુયાયી ત્રણ યોગ વર્ણવેલા છે. તેના નામ — ૧ ઇચ્છાયોગ ૨ શાસ્ત્રયોગ. ૩ સામર્થ્ય પ્રતિજ્ઞાયોગ.

૧. તથાવિધ જ્ઞાનાવરણાદિ કર્મના ક્ષયોપશમ વિશેષથી શ્રુતજ્ઞાનનો અર્થ લઇ, કરવાની ઇચ્છાવાળો છતાં પ્રમાદથી ધર્મ વ્યાપારમાં વિકલ અને અંત કરણમાં સૂત્રાર્થનું ઇચ્છિકપણુ હોય, પણ યથાર્થ બોધ ન હોય, તે ઇચ્છાયોગ કહીએ.

૨. યથાર્થ સ્વરૂપે વિકથાદિનો ત્યાગ કરવો તથા અપ્રમાદિ, ધર્મવ્યાપારવંત, શ્રદ્ધાવંત, તીવ્ર બોધથી અવિતથ્થ વચનનું ભાષણ કરવું, તથાવિધ મોહના અપગમથી સત્યપ્રતીતવંત, તથા કાલાદિ વિકલપણાની બાધાએ અતિચારાદિ દોષને જાણતાં છતા તથાપ્રકારે ટાળી ન શકાય તે શાસ્ત્રયોગ કહીએ.

૩. શાસ્ત્રમાં બતાવેલા ઉપાયોને અતિક્રમિને અધિક

શક્તિથી ધર્મવ્યાપાર યોગ આદરવો તે સામર્થ્યે પ્રતિજ્ઞાયોગ કહીએ. સિદ્ધિપદ પ્રાપ્તિનાં કારણો આ યોગમાં બહુ છે, તેનું અતિક્રમણ કરે નહિ; શાસ્ત્ર થકીજ સર્વ અર્થ જાણે. સામર્થ્ય પ્રતિજ્ઞા યોગથી, સર્વજ્ઞ પદપ્રાપ્તિ, સિદ્ધિપદ સૌખ્યપ્રાપ્તિ, સકલ પ્રવચન પરિજ્ઞાપ્રાપ્તિ ઇત્યાદિ સર્વનો સાક્ષાત્ લાભ છે. સામર્થ્ય યોગના પણ બે ભેદ છે. ૧ ધર્મસન્યાસ ૨ યોગસન્યાસ.

ધર્મસન્યાસ તે મોહાદિ ક્ષયોપસમ રૂપ છે અને યોગસન્યાસ તે કાયાદિ વ્યાપાર કાયોત્સર્ગ કરણાદિરૂપ છે. આ બે પ્રકારના સામર્થ્યયોગ સમસ્ત લાભપ્રાપ્તિના હેતુ છે, ધર્મસન્યાસ સામર્થ્યયોગ પ્રથમથી બીજે અપૂર્વકરણે હોય એટલે કે પ્રથમ અપૂર્વકરણે યથાપ્રવૃત્તિ કરણની સંજ્ઞા છે, તેથી અધિકૃત ધર્મ સામર્થ્યયોગ ન હોય અને બીજે અપૂર્વકરણે તે ગ્રથિભેદનું નિબંધન છે તેથી પ્રથમનો ત્યાગ કરી બીજું કહ્યું.

यतः–जागंठीता पढमं, गंठी समइक्कमे भवेबीअं ॥
अनिअट्टि करणंपुण, सम्मत्तं पुरखडे जीवे ॥१॥
इति वचनात्.

અપૂર્વકરણ તે આત્મવીર્યે શુભ પરિણામ, અનાદિ કાલે અપૂર્વ અપૂર્વ જે શુભ શુભત્તર પરિણામ ધર્મ સ્થાનકને વિષે હોય તે ધર્મસન્યાસ, બીજે અપૂર્વ કરણે

ગ્રથિભેદ થવાથી સમ્યગ્દર્શન, સમસંવેગાદિ લિંગરૂપ, આત્મ પરિણામ.

यतः—शमसंवेग निर्वेदा ऽनुकंपास्तिक्य लक्षणैः ॥
पंचभि सम्यक्, सम्यक्त्वमुपलक्ष्यते ॥ इति १
योगशास्त्रे तथा " तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनं. "

ત્યારપછી તથાવિધ કર્મસ્થિતિને ઓછી કરે, સંખ્ય સાગરોપમ અતિક્રમે ત્યારે પ્રથમ ધર્મસન્યાસ સામર્થ્ય યોગ હોય.

यतः—गंठित्तिसुदुभेओ, कखडघणरूढगूंठिव्व ॥
जीवस्स कम्मजाणिओ, घणराग दोसपरिणामो ॥१॥
सम्मत्तंमिउलद्धे, पलिय पहुत्तेण सावओहुज्झा ॥
चरणो पसमखयाणं, सागर संखंतराहुंति ॥२॥

અર્થ—માટે સ્થિતિભેદ ઉપર જેમ જેમ વધે, તેમ તેમ આયુંજીકરણ થકી જેમ જેમ આત્મ વીર્યોલ્લાસે ગુણસ્થાનક ભજન તે સર્વ ધર્મસંન્યાસ સામર્થ્યયોગ કહીએ, અને તેને પારમાથિક તાત્વિક કહીએ. કોઇક વેળાએ પ્રવજ્યા પ્રતિપત્તિ કાળે અતાત્વિક કહીએ. કારણ કે પ્રવજ્યા સન્મુખ તો છે પરંતુ પ્રવજ્યા આદરી નથી, માટે ત્યાં જ્ઞાનરૂપ પ્રતિપત્તિ વિશેષ હોય અને ધર્મ સન્યાસ સામર્થ્યે અધિકારી ભવ વિરક્ત હોય. આ પ્રમાણે સિદ્ધાંતમાં કહ્યું છે.

પ્રવ્રજ્યાધિકારી, આર્યદેશોત્પન્ન, વિશિષ્ટ જાતિવંત, કુલમર્યાદાવંત, અશુભકર્મ મલબુદ્ધિ પ્રપંચ પ્રાયે ક્ષીણ હોય અને મનુષ્યપણાનાં નિમિત્ત દુર્લભ છે, સંપદા ચપલ છે, વિષય દુઃખાધ હેતુ છે, સંયોગ વિયોગ મિલિત છે, શરીર પ્રતિક્ષણે મરણયુક્ત છે, એવા દારૂણ વિપાકવાલા સંસારનું અનેક પ્રકારે નિર્ગુણપણું ભાવીને સહજપણે સંસારથી વિરમ્યો હોય, અલ્પ કષાયી, અલ્પ હાસ્યાદિ-વંત, અલ્પવેદોદયી, કૃતજ્ઞ, વિનીત, ઘરવાસમાં રાજામાત્યાદિ બહુજનમાન્ય, અદ્રોહી, સુંદર અંગવત, શ્રદ્ધાવંત, પ્રવ્રજ્યા આરાધક, જ્ઞાનયોગનો આરાધક ઇત્યાદિ ગુણોપેત મનુ-ષ્યને ધર્મસન્યાસ સામર્થ્ય યોગ જાણવો.

યોગ સન્યાસ સામર્થ્ય યોગ પારમાર્થિક તાત્વિકપણે, ક્ષપકશ્રેણિગત યોગીને તથા ક્ષાંત્યાદિ સર્વ ગુણ ક્ષયોપ-સમપણે જેને ઉત્પન્ન થયા હોય તેને, યાવત્ કેવલજ્ઞાન લાભ ભોગ શીલ સુધી તથા તેજ લાભ વેળાયે શૈલેસી અવસ્થાગત યોગ નિરૂંધન કાળે વર્ત્તતા હોય, તેને હોય.

ત્રણ યોગમાં પ્રથમ યોગ, ચરમા કહેવાય છે અને તે ભવ્ય મિથ્યાદ્રષ્ટિને પણ હોય; બીજો યોગ સમ્યગ્દ્રષ્ટિ, દેશવિરતિ પ્રમુખને હોય અને ત્રીજો યોગ, દીક્ષાની સ-ન્મુખ એવા ભવવિરક્ત તથા અપ્રમત્ત યાવત્ અયોગી અવસ્થાવાળા સુધી પણ હોય. તેનો વિશેષ અધિકાર

યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથથી જાણવો, અહીં લેશમાત્ર લખ્યો છે. યોગનું દર્શન તે સામાન્ય માત્ર જ્ઞાનાવરણીયના ક્ષયોપશમે જાણવું અને દૃષ્ટિ તે ઇહાદિ વિચારણાએ અવધારવું. દૃષ્ટિનું સ્વરૂપ હવે કહીએ છીએ.

॥ ઢાળ પહેલી ॥

॥ ચતુર સનેહી મોહના ॥ એ દેશી ॥

શિવ સુખ કારણ ઉપદીશી, યોગતણી અડ દીઠીરે ॥
તે ગુણ થુણી જિન વીરનો, કરશું ધર્મની પુઠીરે ॥
વીર જિનેસર દેશના ॥ ૧ ॥

અર્થ—શિવ કે૦ નિરૂપદ્રવ, અવ્યાબાધ સુખ તેના કારણ કે૦ હેતુ વાસ્તે શ્રી વીરપરમાત્માએ, યોગની આઠ દૃષ્ટિ ઉપદેશી છે, તે શ્રી વીરના ગુણ સ્તવીને અમે ધર્મની પુષ્ટિ કરશું. શ્રીવીર પરમાત્મા કેવા છે?

यतः—विदारयतियत्कर्म, तपसाचविराजते ॥
तपो वीर्येण युक्तश्च, तस्माद्वीर इतिस्मृतः ॥ १ ॥

વળી ધર્મ કેવો છે?

यथा—दुर्गति प्रपतत् प्राणि धारणा धर्म उच्यते ॥
संयमादि दशविधः, सर्वज्ञोक्तो विमूक्तये ॥ १ ॥

અથવા અપરભાવ વ્યતિરિક્ત, કેવલ વસ્તુ સ્વભાવપણું, તે પણ નિરાવરણુપણે તથા સાદિ અપર્યવસાનપણે તે ધર્મ છે. એવી સામાન્યપણે શ્રીવીરની દેશના કે૦ વાણી છે. ॥ ૧ ॥

સઘન અઘન દિનરયણિમાં, બાલાવકલને અનેરારે ॥
અર્થ જુએ જેમ જુજુઆ, તેમ ઓઘ નજરના ફેરારે॥
॥ વીર૦ ૨ ॥

અર્થઃ—જેમ સઘન કે૦ મેઘ સહિત દિવસ અને અઘન કે૦ મેઘ રહિત દિવસ, જેમ દિવસ તેમ રાત્રિ અર્થાત્ મેઘયુક્ત દિવસ રાત્રિ અને મેઘ રહિત દિવસ રાત્રિ; તે તે દિવસો અને રાત્રિઓમાં પણ ભેદ છે અને તે ભેદને દેખનારાઓમાં પણ કોઈ બાલદ્રષ્ટિ, કોઇ વિકલદ્રષ્ટિ, અને અનેરા કે૦ કોઇ તરૂણ, વૃદ્ધ, રોગી ઇત્યાદિ અનેક ભેદ છે. તેઓ જે જે પદાર્થને જુએ તેમાં જ્ઞાનાવરણાદિ કર્મ વિચિત્રતાયે સામાન્ય વિશેષાદિમાં અનેક રીતે ફેર પડે; જુદા જુદા ભાવ દેખે. તે સર્વ ઓઘદ્રષ્ટિ છે. ઓઘદ્રષ્ટિ બહુ જાતની છે. ॥ ૨ ॥

દર્શન જે થયાં જુજુઆ, તે ઓઘ નજરને ફેરેરે ॥
ભેદ થિરાદિક દ્રષ્ટિમાં, સમકિત દ્રષ્ટિને હેરેરે ॥
॥ વીર૦ ૩ ॥

અર્થ —ઓઘ નજરના ફેરને અનુસારે ષટ્ દર્શનના

ભેદ જુદા જુદા થયા, તે ઓઘદ્રષ્ટિનો અહીં અધિકાર નથી. અહીંઆં તો યોગની આઠ દ્રષ્ટિનો અધિકાર છે, તે આઠ-દ્રષ્ટિ–મિત્રા, તારા, બલા, દીપ્રા, સ્થિરા, કાંતા, પ્રભા, પરા. તે આઠ દ્રષ્ટિમા બોધજ્ઞાન પ્રકાશ કેવો હોય ? તે કહે છે,

यथा–तृण गोमय काष्टाग्नि कणदीपोपम् प्रभा ॥
तारार्क चंद्रमा रत्न सदृशी दृष्टिरष्टधा ॥ २ ॥
इति योगदृष्टि समुच्चये.

આઠમા પ્રથમની ચાર દ્રષ્ટિ સુધી મિથ્યાદ્રષ્ટિ અને પાછલી ચાર દ્રષ્ટિ ગ્રંથીભેદથી હોય, અર્થાત સ્થિરાદ્રષ્ટિથી સમ્યકત્વ છે અને તે દ્રષ્ટિઓને યોગદ્રષ્ટિ એવું બિરૂદ ઘટે છે, પરંતુ આઠને યોગદ્રિષ્ટ કેમ કહી? તેનો એવો ઉત્તર છે કે, પહેલી ચાર દ્રષ્ટિમાં સત્સંગનો યોગ છે, તેમા પણ બીજા ધ્યાન કરે છે તેથી તેઓને પણ દ્રષ્ટિ કહીએ. ॥૩॥

દર્શન સકલના નય ગ્રહે, આપ રહે નિજ ભાવેરે ॥
હિત કરી જનને સંજીવની, ચારો તેહ ચરાવેરે ॥
॥ વીર૦ ૪ ॥

અર્થ – હવે થિરાદિક દ્રષ્ટિવત પ્રાણી સમસ્ત છએ દર્શનના નય ગ્રહણ કરે, તેને અદ્વેષગું રાખે અને જગત્ પોતાના સ્વભાવમાં સ્યાત્ નિત્યાનિત્યપણે વર્ત્તેછે તે ભાવમાં પ્રવર્ત્તે, શુદ્ધ દ્રષ્ટિનો ભગ કરે નહી, ભવ્યજનને હિતકારી

શુદ્ધોપદેશરૂપ સજીવની ઔષધીનો ચારો ચરાવીને આપ સ્વરૂપ પ્રગટ કરાવે તે ઉપર ઉપનયયુક્ત દ્રષ્ટાંત કહે છે.

કોઇ નગરમાં કુલવાન મનુષ્ય રહે છે તેને બે સ્ત્રી છે. એક પ્રૌઢ, સુશીલ, વિનીત છે. બીજી વક્ર છે. વક્ર સ્ત્રી પોતાના પતિ સાથે કામક્રીડા કરી દિવસે વૃષભ બનાવવાની વિદ્યાથી પતિને વૃષભ બનાવી ખેતરમાં મુકે છે પ્રૌઢ સ્ત્રી સ્વામિના પ્રેમને લીધે વૃષભરૂપ સ્વામિ પાસે રહી, ચારાપાણીથી સારસભાલ કરે છે. કેટલાએક દિવસે વિદ્યાધર દંપતી તે રસ્તેથી વિમાનમાં બેસી જતાં, વૃષભને દેખીને વિદ્યાધરે પોતાની પત્નિને કહ્યું કે, આ સ્ત્રી જે વૃષભની સેવા કરે છે, તે તેની પ્રૌઢ પત્નિ છે અને તે વૃષભની નાની સ્ત્રીએ પોતાના પતિને વૃભષ કરેલો છે. એવું ચમત્કારિક વૃત્તાન્ત સાંભળી વિદ્યાધરની સ્ત્રીએ કહ્યું, કે એવો કાંઇ યોગ છે, કે જેથી આ વૃષભ, પુરૂષ થાય? વિદ્યાધરે કહ્યુ કે અમુક વડ સમીપે જે ઔષધી છે, તે જો આ વૃષભને ચરાવે તો તે પુરૂષ થઇ જાય વિદ્યાધર એમ કહી ચાલ્યો ગયો પ્રૌઢ સ્ત્રીએ તે વિદ્યાધરની સર્વ વાત સાંભળી અને તેના વચનની પ્રતીતથી પ્રયત્ન કરી તે વડની આસપાસની સર્વ ઔષધી ગ્રહણ કરીને તેનો ચારો વૃષભને ચરાવ્યો તેથી વૃષભ પુરૂષ થયો. પ્રૌઢ સ્ત્રીની સેવાભક્તિ પતિએ જાણી આ દ્રષ્ટાંતે ઉપનય આ પ્રમાણે છે.

પુરૂષ તે આત્મા; જેણે વૃષભ બનાવ્યો તે અશુદ્ધ ચેતના સ્ત્રી; જેણે સેવા ભક્તિ કરી તે શુદ્ધ ચેતના સ્ત્રી; વિદ્યાધર તે ગુરૂ, વિદ્યાધરની સ્ત્રી તે દયારૂપ ધર્મકરણી; વડ તે મનુષ્યગતિ, સજીવની ચારો તે સમ્યગ્દ્રષ્ટિપણું, ઈત્યાદિ સકલ સામગ્રીવતને સજીવની ચારો ચરાવી યથાસ્થિત ભર્ત્તાર કર્યો. તેવી રીતે શુદ્ધચેતનાને અનુવર્ત્તતો સર્વ ગુણનું ભાજન થાય. એ પ્રમાણે થિરાદિક ચાર દ્રષ્ટિનો ધણી સર્વ જીવને હિતકારી ઉપદેશ આપે. ॥૪॥

દ્રષ્ટિ થિરાદિક ચારમાં, મુગતિ પ્રયાણ ન ભાજેરે ॥
રયણિ શયન જેમ શ્રમ હરે, સુરનર સુખ તેમ છાજેરે॥
॥ વીર૦ ॥ ૫ ॥

અર્થ —થિરાદિક ચાર દ્રષ્ટિમાં મુક્તિનુ પ્રયાણ કે૦ ગમન રોકાય નહી, કારણ કે એ દ્રષ્ટિવંત પ્રાણી પ્રાય: પ્રતિપાતિ ન હોય. જેમ વાછિત નગરે પ્રયાણ કરતાં, વચમાં રાત્રે વિશ્રામ લઇએ અને તેથી જેમ શ્રમ કે૦ થાક દૂર થાય અને ઇચ્છિત નગરે સુખેથી પહોચાય, તેમ સમ્યગ્દ્રષ્ટિ પ્રાણીને મુકિત જતાં વચમાં સુબાહુ કુવર તથા શ્રીપાલાદિ જેમ દેવ મનુષ્યના ભવ કરવા પડે, પરતુ મુક્તિપુરે અવશ્ય પહોચાય ॥ ૫ ॥

એહ પ્રસંગથી મેં કહ્યું, પ્રથમ દ્રષ્ટિ હવે કહીએરે ॥

૫

જિહાં મિત્રા તિહાં બોધજે, તે તૃણ અગનિસો લહી-
એરે ॥ વીર૦ ૬ ॥

અર્થ—પૂર્વોક્ત સર્વ પ્રસંગથી કહ્યુ, તે યોગદ્રષ્ટિ તથા ઓઘદ્રષ્ટિ સામાન્ય રીતે સર્વ સંસારી જીવની વર્ણવી. દ્રષ્ટિ કે૦ દેખવું, જાણવું તે જ્ઞાનાવરણીયના ક્ષયોપશમ આશ્રી છે, પણ તેનો અહીં અધિકાર નથી. અહીં તો મિત્રાદિ આઠ દ્રષ્ટિનો અધિકાર છે. તેમાં પ્રથમ મિત્રા દ્રષ્ટિનાં લક્ષણ, ક્રિયા તથા બોધ કહીએ છીએ. સત્ શ્રદ્ધાવંતના સંગથી અસત્ પ્રવૃત્તિ નહી કરતા, સત્ પ્રવૃત્તિ કરવી; અને જ્ઞાનનો બોધ હોય, તેથી તે દ્રષ્ટિ કહેવાય. જ્યાં મિત્રા દ્રષ્ટિ હોય ત્યાં મિથ્યાત્વ દર્શનની મંદ સ્થિતિ તથા મંદ રસ હોય અને તૃણના અગ્નિ સરખો અલ્પ બોધ હોય ॥ ૬ ॥

વ્રત પણ ઇહાં યમ સંપજે, ખેદ નહીં શુભ કાજેરે ॥
દ્વેષ નહીં વળી અવરશું, એહ ગુણ અંગ વિરાજેરે ॥
॥ વીર૦ ૭ ॥

અર્થઃ—આ દ્રષ્ટિને વિષે પાચ યમ પ્રાપ્ત થાય. ૧ અહિંસા, ૨ સત્ય, ૩ અસ્તેય, ૪ બ્રહ્મચર્ય, ૫ અપરિગ્રહ. આ પાચ યમ છે. વળી શુભ કાર્યે જેમકે દાન, દયા, દેવગુરૂની ભક્તિ ઇત્યાદિમાં ખેદ વા આળસ ન થાય. વળી બીજા દર્શ-

નીઓના તથાપ્રકારના દેખીને દ્વેષ ન ઉપજે એ પ્રમાણે સત્ પ્રવૃત્તિના ગુણ, અસત્ પ્રવૃત્તિનુ નિવારણુ કરવાથી પ્રગટે.

૧ પાંચ મહાવ્રત તે પાચ યમ છે ૨ શૌચ સંતોષાદિ પાંચ નિયમ છે ૩ યોગ. પદ્મ ઇત્યાદિ આસન. ૪ પવનનુ રૂંધન તે પ્રાણાયામ. ૫ ઇંદ્રિયોને વિષયોમાં ન પ્રવર્તાવવી તે પ્રત્યાહાર. ૬ શુદ્ધ વસ્તુનો યથાર્થ નિરાધાર તે ધારણા. ૭ ધ્યેયનુ ચિંતવન તે ધ્યાન. ૭ ધ્યેયનો તન્મયપણે અનુભવ તે સમાધિ. એ અષ્ટાંગ યોગ પ્રવૃત્તિ છે. ॥૭॥

યોગનાં બીજ ઇહાં ગ્રહે, જિનવર શુદ્ધ પ્રણામોરે ॥
ભાવાચારજ સેવના, ભવ ઉદ્વેગસુ ઠામોરે ॥
॥ વીર૦ ૮ ॥

અર્થ —વળી બીજી પણ અષ્ટાગયોગ પ્રવૃત્તિ છે. ૧ અદ્વેષ, ૨ જિજ્ઞાસા, ૩ શુશ્રુષા, ૪ શ્રવણ, ૫ બોધ, ૬ મીમાંસા, ૭ પરિશુદ્ધિ, ૮ અપ્રતિપત્તિ. ઇત્યાદિ યોગના બીજ આ દ્રષ્ટિમાં ગ્રહણ કરે, નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એવા ચાર નિક્ષેપે જિનેશ્વરને શુદ્ધ પ્રણામ કરે સુત્રોકત પ્રવૃત્તિએ પ્રવર્તનારા, ૫ ચાચારને યથાર્થ પાળનારા અને શુદ્ધ ભાષક એવ ભાવાચાર્યની સેવના કરે અને ભવોદ્વેગ કે૦ સસારથી ઉદાસીનતા તેજ મોક્ષપ્રાપ્તિ કરાવે છે, એમ જાણે. ॥૮॥

દ્રવ્ય અભિગ્રહ પાળવા, ઔષધ પ્રમુખને દાનેરે ॥

આદર આગમ આસરી, લિખનાદિક બહુ માનેરે ॥
॥ વીર૦ ૯ ॥

અર્થ:—ગ્રંથિભેદ વિના ભાવ અભિગ્રહ હોય નહીં, તેથી દ્રવ્ય અભિગ્રહ હર્ષથી પાળે, અર્થાત ઔષધ, વસ્ત્ર, પાત્ર પ્રમુખ દેવાના અભિગ્રહ આદર-સત્કાર સહિત આગમવિધિને અનુસારે સાધુ મુનિરાજને ઉચિત હોય તે આપે તથા બહુમાન પૂર્વક પુસ્તક લખાવવા પ્રમુખ ઉદ્યમ કરાવે. ॥ ૯ ॥

લેખન પુજન આપવું, શ્રુત વાચના ઉદગ્રાહોરે ॥
ભાવ વિસ્તાર સઝાયથી, ચિંતન ભાવન ચાહોરે ॥
॥ વીર૦ ૧૦ ॥

અર્થ.—સિદ્ધાંત લખવામાં તથા વીતરાગનાં બિંબોના પૂજનમાં દ્રવ્યાદિ સામગ્રી આપવાને સાવધાન હોય; વળી સન્માર્ગ પ્રરૂપક શ્રુત કે૦ સિદ્ધાંતની વાચનાનો ઉદ્ગ્રાહી કે૦ યોગ મેળવવા ઉદ્યમ કરે, વળી સ્વાધ્યાય તે વાંચના પ્રમુખ પાંચ પ્રકારથી કરી ભાવ વિસ્તાર કે૦ ભાવ આસ્થાદિકનાં કારણો વધારે, અને તેનું ચિંતવન તથા ભાવનાની ચાહના કરે. ॥ ૧૦ ॥

બીજકથા ભલી સાંભળી, રોમાંચિત હુવે દેહરે ॥
એહ અવંચક યોગથી, લહીએ ધરમ સનેહરે ॥
॥ વીર૦ ૧૧ ॥

અર્થ.—સંવેગ ભાવની યથાસ્થિતતા, શમ સંવેગ, સત્પ્રવૃત્તિ લક્ષણરૂપ શ્રદ્ધા, નિરાશય પરોપકાર કરણ, દુ:ખિતાનુકંપા, સત્શીલાનુચરણ, ઔદાર્ય, ધૈર્ય, ગાંભીર્ય પ્રમુખ બીજ કથા૦ યોગાંગ કથા શ્રવણ કરીને હર્ષોત્કર્ષયુક્ત રોમાંચિત શરીર થાય. એવા પ્રશસ્ત બાહ્યસયોગ મળવાથી સદભ્યાસ કરવા કરાવવાનાં સાધન મળવાથી યોગનું અવચકપણું તેને પ્રાપ્ત થાય. તેથી તે પ્રાણી વિષ ક્રિયા વાછે નહીં, ક્રિયા નિષ્ફલ કરે નહીં, તે અવંચક યોગ સમજવો. તે અવંચક યોગ પામીને પરમોત્કૃષ્ટ ધર્મસ્નેહ પામે. મનમા એમ વિચારે, કે આ લાભ દુષ્કરપણે પામ્યો છું. ॥૧૧॥

સદગુરૂ યોગે વંદન ક્રિયા, તેહથી ફળ હોય જેહોરે ॥
યોગ ક્રિયા ફળ ભેદથી, ત્રિવિધ અવંચક એહોરે ॥
॥ વીર૦ ૧૨ ॥

અર્થ:—ઉત્તમ ગુરૂનો યોગ પામીને વદન ક્રિયા વ્યવહાર વિધિપૂર્વક સાચવે, તેથી જે ફળ થાય તે આ પ્રમાણે છે. મનને વિશુદ્ધપણે પ્રવર્ત્તાવવું તે યોગ અવંચક કહિએ તથા વચન અને કાયાને નિરવદ્યપણે પ્રવર્તાવવાં તે ક્રિયા અવંચક કહિએ. તે પ્રમાણે કરવાથી મિથ્યાત્વ તથા વિષય કષાયાદિકની હીનતાએ શુભગતિ પ્રમુખ ફળ પામે, તે ફળ અવંચક કહીએ. આ ત્રણ પ્રકારના અવંચક યોગ તે પ્રાણીને હોય. યદ્યપિ આ ત્રણ અવંચક યોગ સાધુને

ઉદ્દેશીને હોય, પરંતુ અવક્ર સામાયિકે તથા અમત્સરયુક્ત ભાવ સમાધિપણે દ્રવ્યથી એ હોય છે.

ચાહે ચકોર તે ચંદ્રને, મધુકર માલતી ભોગીરે ॥
તેમ ભવિ સહજ ગુણે હોયે, ઉત્તમ નિમિત્ત સંયો-
ગીરે ॥ વીર૦ ૧૩ ॥

અર્થ.—જેમ ચકોર પક્ષી ચદ્રની ચાહના કરે અને જેમ ભ્રમર માલતીનાં પુષ્પનો ભોગી હોય તેમ આ ભવ્ય પ્રાણીને યદ્યપિ મોહનો ક્ષયોપશમ નથી, તથાપિ ઉત્તમ કે૦ પ્રધાન જે શુભ નિમિત્તો તેનો સગી થાય, એવો સહજ ગુણ હોય ॥ ૧૩ ॥

એહ અવંચક યોગ તે, પ્રગટે ચરમાવર્ત્તરે ॥
સાધુને સિદ્ધ દશાસમું, બીજનું ચિત્ત પ્રવર્ત્તરે ॥
॥ વીર૦ ૧૪ ॥

અર્થ—એવા અવચક યોગ જ્યારે ચરમ પુદ્ગલ પરાવર્ત સસાર બાકી રહે, ત્યારે ઉપજે. તોપણ કેટલા-એક પ્રાણી જે ક્રિયા યોગી હોય તેઓને હોય, અને સાધુઓને તો સિદ્ધ અવસ્થા સમાન પરમાનદ આપનાર હોય. આ મિત્રાદ્રષ્ટિમાં વર્તતા પ્રાણીને, બીજ જે યો-ગના અગ, સમતા, ઔદાર્ય પ્રમુખ, તે ગ્રહણ કરવાને પ્રયત્નવાળુ ચિત્ત હોય. ॥ ૧૪ ॥

કરણ અપુર્વના નિકટથી, જે પહેલું ગુણઠાણું રે ॥
મુખ્યપણે તે ઇહાં હોયે, સુયશ વિલાસનું ટાણું રે ॥
॥ વીર૦ ૧૫ ॥

અર્થ —અહિં છેલ્લા યથાપ્રવૃત્તિ કરણના નિકટ કે૦ સમીપપણાથી સ્થિતિ તથા રસમા મદપણે મિથ્યાત્વ ગુણઠાણે તે પ્રવર્ત્તે વળી શિવરાજ રાજર્ષિ પ્રમુખની પૂર્વે જે દશા હતી, તેવી મુખ્યપણે અહીં હોય વળી તે ઉત્તમ યશના વિલાસનું ટાણું કે૦ સ્થાનક હોય સારાંશ કે અભવ્ય, દુર્ભવ્ય બહુ પુદગલ પરાવર્ત્તનવાળા શઠ, હઠકદાગ્રહી, અત્યંત અભિનિવેશી, ગુરૂ અશાતનાવાળને આ દ્રષ્ટિ ન હોય, ॥ ૧૫ ॥ ઇતિ પ્રથમ મિત્રાદ્રષ્ટિ વિચાર.

॥ ઢાળ બીજી. ॥

॥ મન મોહન મેરે. એ દેશી. ॥

દર્શન તારા દ્રષ્ટિમાં મન મોહન મેરે. ગોમય અગ્નિ સમાન. ॥ મ૦ ॥ શૌચ સંતોષને તપ ભલું, ॥ મ૦ ॥ સજ્ઝાય ઈશ્વર ધ્યાન. ॥ મ૦ ॥ ૧ ॥

અર્થ—હવે તારાદૃષ્ટિનો વિચાર કહે છે. મિત્રાદૃષ્ટિ કરતાં તારાદૃષ્ટિમા મિથ્યાત્વ કેવું મદ હોય તથા બોધ કેવો હોય તે કહે છે મિથ્યાત્વ વિશેષ મદ હોય અને બોધ ગોમય કે૦ છાણાની અગ્નિ સમાન હોય, જેમ છાણાનો અગ્નિ ધીમે ધામે વધે, તેમ બોધ વધતો જાય, અર્થાત્ કાંઈક કાર્યસાધક થાય. તેથી શૌચ કે૦ મન નિર્મળ રહે. સતોષ કે૦ પ્રાપ્ત વસ્તુથી વિશેષ તૃષ્ણા ન રાખે; ઇચ્છાનું રૂંધન કરે સઝાય કે શ્રુતઅધ્યયન પ્રમુખ કરે અને ઇશ્વર ધ્યાન કે૦ પરમાત્માનુ ધ્યાન કરે. આત્મહિત ચતવે અને વિચારે કે રખે અકાર્ય સેવીશ તો દુર્ગતિ પામીશ ॥ ૧ ॥

નિયમ પંચ ઇહાં સંપજે ॥મ૦॥ નહીં કિરિઆ ઉદ્વેગ ॥ મ૦ ॥ જિજ્ઞાસા ગુણતત્ત્વની ॥ મ૦ ॥ પણ નહીં નિજ હઠ ટેગ ॥ મ૦ ॥ ૨ ॥

અર્થ—આ દ્રષ્ટિમા પૂર્વોકત પાંચ નિયમ ઉપજે, મોટી ક્રિયામાં અખેદપણે પ્રવર્ત્તે, અર્થાત્ પરલોક હિતાર્થે કામ કરતાં ઉદ્વેગ ન પામે. વળી તત્ત્વગુણ કે૦ શુદ્ધ ગુણ તત્ત્વ સંબધીની જિજ્ઞાસા કે૦ ચાહના હોય, તથા કારણ, કરાવણ, અનુમોદનરૂપ નિર્વિકારપણુ હોય, પરંતુ પોતાના હઠ કદાગ્રહનો ટેક વિશેષપણે નજ હોય ॥ ૨ ॥

એહ દ્રષ્ટિ હોય વરતતાં ॥ મ૦ ॥ યોગકથા બહુ પ્રેમ

॥ મ૦ ॥ અનુચિત તેહ ન આચરે ॥ મ૦ ॥ વાળ્યો વળે જેમ હેમ ॥ મ૦ ॥ ૩ ॥

અર્થ—આ દ્રષ્ટિમાં વર્ત્તતો પ્રાણી અષ્ટાંગ યોગાદિકની કથામાં બહુ પ્રેમ ધારણા કરે. યોગશુદ્ધિ, ક્રિયાશુદ્ધિમાં પ્રવર્ત્તિ ફળશુદ્ધિ કરે, અર્થાત્ જે થકી પરલોક સંબંધી અહિત થાય તેવું અનુચિત કાર્ય કરે નહીં. વળી તે પ્રાણીને કોઇ હિત શિખામણ કહે, તેની સાથે સુવર્ણ જેમ વાળ્યું, વળે, તેની પેઠે સરળતા રાખે. ॥ ૩ ॥

વિનય અધિક ગુણીનો કરે ॥ મ૦ ॥ દેખે નિજગુણ હાણ ॥ મ૦ ॥ ત્રાસ ધરે ભવભયથકી ॥ મ૦ ॥ ભવ માને દુઃખખાણ ॥ મ૦ ॥ ૪ ॥

અર્થ—પોતાથી અધિક ગુણવંતનો વિનય કરે અને પોતે વિશેષ ગુણી હોય છતાં પોતામાં ન્યુનતા ભાવે, અર્થાત્ અહંકૃતિ વા નિજ ઉત્કર્ષ ન કરે. વળી ચતુર્ગતિરૂપ સંસારને દુખની ખાણ દેખીને તેના ભયથી ત્રાસ પામે.

યતઃ-जन्म दुखं जरा दुखं ॥ रोगाणि मरणाणिय ॥
अहो दुःखेहु संसारे ॥ जथ्थथकिं संतिजंतुणो ॥४॥

શાસ્ત્ર ઘણાં મતિ થોડલી ॥મ૦॥ શિષ્ટ કહે તે પ્રમાણ ॥ મ૦ ॥ સુયશ લહે એ ભાવથી ॥ મ૦ ॥ ન કરે જુઠ ડફાણ ॥ મ૦ ॥ ૫ ॥

અર્થ—શાસ્ત્ર ઘણાં છે અને પોતાની મતિ કે૦ બુદ્ધિ અલ્પ છે, માટે શિષ્ટ મહાનગુરૂ કહે તે વચન પ્રમાણ કરે. સમ્યગ્ રીતે મન, વચન, કાયાએ કારણ કરાવણ અનુમતિ રૂપે નિર્વિકારીપણુ હોય, તે પ્રમાણે વિશિષ્ટ ભાવના ભાવતો થકો સુયશ કે૦ નિર્મલ કીર્ત્તિ પામે. તે અછતા ગુણોનો જુઠો કે૦ અસત્ય ડફાણ કે૦ આડંબર કરે નહીં. શુભયોગ કથામાં પ્રીતિ રાખે ॥ ૫ ॥ ઇતિ તારાદ્રષ્ટિ વિચાર.

॥ ઢાળ ત્રીજી. ॥

॥ પ્રથમ ગોવાલતણે ભવે જીરે ॥ એ દેશી ॥

ત્રીજી દ્રષ્ટિ બલા કહીજી ॥ કાષ્ટ અગ્નિસમ બોધ ॥
ક્ષેપ નહી આસન સધેજી ॥ શ્રવણ સમીહા સોધરે ॥
જિનજી ॥ ધન ધન તુજ ઉપદેશ ॥ ૧ ॥

અર્થ—હુવે બલા નામની ત્રીજી દ્રષ્ટિ વર્ણવે છે. આ દૃષ્ટિમાં સુખાસને બેઠેલાનુ જેમ સ્થિર ચિત્ત હોય. દેવવંદન, ગુરૂવંદન, આવશ્યકાદિ કાર્ય અનુકૂલપણે કરે, યદ્યપિ મિથ્યાદર્શન છે તોપણ મિથ્યાત્વની બહુજ મંદતા હોય, અર્થાત્ મિથ્યાત્વિઓના ભ્રાન્તિરૂપ ચમત્કારિક જ્ઞાન દે-

બીને ચપલ પરિણામવાળો ન થાય. આ દ્રષ્ટિમા શાસ્ત્ર શ્રવણથી કાષ્ટના અગ્નિ સરખો દ્રઢ બોધ હોય. વળી ક્રિયાઓનુ અન્યોઅન્ય મિશ્રણ કરવું તે ક્ષેપ દોષ કહેવાય, તેવો ક્ષેપ દોષ ન હોય, પર્યંકાસનાદિ યોગાસનને સાધે. સિદ્ધાંત શ્રવણ કરવાની સમીહા કે૦ તીવ્ર ઇચ્છા કરે. તેવી ઇચ્છાને સોધ કે૦ સાધે. હે, જિનજી ! તમારા ઉપદેશને ધ ય છે, એવો સત્કાર કરે, અને પોતાના આત્માને ધ ય માને. ॥ ૧ ॥

તરૂણ સુખી સ્ત્રી પરિવર્યોજી ॥ જેમ ચાહે સુરગીત ॥ સાંભળવા તેમ તત્વનેજી ॥ એ દ્રષ્ટિ સુવિનીતરે ॥ જિનજી ॥ ધન ॥ ૨ ॥

અર્થ—જેમ કોઇ તરૂણ કે૦ યુવાન પુરૂષ ધનાઢ્ય સુખી હોય, વળી સુદર સ્ત્રીએ યુક્ત હોય; તે જેમ દેવ ગાધર્વના ગીત-ગાયન શ્રવણ કરવાની ચાહના કરે, તેવી રીતે આ દ્રષ્ટિવ ત પ્રાણી તત્ત્વજ્ઞાન શ્રવણ કરવાની ચાહના કરે, તેવી રીતે વળી આ દ્રષ્ટિવાળા વિનયવ ત પણ હોય ॥૨॥

સરી એ બોધ પ્રવાહનીજી ॥ એ વિણ શ્રુતથલ કૂપ ॥ શ્રવણ સમીહા તે કિસીજી ॥ શયિત સુણે જેમ ભૂપરે ॥ જિનજી ॥ ધન ॥ ૩ ॥

અર્થ·—આ દ્રષ્ટિ બોધ જ્ઞાન પ્રવાહની સરી કે૦ સર

છે. જેમ કુવા અને વાવમાં પાણીની સર ખનન કરવાથી નીકળી આવે, અને તે સરથી પાણી તરત પ્રાપ્ત થાય, તેમ આ દ્રષ્ટિથી જ્ઞાન પ્રવાહની સર પ્રાપ્ત થાય. જેમ રાજા શય્યામા સુતાં થકાં યાચકોનાં ગીત શ્રવણ કરે, પણ વિ· ષય કષાયમાં ગ્રસ્ત થવાથી તે ગીતમાં ધ્યાન ન રહે, તેવી રીતે આ દ્રષ્ટિ વિના શ્રુત શ્રવણ માત્ર બોધકારક ન થાય. સર્વ થલ કુપ સમાન થાય. ॥ ૩ ॥

મન રીઝે તન ઉલ્લસેજી ॥ રીઝે બુઝે એક તાન ॥
તે ઇચ્છા વિણ ગુણ કથાજી ॥ બેહેરા આગલ ગાનરે
॥ જિનજી ॥ ધન ॥ ૪ ॥

અર્થ —જે શ્રવણથી મન હર્ષ પામે, શરિર રોમાંચિત થાય, અને હર્ષ અને બુઝ૦ બોધની એકતાન કે૦ થાય, તે શ્રવણજ સાર્થક છે. તેવી પ્રબળ ઇચ્છા વિના તત્વ કથા શ્રવણ કરવી, તે જેમ બહેરા આગળ ગીત નિષ્ફળ છે તેમ તે પણ નિષ્ફળ જાણવી. ॥૪॥

વિઘન ઈહાં પ્રાયેં નહીંજી ॥ ધર્મ હેતુમાં કોય ॥
અનાચાર પરિહારથીજી ॥ સુયશ મહોદય હોયરે ॥
જિનજી ॥ ધન ॥ ૫ ॥

અર્થઃ—આ દ્રષ્ટિમાં વર્ત્તતાં ધર્મના કાર્ય કરતાં પ્રાયઃ કાંઇ વિઘન કે૦ અંતરાય થાય નહીં, કેમકે અનાચારનો

આ દ્રષ્ટિમાં પરિહાર કે૦ ત્યાગ છે; અને તેમ હોવાથી ઉત્તમ યશ અને મહાન્ ઉદયનો લાભ પણ થાય એ દ્રષ્ટિમાં શુભ યોગના આરંભ, સુકથા શ્રવણ ઇત્યાદિ મહાલાભો છે. ॥ ૫ ॥ ઇતિ બલા દ્રષ્ટિ વિચાર.

॥ ઢાલ ચોથી ॥

॥ઝાંઝરીઆ મુનિવર ધનધન તુમ અવતાર—એ દેશી ॥

યોગ દ્રષ્ટિ ચોથી કહીજી ॥ દીપ્રા તિહાં ન ઉત્થાન ॥
પ્રાણાયામ તે ભાવથીજી ॥ દીપ પ્રભાસમ જ્ઞાન ॥
મનમોહન જિનજી ॥ મીઠી તાહરી વાણ ॥ ૧ ॥

અર્થ—હવે દીપ્રા નામે ચોથી દ્રષ્ટિનું સ્વરૂપ કહે છે. ૧ સમાન, ૨ ઉદાન, ૩ વ્યાન, ૪ અપાન અને ૫ પ્રાણાયામ. આ પાંચ પ્રકાર વાયુ સબંધી છે. તેમા સમાન તે નાભિ અને હૃદય વચેનો વાયુ, ઉદાન તે હૃદય અને મસ્તક વચેનો વાયુ, વ્યાન તે સર્વ ત્વચાવર્તી વાયુ, અપાન તે અગવર્તી વાયુ અને પ્રાણાયામ તે શ્વાસોછવાસ રૂંધન. એ પ્રમાણે વાયુના પાંચ ભેદ છે. તેમાં રેચક, પૂરક, કુંભક, પવન સાધવાથી પ્રશાંતવાહિતાનો લાભ થાય. એક ક્રિયામાં અપરક્રિયામાં ઉપયોગ તે ઉત્થાન દોષ, તે આ દ્રષ્ટિમાં ન

હોય. યદ્યપિ અહીં ગ્રંથિભેદ થયો નથી, તોપણ પ્રશસ્ત-યોગવંતને ભાવથી પ્રાણાયમ હોય. આ દ્રષ્ટિમાં દીપપ્રભા સમાન બોધ છે, અર્થાત્ તત્ત્વશ્રવણ, શુશ્રુષા અને યમનિય-માદિક ફલવાળો પણ સૂક્ષ્મ બોધ તે જાણવો. હે! મનના પ્યારા, જીનજી તમારો ઉપદેશ અત્યંત મધુર છે. ॥૧॥

બાહ્ય ભાવ રેચક ઈહાંજી ॥ પૂરક અંતર ભાવ ॥
કુંભક થિરતા ગુણે કરીજી, પ્રાણાયામ સ્વભાવ ॥
મન ॥ ૨ ॥

અર્થ—બહિરાત્મ પ્રવૃત્તિ જે બાહ્યભાવ તેને કઢવ-વારૂપ રેચકપણું આ દ્રષ્ટિમાં છે. વળી અંતરાત્મ વૃત્તિવાળા ગુણો દાખલ કરવા તે પૂરકપણું છે. અને પ્રાપ્ત થયેલા ગુણોને સ્થિર કરવા તે કુંભકપણુ છે. એવી રીતે પ્રાણા-યામ રૂપ આ દ્રષ્ટિનો સ્વભાવ છે, અને શ્વાસરૂંધન પ્રા-ણાયામનો પણ એવોજ સ્વભાવ છે. ॥ ૨ ॥

ધર્મ અર્થે ઇહાં પ્રાણનેજી ॥ છોડે પણ નહીં ધર્મ ॥
પ્રાણ અર્થે સંકટ પડેજી ॥ જુઓ એ દ્રષ્ટિનો મર્મ॥
મન ॥ ૩ ॥

અર્થ—આ દ્રષ્ટિમાં વર્તતો પ્રાણી ધર્મ અર્થે પ્રાણને તૃણની પેઠે ત્યાગે પણ પ્રાણ ત્યાગ રૂપ સંકટ પડે તો પણ ધર્મ તજે નહીં, એવો આ દ્રષ્ટિનો મર્મ કે૦ રહસ્ય છે, તે તમે ધ્યાનમાં લ્યો. ॥ ૩ ॥

તત્ત્વ શ્રવણ મધુરોદકેંજી ॥ ઈહાં હોયે બીજ પ્રરોહ ॥
ખાર ઉદક સમ ભવત્યજેજી ॥ ગુરૂ ભગતિ અદ્રોહ ॥
મન ॥ ૪ ॥

અર્થ — આ દ્રષ્ટિમાં સિદ્ધાંત પ્રમુખમાંથી તત્ત્વ શ્રવણરૂપ મધુર ઉદકનું સિચન થવાથી બીજ કે૦ સંસારની અનાશંસા, વિરક્તતા પ્રમુખ પ્રરોહ કે૦ અંકુરા પ્રગટ થાય. વળી ક્ષાર ઉદક સમાન ભવાભિનંદીપણાનો ત્યાગ થાય; તેમજ ગુરૂભક્તિનો અદ્રોહી થાય અર્થાત્ કરનારો થાય ॥૪॥

સૂક્ષ્મબોધ તોપણ ઈહાંજી॥ સમકિત વિણ નવિ હોય ॥
વેદ્ય સંવેદ્ય પદે કહ્યોજી ॥ તે ન અવેદ્યે જોય ॥મન૦૫॥

અર્થ—યદ્યપિ સૂક્ષ્મ બોધ આ દ્રષ્ટિમા નથી, કારણ કે ગ્રંથિભેદ થયા વિના સમ્યકત્વ થાય નહિ, અને સમ્યક્ત્વ વિના સૂક્ષ્મ બોધ હોય નહિ, સૂક્ષ્મ બોધ તે વેદ્ય સંવેદ્ય પદરૂપ સમ્યકત્વ તે આ દ્રષ્ટિમાં નથી. અહીં તો અવેદ્ય પદ કે૦ મિથ્યાત્વ છે. તેથી સૂક્ષ્મ બોધ નથી. તે સંબંધી વિસ્તાર યોગદ્રષ્ટિ સમુચ્ચય ગ્રંથમાં છે. અહી સંક્ષેપથી બતાવીએ છીએ

મિત્રાદિ ચાર દ્રષ્ટિ યદ્યપિ ક્રિયા પ્રમુખમાં સત્સંગતિ આદિ ગુણો તથા ધર્મનાં બીજનો સંગ્રહ કરે, પરંતુ એ ચારે દ્રષ્ટિ એ અવેદ્યપદ છે; અર્થાત્ સૂક્ષ્મ તત્વબોધ

નથી. જેમ પક્ષીની છાયા પાણીમા પડતાં પાણી પણ તેવીજ પ્રવૃત્તિ કરે, તેવી રીતે આ ચાર દ્રષ્ટિમાં પણ તેવીજ પ્રવૃત્તિ હોય, સૂક્ષ્મ તત્ત્વ બોધ ન હોય. તે અવેદ્યપદ તે અપદ છે. અવેદ્યપદ એટલે જ્યાં અંતર મુહુર્ત્ત પ્રમાણ માત્રમાં દર્શન મોહનીયનો ક્ષયોપશમરૂપ ગ્રથિભેદ કરે, એવું આત્માનું પંડિત વીર્ય સ્ફૂરે નહિ તે પદ સમજવું.

થિરાદિક ચાર દ્રષ્ટિમાં વેદ્ય સવેદ્ય પદ છે. વેદ્ય કે૦ જે સૂક્ષ્મ બોધ સમ્યગ્ વેદન છે, અર્થાત્ મિથ્યાત્વ ક્ષય છતા યદ્યપિ છેલી પાપ પ્રવૃત્તિ નરકાદિ ગમનરૂપ શ્રેણિકાદિકની પેઠે તપ્તલોહપદ સ્પર્શપ્રવૃત્તિ સરખી હોય, પરંતુ તે વેદ્ય સવેદ્ય-પદ સૂક્ષ્મ બોધ સહિત આત્મ પંડિત વીર્યનું સ્ફુરણ મિથ્યાત્વાદિકના ક્ષયથી હોય. ॥ ૫ ॥

વેદ્ય બંધ શિવ હેતુ છેજી ॥ સંવેદન તસ નાણ ॥
નયનિક્ષેપેં અતિ ભલુંજી ॥ વેદ્ય સંવેદ્ય પ્રમાણ ॥
મન૦ ॥ ૬ ॥

અર્થ—તેથી વેદ્ય પદનો બધ તે શિવ કે૦ મોક્ષનો હેતુ છે. સવેદન પદ તે તેનું જ્ઞાન છે, નૈગમાદિ સપ્તનય, નામાદિ ચાર નિક્ષેપા, સ્યાદસ્તિ આદિ સાત ભગ તથા ગમા એટલે સરખા પાઠ, ઇત્યાદિકથી અતિ નિર્મલ એવું વેદ્ય સવેદ્ય પદ પ્રમાણ છે. ॥ ૬ ॥

તે પદ ગ્રંથિ વિભેદથીજી ॥ છેહેલી પાપ પ્રવૃત્તિ ॥
તત્પલોહ પદ ધૃતિ સમીજી ॥ તિહાં હોય અંત નિવૃતિ
॥ મન૦ ૭ ॥

અર્થ—તે વેદ્ય સવેદ્ય પદ, દર્શનમોહ નાશથી ગ્રંથિભેદે ઉપજે, તેથી અનાદિની અતત્ત્વવાસના મટે. સંસારમાં છેલ્લી પાપ પ્રવૃત્તિ, તે અગ્નિનીએ તપ્ત એવા લોહ ઉપર પગ માંડવાના ધૈર્ય સમાન અનર્થની કરનારી એવી પાપ પ્રવૃત્તિ લાગે. અને એ પાપ પ્રવૃત્તિની પણ અહીં નિવૃત્તિ થાય. એ વેદ્ય સવેદ્ય પદનું લક્ષણ જાણવું. ॥૭॥

એહ થકી વિપરીત છેજી ॥ પદ તે અવેદ્ય સંવેદ્ય ॥
ભવાભિનંદી જીવનેજી ॥ ॥ તે હોય વજ્ર અભેદ્ય ॥
॥ મન૦ ૮ ॥

અર્થ—વેદ્ય સવેદ્ય પદથી વિપરીત લક્ષણવાળું પદ તે અવેદ્ય સવેદ્ય, તે છતા મિથ્યાત્વ હોય અને સૂક્ષ્મ બોધ ન હોય. આ ચાર દ્રષ્ટિમાં દર્શનમોહનીયનો ક્ષયોપશમ ગ્રથિભેદ ન હોય તેથી ભવાભિનદી કે૦ સસારનાં સુખમાં અતિશય રાચનારા પ્રાણીને અવેદ્ય સવેદ્ય પદ હોય. વજ્રના જેવુ એ અભેદ્ય છે અનાદિ કાળની છે. ॥ ૮ ॥

લોભી કૃપણ દયામણોજી ॥ માયી મચ્છર ઠાણ ॥

ભવાભિનંદી ભય ભર્યોજી ॥ અફલ આરંભ અયાણ॥
॥ મન૦ ૯ ॥

અર્થઃ—લોભી કે૦ સર્વત્ર યાચક, ધન છતાં અભોગી, કૃપણ કે૦ દ્રવ્યાદિક ન આપનાર, તુચ્છ પ્રકૃતિવાળો, દયામણો કે૦ સર્વનું અહિત ઇચ્છનાર, માયી કે૦ કપટી, ગુપ્ત સ્વાર્થ સાધક, મચ્છર કે૦ પરસુખે દુખી, ભવાભિનંદી, ભયભર્યો કે૦ સહુથી ભય પામતો રહેનાર અને અયાણ કે૦ અજ્ઞાન. આ આઠ દોષવાળા અર્થાત્ આ આઠ દોષ જેનામાં વિદ્યમાન છે તે પ્રાણી ધર્મનો આરંભ કરે, તે જો સત્ય હોય તોપણ કુશલા દેવીની પેઠે તેનું નિષ્ફળ થાય.॥૯॥

એવા અવગુણવંતનુંજી ॥ પદ છે અવેદ્ય કઠોર ॥
સાધુ સંગ આગમતણોજી ॥ તે જીત્યો ધુરંધોર ॥
॥ મન૦ ૧૦ ॥

અર્થ—પૂર્વોક્ત દોષવાળાને અવેદ્ય પદ કઠોર કે૦ બહુજ આકરૂં હોય છે, તેથી તે પ્રાણીને ગ્રંથિભેદ ન થાય ત્યાં સુધી તેને સૂક્ષ્મબોધ પણ ન થાય, પરંતુ સાધુને સંગ અને સિદ્ધાંતનું શ્રવણ, આ બે હેતુ મળવાથી તે ધુર કે૦ પ્રથમ ઘોર કે૦ મહામોહનીય ઉપર જય મેળવે.॥૧૦॥

તે જિતે સહજે ટળેજી ॥ વિષમ કુતર્ક પ્રકાર ॥

દૂર નિકટ હાથી હણેજી ॥ જેમ બે બઠર વિચાર
॥ મન૦ ૧૧ ॥

અર્થ —તે મોહનીયને જીતવાથી વિષમ કે૦ આકરા માઠા તત્ત્વના વિચારરૂપ કુતર્ક સેહેજે ટળી જાય. જેમ બે બઠર કે૦ અજ્ઞાની મૂર્ખ હતા, તેઓને હાથી ઉપર બેઠેલા માવતે કહ્યું કે તમે દૂર રહો, નહીં તો હાથી તમને મારી નાખશે, તે સાંભળી તે બંને બઠરે વિચાર કર્યો કે હાથી પ્રાપ્ત થયેલાને હણે છે કે અપ્રાપ્તને હણે છે ? જો પ્રાપ્તને હણે છે, તો માવતને હણે અને અપ્રાપ્તને હણે તો આવનારને હણે છે. એવો વિચાર કરે છે, તેટલામાં હાથી આવ્યો, અને તે બનેને હણી નાંખ્યા. આ કુતર્કવાળા વિચાર સહેજે ટળી જાય ॥ ૧૧ ॥

હું પામ્યો સંશય નહીંજી ॥ મૂરખ કરે એ વિચાર ॥
આળસુ આ ગુરૂ શિષ્યનોજી ॥ તે તો વચન પ્રકાર ॥
॥ મન૦ ૧૨ ॥

અર્થ —હુ તત્ત્વજ્ઞાન પામ્યો છુ, તેમાં કાંઇ સંશય નથી, એવા વિચાર મૂર્ખ હોય તે કરે. જેમ આળસુ ગુરૂ અને આળસુ શિષ્ય બનેને પરસ્પર અનેક વચનના વાદ થતાં સ્વાધ્યાયમા આવી શકયા નહી, તેની પેઠે તે બાબત સમજવી. ॥ ૧૨ ॥

ધીજે તે પતિ આવવુંજી ॥ આપમતે અનુમાન ॥
આગમને અનુમાનથીજી ॥ સાચું લહે સુજ્ઞાન ॥
॥ મન૦ ૧૩ ॥

અર્થ—તેથી જે પ્રાણી ધી કે૦ પોતાની બુદ્ધિએ પતિ આવવું કે૦ પ્રત્યય ઉપજાવે, અર્થાત્ પોતાના અનુમાન પ્રમાણે પોતાની મતિપૂર્વક નિશ્ચય કરે તે કાંઈપણ તત્ત્વ ન પામે; અને જે આગમ પ્રમાણથી પ્રવીણ ગુરૂના અભિપ્રાય પ્રમાણે પ્રત્યય ઉપજાવે કે૦ નિશ્ચય કરે, તેજ સાચું સુજ્ઞાન કે૦ ઉત્તમ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરે. ॥ ૧૩ ॥

નહી સર્વજ્ઞ જુજુઆજી ॥ તેહના જે વળી દાસ ॥
ભગતિ દેવની પણ કહીજી ॥ ચિત્ર અચિત્ર પ્રકાશ ॥
॥ મન૦ ૧૪ ॥

અર્થ—વળી તે વિચાર કરે કે સર્વજ્ઞ વીતરાગ દેવ જુદા જુદા હોતા નથી, તેઓ અવિતથ્યવાદી છે. તેમના જેઓ દાસ કે૦ સર્વજ્ઞ શાસનના આરાધનારા, તેઓને તે તે દેવની ભક્તિ પણ કહી છે. તેમા એક ચિત્રભક્તિ બીજી અચિત્રભક્તિ એમ બનેના પણ અનેક પ્રકાર છે. ॥૧૪॥

દેવ સંસારી અનેક છેજી ॥ તેહની ભક્તિ વિચિત્ર ॥
એક રાગપર દ્વેષથીજી ॥ એક મુગતિની અચિત્ર ॥
॥ મન૦ ૧૫ ॥

અર્થ:—જે વિતરાગ ભાવ પામ્યા નથી અને સંસારમાં દેવ નામ ધરાવે છે, એવા અનેક દેવો છે, અને તેમની ભક્તિ વિચિત્ર કે૦ અનેક પ્રકારની છે. એક રાગથી ભક્તિ, બીજી દ્વેષથી ભક્તિ; તેવી સર્વ વિચિત્ર ભક્તિ સમજવી અને એક કેવલ વીતરાગની ભકિત તે મુક્તિ નિમિત્ત હોય અને તે અચિત્ર ભકિત કહેવાય. ॥ ૧૫ ॥

ઇંદ્રિયાર્થગત બુદ્ધિ છેજી ॥ જ્ઞાન છે આગમ હેત ॥
અસંમોહ શુભ કૃતિ ગુણેજી ॥ તેણે ફલ ભેદ સંકેત ॥
॥ મન૦ ૧૬ ॥

અર્થ:—એ રીતે ભકિત બે પ્રકારની છે. તેના ફલ ભેદ અનેક તરેહના છે. જેમકે કોઇ પ્રાણીની બુદ્ધિ ઇંદ્રિયના વિષયોમાંજ પહોંચે છે, કોઇની બુદ્ધિ જ્ઞાનપ્રાપ્તિ માટે આગમમાં પ્રવેશ કરવા નિમિત્તે થાય છે, કોઇને અસમોહ પણ થાય છે અને તેથી તે શુભ કૃતિરૂપ ગુણો પ્રાપ્ત કરે છે. એવા અનેક પ્રકારે ફલભેદના પણ બહુ સંકેતો છે ॥૧૬॥

આદર કિરિઆ રીત ઘણીજી ॥ વિઘન ટળે મિલે લચ્છિ
જિજ્ઞાસા બુદ્ધ સેવનાજી ॥ શુભ કૃતિ ચિન્હ પ્રત્યચ્છિ
॥ મન૦ ૧૭ ॥

અર્થ:—શુભકૃતિ ગુણોનું સ્વરુપ કહે છે. વિધિપૂર્વક ક્રિયામાં અત્યંત પ્રીતિ ઉપજે, શુદ્ધ ક્રિયામાં અતિ ઉ-

યોગ હોય, હર્ષ પણ ઘણો હોય. તેવાં વર્તનથી કર્માવરણનાં વિઘ્નો ટળે અને અક્ષય ભાવી મોક્ષરૂપ લક્ષ્મી મળે. વળી તત્વજ્ઞાન જાણવાની જિજ્ઞાસા થાય, બુદ્ધ કે૦ જ્ઞાની પુરૂષના ચરણની સેવા કરવાની ઇચ્છા થાય, ઈત્યાદિ શુભ કૃતિનાં ચિન્હો પ્રત્યક્ષ જાણવાં. ॥ ૧૭ ॥

બુદ્ધિ ક્રિયા ભવફલ દીએજી॥ જ્ઞાન ક્રિયા શિવ અંગ
અસંમોહ કિરિઆ દિયેજી ॥ શીઘ્ર મુગતિફલ ચંગ ॥
॥ મન૦ ૧૮ ॥

અર્થ —તેનાં ફળ કહે છે. ઇંદ્રિયાર્થગત બુદ્ધિવાળી ક્રિયા ભવ કે૦ સંસાર ફળ આપે છે. જ્ઞાનક્રિયા મોક્ષનું અંગ છે. તે જ્ઞાનપૂર્વક અસમોહ ક્રિયારૂપ ચારિત્ર શીઘ્ર કે૦ તત્કાલ ચગ કે૦ મનોહર મુકિતના ફલ આપે છે. ॥૧૮॥

यतः-ज्ञानस्य फलं विरति विरति फलं संवरो वोधः ॥
संवरफलं क्रिया निवृत्तिः क्रिया निवृत्तेरयोगित्वं ॥

પુદ્ગલ રચના કારમીજી॥ તિહાં જસ ચિત્ત ન લીન॥
એક માર્ગ તે શિવતણોજી ॥ ભેદ લહે જગદીન ॥
॥ મન૦ ૧૯ ॥

અર્થ—જ્યાં સમસ્ત પુદ્ગલ રચના કારમી કે૦ નિર્માલ્ય જાણી અર્થાત્ ભવનાટકને બાલકે કરેલા ધુલિગ્રહ જેવી અસાર જાણી, તેમાં જેનું ચિત્ત લાગે નહિ અર્થાત

આસક્ત ન થાય, તેજ એક મોક્ષનો માર્ગ છે. તે માર્ગમાં જે પ્રાણી ભેદ માને તે પ્રાણી જગત્માં દીન કે૦ દુઃખી જાણવો.

શિષ્ય ભણી જિનદેશનાજી, કહે જનપરિણતિ ભિન્ન॥
કહે મુનિની નય દેશનાજી, પરમાર્થથી અભિન્ન ॥
॥ મન૦ ૨૦ ॥

અર્થ—વીતરાગની દેશના, ગણધર પ્રમુખ શિષ્ય તથા તીર્થ સ્થાપનાદિ કાર્ય માટે હોય છે. તે દેશના સર્વ મનુષ્ય સાભળે, સાંભળનારાની પરિણતિ પણ ભિન્ન ભિન્ન હોય, મુનિરાજની દેશના પણ નયે નયે ભિન્ન ભિન્ન હોય, દેશના આપનારની પરિણતિ પણ ભિન્ન ભિન્ન હોય, પરંતુ તેઓ સર્વે પરમાર્થે, સ્યાદ્વાદ મુદ્રાએ અભિન્ન જાણવા ॥૨૦॥

શબ્દ ભેદ ઝઘડો કિસ્યોજી ॥ પરમારથ જો એક ॥
કહો ગંગા કહો સુર નદીજી ॥ વસ્તુ ફરે નહીં છેક ॥
॥ મન૦ ૨૧ ॥

અર્થ—શબ્દભેદમાં પણ કાંઇપણ ઝઘડો કે૦ વિવાદ નથી જો પરમાર્થ એક હોય તો વાદ શેનો હોય? જેમ કોઇ ગંગાને સુર નદી કહે, કોઇ જાન્હવી કહે, તેમ જુદા પર્યાય નામથી કાંઈ વસ્તુમા જરાપણ ફેર પડે નહી. ॥૨૧॥

ધર્મ ક્ષમાદિક પણ મટેજી ॥ પ્રગટે ધર્મ સન્યાસ ॥

તો ઝઘડા મોટા તણોજી ॥ મુનિને કવણ અભ્યાસ ॥
॥ મન૦ ૨૨ ॥

અર્થ —આ દ્રષ્ટિમાં ક્ષમાદિ ધર્મ મટે અને માત્ર ધર્મ-સન્યાસ પ્રગટે. ધર્મ સન્યાસ સામગ્રી તે દ્રવ્યયોગનુંજ ઘર છે. તે અસઠ પંડિત તથા અમાયીનેજ હોય અને એવા મુનિને ઝઘડા પ્રમુખનો અભ્યાસ નજ હોય. ॥ ૨૨ ॥

અભિનિવેશ સઘળો ત્યજીજી ॥ ચાર લહી જેણે દ્રષ્ટિ ॥
તે લેશે હવે પંચમીજી ॥ સુયશ અમૃત ઘનવૃષ્ટિ ॥
॥ મન૦ ૨૩ ॥

અર્થ —અભિનિવેશ કે૦ કદાગ્રહ, માત્સર્ય ઇત્યાદિ સર્વ દોષ તજીને જેણે પૂર્વોક્ત ચાર દ્રષ્ટિઓ પ્રાપ્ત કરી તે પ્રાણી પાચમી થિરાદ્રષ્ટિ પામે. તે દ્રષ્ટિ કેવી છે? સર્વ દિશાએ પ્રવર્ત્તનારા ઉત્તમ યશરૂપ અમૃતને વધારવાને ઘન કે૦ મેઘની વૃષ્ટિ સમાન છે. ગૌતમસ્વામીના પન્નરસે તાપસના પારણાની પેઠે વૃદ્ધિ કરનાર છે. આ ચાર દ્રષ્ટિમાં ગ્રંથિભેદ નહીં પરંતુ સત્સંગતિ અને સદાચાર પ્રવૃત્તિ હોય. ॥ ઇતિ દીપ્રા દ્રષ્ટિ વિચાર. ॥ ૨૩ ॥

ઢાળ પાંચમી.

(ધન ધન સંપ્રતિ સાચો રાજા) એ દેશી.

દ્રષ્ટિ થિરા માંહે દર્શન નિત્યે, રતન પ્રભાસમ જાણોરે;
ભ્રાંતિ નહિ વળી બોધ તે સુક્ષમ, પ્રત્યાહાર વખાણોરે. ૧

એ ગુણ વીરતણો ન વિસારૂં, સંભારૂં દિન રાતરે;
પશુ ટાળી સુરરૂપ કરે જે, સમકિતને અવદાતરે. એ ગુણ૦ ૨

અર્થ—હવે પાંચમી થિરાદ્રષ્ટિ કહે છે. થિરાદ્રષ્ટિમાં ગ્રંથિભેદ થવાથી સમ્યગ્દર્શન નિત્ય હોય. બોધ તે રત્નની કાન્તિ સમાન હોય. ભ્રાન્તિ લેશમાત્ર ન હોય. તત્વાર્થ રૂપ સૂક્ષ્મબોધનું યથાર્થ જ્ઞાન હોય, અજ્ઞાન અને મિથ્યાત્વના પુદ્ગલો ન છેદાતા હોય તે છેદાય. સરળ બુદ્ધિ હોય, સર્વ ઇંદ્રિયાર્થ વિષયોના રૂંધનરૂપ પ્રત્યાહાર પ્રગટ થાય. ૧ આવો મોટો શ્રી મહાવીરસ્વામીનો ગુણ હું ચિત્તથી વિસારૂં નહીં, દિનરાત નિરંતર સંભારૂં. કારણકે મારા ઇંદ્રિયાર્થ ગુણો વિષયાર્થે હતા, પશુ પ્રાયે હતા, તેને ટાળીને સુરરૂપ કે૦ તત્ત્વબોધવંત કર્યા. દર્શનમોહના વિનાશથી સમ્યક્ત્વ ગુણ પ્રગટ થયો. ॥ ૨ ॥

બાલ ધુલિ ઘર લીલા સરખી, ભવચેષ્ટા ઈહાં ભાસેરે;
રિદ્ધિ સિદ્ધિ સવિ ઘટમાં પેસે, અષ્ટમહાસિદ્ધિ પાસેરે. એ ગુણ૦ ૩

અર્થ—જેમ બાળકોએ કરેલી ધુલિના ગૃહની લીલા પરમાર્થે ગૃહરૂપ સત્ય નથી, તેમ આ દ્રષ્ટિમાં વર્તતા પ્રાણીને સંસારની સર્વ ચેષ્ટા, પુદ્ગલ વિલાસ તેવાજ ભાસે છે, અર્થાત્ સત્ય લાગતા નથી. આવી રીતે સંસારની અનિત્યતા જાણવાથી અંતરંગની સર્વ સિદ્ધિ તેના ઘટમાંજ પ્રગટ થાય. સંતોષરૂપ મહાસુખોત્પાદક ગુણ પ્રગટે, અષ્ટમહાસિદ્ધિ તેની પાસેજ રહે. સમસ્ત લબ્ધિની સિદ્ધિ તે યોગરૂપ કલ્પવૃક્ષનાં કુસુમ છે એમ માને. ॥ ૩ ॥

અહીં અષ્ટમહાસિદ્ધિનું વર્ણન કરે છે. ૧ મહિમા કે૦ શરીરાદિકને મેરૂપર્વત કરતાં પણ મોટા કરવાની શકિત. ૨ લધિમા કે૦ શરીરાદિકને વાયુ કરતાં પણ લઘુ કરવાની શકિત. ૩ ગરિમા કે૦ તેઓને વજ્રથકી પણ અત્યંત ભારે કરવાની શકિત. ૪ પ્રાપ્તિ કે૦ ભૂમિએ રહ્યા છતાં અંગુલને મેરૂના શિખરે પહોંચાડવાની શકિત. ૫ પ્રાકામ્ય કે૦ પાણીને વિષે પણ પૃથ્વીની પેઠે ગમનાદિ કરવાની શકિત. ૬ ઇશિતા કે૦ ત્રૈલોક્ય રિદ્ધિ કરણ તથા તીર્થેશ્વરાદિ રિદ્ધિ વિકુર્વણશકિત. ૭ વશિતા કે૦ સર્વ જીવને વશ કરવાની શકિત ૮ અપ્રતિઘાત કે૦ પર્વતમાં પણ પ્રવેશ કરવાની

શક્તિ. વળી તે ઉપરાંત અંતર્ધ્યાન, અદૃશ્યકરણ, નાનારૂપ કરણ ઇત્યાદિ અનેક ચમત્કારિક શક્તિ પ્રગટ થાય.

વિષય વિકારે ન ઇંદ્રિય જોડે, તે ઇહાં પ્રત્યાહારોરે;
કેવળ જ્યોતિ તે તત્વ પ્રકાશે, શેષ ઉપાય અસારોરે,
એ ગુણ. ૪

અર્થ—શબ્દાદિ ત્રેવીશ વિષયના બસેબાવન વિકારોમાં ઇદ્રિયોને જોડે નહીં, અર્થાત્ આશક્ત ન કરે, તે રૂપ જે પ્રત્યાહાર ગુણ તે આ દૃષ્ટિમા ઉપજે. તે પ્રાણીની જ્યોતિમાત્ર તત્ત્વ રહસ્યનેજ પ્રકાશ કરે, અર્થાત્ તે તત્વજ્ઞાનનેજ સારરૂપ માને અને સંસારના બીજા સર્વ ઉપાય કે૦ પ્રપંચને અસાર માને. ॥ ૪ ॥

શીતળ ચંદનથી પણ ઉપન્યો, અગ્નિ દહે જેમ વનનેરે;
ધર્મજનિત પણ ભોગ ઇહાં તેમ, લાગે અનિષ્ટ તે
મનનેરે. એ ગુણ. ૫

અર્થ—તે ઉપર દૃષ્ટાંત કહે છે. જેમ બાવનાચંદન અત્યંત શીતળ છતાં તેમાંથી ઉત્પન્ન થયેલો અગ્નિ વનના સર્વ વૃક્ષને બાળે છે, તેમ ન્યાયસંપન્ન વૈભવથી તથા એકપત્નીવ્રતાદિકથી ગૃહસ્થ ધર્મની સેવના કરે છે, તોપણ તે પ્રાણીને તે ભોગાદિકની સેવના મનમા અનિષ્ટ લાગે, અવસર પ્રાપ્ત થતાં ભોગાદિકનો ત્યાગ કરવામાં લેશમાત્ર

વાર લગાડે નહીં, ગૃહસ્થાવાસને પાશ સમાન માને. ॥ ૫ ॥

અંશે હોય ઈંહાં અવિનાશી, પુદ્ગલ જાળ તમાસીરે;
ચિદાનંદ ઘન સુયશ વિલાસી, કેમ હોય જગનો આ-
શીરે. એ ગુણ. ૬

અર્થ—આ દ્રષ્ટિમાં અંશે કે૦ થોડે ભાગે અવિનાશી થાય. જેમ જેમ આશ્રવના હેતુ ન્યૂન થાય, તેમ તેમ આત્મા નિરાવર્ણી થાય. પુદ્ગલની સર્વ રચનાને બાજીગરની બાજી જેવી જાણે, તે પ્રાણી જ્ઞાનનો જે આનંદ તેના સમૂહને પ્રાપ્ત કરાવનારો ઉત્તમ યશ તેના વિલાસમા રમણતા કરનારો થાય, અને તેથી ત્રણભુવનરૂપ જગત્માં કોઇપણ વસ્તુની તેને આશા ન હોય; માત્ર સહજ સ્વરૂપનો વિલાસી હોય. ॥ ૫ ॥

દર્શનમોહનીના ક્ષયોપશમે વા ઉપશમે આ દ્રષ્ટિ હોય.

ઢાળ છઠ્ઠી.

(ભોલીડા હંસારે વિષય ન રાચીયે)—એ દેશી.

અચપલ રોગ રહિત નિઠુર નહિ, અલ્પ હોય દોય નીતિ;
ગંધ તે સારોરે કાન્તિ પ્રસન્નતા, સુસ્વર પ્રથમ પ્રવૃત્તિ.
॥ ધન ધન સાસન શ્રી જીનવરતણું. ૧ ॥

અર્થ—વળી તે પ્રાણી ઇંદ્રિયાર્થના ચપળપણા રહિત હોય. સમ્યકત્વથી તેનું ચિત્ત સ્થિર હોય. વળી રોગ રહિત શરીર હોય, તેનું હૃદય કઠણ ન હોય, પરંતુ કોમળ હોય. લઘુનીતિ તથા વડીનીતિ બને શરીરમાં અલ્પ હોય, શરીરનો મેલ સુરભિવત હોય, શરીરની કાન્તિ પણ સુંદર હોય, વચન પણ પ્રસન્નતાવાળાં હોય, મધુર સ્વર હોય. એ પ્રમાણે આ દ્રષ્ટિમાં પ્રવર્તન હોય. ૧ એવું શ્રી વીતરાગનું શાસન કે૦ આજ્ઞારૂપ પ્રવચન તે ધન્ય કે૦ પ્રસંશનીય છે.

ધીર પ્રભાવીરે આગલેં યોગથી, મિત્રાદિક યુત ચિત્તઃ
લાભ ઇષ્ટનોરે દ્વંદ અધૃષ્યતા, જન પ્રિયતા હોય નિત્ય. ॥ ધન. ૨ ॥

અર્થ—આગલે કાળેં યોગથી ધૈર્યતાના ગુણ વિશેષ રીતે ભાવે. જેમ અપ્રમત્તતા વધે તેમ યોગ થાય. ૧. મૈત્રી, ૨. પ્રમોદ, ૩. કારૂણ્ય, ૪. માધ્યસ્થ; આ ચાર ભાવના યુકત ચિત્ત થાય. ઇષ્ટ જે જ્ઞાનાદિ તેનો લાભ થાય. દ્વદ્વ અધૃષ્ટતા કે૦ એકત્વપણું, અસહાયીપણું વાંછે. જનપ્રિય કે૦ લોકપ્રિયપણું નિરંતર હોય. મૈત્રી પ્રમુખ ચાર ભાવના ધર્મધ્યાનની પુષ્ટિ કરે છે. યદ્યપિ ધ્યાનની એકાગ્રતા મુહુર્ત્ત માત્ર હોય છે, પરંતુ ધ્યાનની ભાવના બહુ કાળ સુધી રહે છે. વળી બહુ કાળ

સુધી જ્ઞાનનું ચિંતવન તે પણ ધર્મધ્યાન કહેવાય. તેથી મૈત્રી પ્રમુખ ભાવના તે ધર્મધ્યાનનું રસાયણ છે. જેમ રસાયણથી જર્જરિત શરીર દ્રઢ થાય તેમ ભાવનારૂપ રસાયણથી ધ્યાન દ્રઢ થાય. ભાવનાનુ વિશેષ સ્વરૂપ ભવભાવના ગ્રંથ તથા યોગશાસ્ત્ર પ્રમુખ ગ્રંથથી જાણવું ॥ ૨ ॥

નાશ દોષનોરે તૃપતિ પરમ લહે, સમતા ઉચિત સંયોગ;
નાશ વયરનોરે બુદ્ધિ શતંભરા, એ નિષ્પન્નહ યોગ.
॥ ધન. ૩ ॥

અર્થઃ—ક્ષુદ્રાદિ આઠ દોષ તથા રાગ, દ્વેષ, કામ, ક્રોધ, મદ, હર્ષ, તેનો નાશ કરે. વળી અતત્ત્વ બુદ્ધિને તજવાથી, પ્રકૃષ્ટ રૂચિમાર્ગે, તત્ત્વશ્રદ્ધાનાદિકમાં તૃપ્તિ પામે. કૃતાપરાધજન ઉપર પણ ક્રોધની મંદતા હોય અને તેનું પ્રતિકુલ ન ચિંતવે, સમતાભાવ હોય. તત્ત્વમાર્ગ રૂપ ધર્મવ્યાપારનો સંયોગી હોય. વૈર વિરોધનો નાશ કરનાર હોય, પાપ પ્રવૃત્તિ થઇ જતા પશ્ચાતાપ કરે. તેની બુદ્ધિ એવી હોય કે શતંભરા કે૦ સેંકડો મનુષ્યોની આજીવિકાને લાભકારી હોય, ઈત્યાદિ યોગ આઠ દોષ ગયાથી સ્વભાવિક રીતે ઉપજે. ॥ ૩ ॥

ચિન્હ યોગનારે જે પરગ્રંથમાં, યોગાચાર યદિઠ;
પંચમ દ્રષ્ટિ થકી તે જોડીએ, એહવા તેહ ગરિઠ.
॥ ધન. ૪ ॥

અર્થ —વળી યોગના ચિન્હ કેં૦ લક્ષણો બ્રહ્મચર્યાદિ કૃતપ્રતિજ્ઞા, નિર્વાહ, અપાય, નિરાકરણાદિ જે પાતંજલાદિ યોગાચાર્યે સર્વાગે દીઠા છે, તે સર્વ પંચમ દ્રષ્ટિમાં હોય, અર્થાત્ પૂર્વની ચાર દ્રષ્ટિથી અધિક ગુણેયુક્ત ગરિષ્ટ બુદ્ધિ હોય. તેજ કારણથી મોહનો ક્ષયોપશમ જે ગ્રંથિભેદ તે અહીં કહ્યો છે. ઇતિ થિરા દ્રષ્ટિ વિચાર. ॥ ૪ ॥

છઠ્ઠી દિઠિરે હવે કાંતા કહું, તિહાં તારા ભ પ્રકાશઃ
તત્વ મિમાંસારે દ્રઢ હોયે ધારણા, નહી અન્ય શ્રુત
॥ વાસ. ધન. ૫ ॥

અર્થ —હવે છઠી કાતા નામા દ્રષ્ટિ કહીયે છીએ આ દ્રષ્ટિમાં આકાશના તારા સરખો તત્ત્વજ્ઞાનનો પ્રકાશ હોય. જેમ તારાનો અભાવ થતો નથી, તેમ તે જ્ઞાનનો અભાવ થતો નથી. તત્ત્વનીજ વિચારણા હોય. તત્વ ઉપર દ્રઢ કે૦ નિબિડ ધારણા હોય, મિથ્યાત્વપ્રણીત શ્રુતશાસ્ત્રની લેશ માત્ર વાસના ન હોય. ॥ ૫ ॥

મન મહિલાનુંરે વાહલા ઉપરે, બીજાં કામ કરંત;
તેમ શ્રુત ધર્મેરે એહમાં મન ધરે, જ્ઞાના ક્ષેપકવંત.
॥ ધન. ૧ ॥

અર્થ —જેમ પતિવ્રતા સ્ત્રીનું મન પોતાના વહાલા સ્વામી ઉપર, બીજા સર્વ કામ ઘરનાં કરતાં છતા જોડાયેલુંજ

હોય, તેમ કાંતા દ્રષ્ટિવાળો પ્રાણી જોકે સંસારમાં રહ્યો થકો સર્વ કાર્ય કરે, તોપણ તેનું મન તો અર્હત્ પ્રણીત ધર્મ-માંજ જોડાયેલું હોય. સસારના કાર્યો ઉપર આસક્તિ ન હોય અને તે સમ્યગ્ જ્ઞાનનોજ આક્ષેપક કે૦ આદરવા-વાળો હોય ॥ ૬ ॥

એહવે જ્ઞાનેરે વિઘન નિવારણા, ભોગ નહિ ભવહેત;
નવી ગુણ દોષ ન વિષય સ્વરૂપથી, મન ગુણ અવ-
॥ ગુણ ખેત. ધન. ૭ ॥

અર્થ—એવા જ્ઞાનથી ધર્મના વિઘ્નકારક કારણોનું નિવારણ કરે. વળી અભયકુમારની પેઠે પરને શાસન પ્રભા-વનાદિ કારણો મેળવી આપે તે પ્રાણી યદ્યપિ ભોગાદિ ભોગવે છે તથાપિ તે તેને સંસારના હેતુ થતાં નથી. કારણ કે તે પ્રાણીની નિરતર એવી વિચારણા હોય છે કે સસા-રના વિષયો ગુણરૂપ નથી, તેમ દોષરૂપ પણ નથી, વળી તે વિષયાદિકને વિષે મન જોડવું તે અવગુણનું ક્ષેત્ર છે, એમ જાણી તેના મનને પરાવેજ નહીં. ॥ ૭ ॥

માયા પાણીરે જાણી તેહને, લંઘી જાય અડોલ;
સાચું જાણીરે તે બીતો રહે, ન ચલે ડામાડોલ.
॥ ધન. ૮ ॥

અર્થ—તે પ્રાણી માયારૂપ પાણીના વિવિધ તરગના

વિલાસ દેખીને તે માયાને ઓલંઘી જાય, અર્થાત્ તેમાં પ્રવેશ કરે નહી. વલી સમ્યગ્ જ્ઞાન તથા શ્રદ્ધાએ તે પ્રાણી અડોલ હોવાથી ભવપ્રપંચમા ફસાતો નથી. આત્મસ્વરૂપનું જ્ઞાન સાચું થવાથી ભવપ્રપંચથી બીતો રહે. સંસારમાં અવિદ્યાના માયાયુક્ત પ્રપંચોથી ક્ષોભ પામે નહીં. અંબડ પરિવ્રાજક અને સુલસાના દ્રષ્ટાંતની પેઠે ચળે નહીં. ॥ ૮ ॥

ભોગતત્વનેરે એમ ભય નવિ ટળે, જુઠા જાણેરે ભોગ;
તે એ દ્રષ્ટિરે ભવસાયર તરે, લહે વળી સુયશ સંયોગ. ॥ ધન. ૯ ॥

અર્થ —જે સંસારના ભોગને તાત્વિક જાણે તેને સંસારનો ભય ટળે નહીં, એવો દ્રઢ નિશ્ચય થવાથી ઇંદ્રિયોના ભોગને જુઠા કે૦ માઠા જાણે છે. એવા સંસારના ભોગથી પ્રપંચ વધે છે. પરંતુ મોક્ષપંથ મળતો નથી, એવું જે પ્રાણી જાણે છે તે પ્રાણી આ દ્રષ્ટિમાં વર્તતોથકો ભવસમુદ્રનો પાર પામે, અર્થાત્ કર્મરહિત થઇ, સુયશ મેળવી આત્માના અક્ષય સુખના વિલાસનો સંયોગ પ્રાપ્ત કરે. ઇતિ છઠી કાંતા દ્રષ્ટિવિચાર ॥ ૯ ॥

॥ ઢાળ સાતમી. ॥

(એ છિંડી કિહાં રાખી)—એ દેશી.

અર્ક પ્રભાસમ બોધ પ્રભામાં, ધ્યાન પ્રીયાએ દિઠી;
તત્વતણી પ્રતિપત્તિ ઇહાં વળી, રોગ નહી સુખપુઠીરે.
॥ ભવિકા વીર વચન ચિત્ત ધરીએ. ૧ ॥

અર્થ.—હવે પ્રભા નામા સાતમી દ્રષ્ટિ કહીએ છીએ. આ દ્રષ્ટિમાં બોધનો પ્રકાશ સૂર્યની પ્રભા સરખો હોય, અર્થાત્ અર્ક પ્રભા કે૦ સૂર્યનો પ્રકાશ જેમ અંધકારનો નાશ કરે, તેમ આ દ્રષ્ટિવંત પ્રાણી અજ્ઞાનનો નાશ કરે પ્રશાંતવાહિતાદિ ગુણો જે કાયરોને દુર્ધર છે, તે આ દ્રષ્ટિવંતને હોય છે. આ દ્રષ્ટિમાં ધ્યાન પ્રિય હોય. આ દ્રષ્ટિ ધ્યાન પ્રિયા હોવાથી તે પ્રાણી ધ્યાનમાંજ વર્ત્તતો રહે. તત્ત્વની પ્રતિપત્તિ કે૦ ચારિત્રાદિક રત્નત્રયની આદરણા હોય. બાહ્ય અભ્યંતરના શરીરના રોગ, ઉપાધિ કે અસમાધિ તેને ન હોય અને સુખની પુષ્ટિ હોય. અહો ભવ્યો! એવા શ્રી વીરપ્રભુના વચનને મનમાં તત્વપણે ગ્રહણ કરો. ॥ ૧ ॥

સઘળું પરવશ તે દુઃખલક્ષણ, નિજવશ તે સુખ લહીએ;
એ દ્રષ્ટે આતમગુણ પ્રગટે, કહો સુખ તે કુણ કહિએરે. ॥ ભવિ. ૨ ॥

અર્થ —જે પરપુદ્દગલાદિકને વશ વર્તીપણું તેજ દુખનું લક્ષણ છે. અને પોતાના આત્મસ્વભાવમાજ વર્તવું તે સુખનુ લક્ષણ છે. એવી રીતે આ દ્રષ્ટિમાં આત્મગુણથી પરમાનંદ સુખ પ્રગટ થાય, તે સુખનાં સ્વરૂપને જ્ઞાની વિના બીજો કોણ કહી શકે ? અર્થાત્ બીજાથી કહી શકાય નહી. ॥ ૨ ॥

નાગર સુખ પામર નવ જાણે, વલ્લભ સુખ ન કુમારી;
અનુભવ વણ તેમ ધ્યાનતણું સુખ, કોણ જાણે નર નારીરે. ॥ ભવિ. ૩ ॥

અર્થ —જેમ નગરના રહેનારા ચતુર પુરૂષોના સુખનો વિલાસ ગામડાનો રહેનાર પામર કે ગરીબ જાણી શકે નહીં, તથા જેમ કુંવારી કન્યા સુદર ભર્ત્તારયુક્ત વલ્લભાના સુખને જાણી શકે નહીં, તેમ આત્માના અનુભવજ્ઞાન વિના ધ્યાનનુ સુખ બહિરાત્મા એવા સ્ત્રી અથવા પુરૂષ કોણ જાણી શકે ? અર્થાત જાણી શકે નહીં. ॥ ૩ ॥

એહ દ્રષ્ટિમાં નિર્મળ બોધે, ધ્યાન સદા હોય સાચું;
દુષણ રહિત નિરંતર જ્યોતિ, રતન તે દીપે જાચુંરે. ॥ ભવિ. ૪ ॥

અર્થ —આ દ્રષ્ટિવત પ્રાણીને નિર્મળ બોધનો પ્રકાશ થવાથી નિરતર ધર્મધ્યાન તથા શુકલધ્યાન સાચાંજ હોય. ધ્યાનનો વિચાર, આવશ્યક નિર્યુક્તિ તથા ધ્યાન શતકની

વૃત્તિથી અવધારવો. જેમ દૂષણ રહિત, નિર્મળ જાત્યરત રત્નની જ્યોતિ નિરંતર વિશેષ પ્રકાશ આપે તેમ ધ્યાન-માં લીન પ્રાણી કર્મઉપાધિને અભાવે વિશેષપણે આત્મપ્ર-કાશથી દીપે. ૪

વિષ ભાગ ક્ષય, શાંત વાહિતા, શિવમારગ ધ્રુવનામ; કહે અસંગ ક્રિયા ઇહાં યોગી, વિમલ સુયશ પરિણા-મરે. ॥ ભવિ. ૫ ॥

અર્થ—આ દ્રષ્ટિનુ લક્ષણ કહે છે. વિષ ભાગ કે૦ ‘ રાગ દ્વેષ, અહકૃતિ ઢાયેચ્છાદિકના ક્ષયથી મોક્ષ ” એવો બૌદ્ધનો મત છે. “ અપરાધી ઉપર પ્રશાંત વાહિતા કે૦ નિરંતર શાતપણું તે મોક્ષ ” એવો સાંખ્યનો મત છે. “ જ્યાં ઉત્પાદ કે વિનાશ નહી અને જે ધ્રુવ હોય તે મોક્ષ ” એમ જૈમિનીયનો મત છે; અને આ દ્રષ્ટિવંત એ સર્વ પદાર્થ અસગ ભાવથી અલિપ્ત ક્રિયાયુકત ઉત્તમ યશરૂપ આત્મગુણના પરિણામ સહિત કર્મોપાધિ રહિત-પણે શુદ્ધ તે મોક્ષ એવા પરિણામવાળો હોય છે. ॥ ૫ ॥

ઇતિ સાતમી પ્રભા દ્રષ્ટિ વિચાર

ઢાળ આઠમી.

(તુજ સાથે નહિ બોલું મારા વહાલા)—એ દેશી.

દ્રષ્ટિ આઠમી સાર સમાધિ, નામ પરા તસ જાણુંજી,
આપ સ્વભાવે પ્રવૃત્તિ પુરણ, શશિસમ બોધ વખાણુંજી;
નિરતિ ચાર પદ એહમાં યોગી, કહીયે નહી અતિચારીજી,
આરોહે આરૂઢે ગિરિને, તેમ એહની ગતિ ન્યારીજી. ૧

અર્થ—ભવ્યલોકના આત્મસ્વભાવ જ્યાં અક્ષયપણે વર્ત્તે છે, એવી આઠમી દ્રષ્ટિ સાર કે૦ પ્રધાન આત્મ સમાધિરૂપ છે, તેનું નામ પરા છે. આ દ્રષ્ટિમાં પોતાના આત્મસ્વભાવમાં પૂર્ણ પ્રવર્ત્તન હોય. વળી બોધ પ્રકાશ, સંપૂર્ણ ચંદ્રમા સરખો નિર્મળ પ્રશાંતવાહિતાદિ ગુણયુક્ત હોય. આ દ્રષ્ટિમાં પ્રવર્ત્તતો યોગી નિરતિચારપદે પ્રવર્ત્તે, કોઇપણ વખત અતિચારપદમા વર્ત્તે નહીં. ૧. અતિક્રમ, ૨. વ્યતિક્રમ, ૩ અતિચાર, આત્રા ત્રણે દોષના પ્રકારમાં આવે નહીં, તો પછી અનાચારની પ્રવૃત્તિ હોયજ કયાથી? જેમ મુનિરાજ ઉપશમ, ક્ષપક શ્રેણિરૂપ ગિરિ કે૦ પર્વત ઉપર આરોહે કે૦ ચઢે, તેમ અહીં પરિણામધારાએ આત્માના પંડિતવીર્યના વિલાસે તે પણ ગુણશ્રેણિને આરૂઢે કે૦ આરોહે. માટે તેની ગતિ તે ભવગતિથી ન્યારી છે. ॥ ૧ ॥

ચંદન ગંધ સમાન ક્ષિમા ઇહાં, વાસકને, નગવેષેજી,
આસંગે વરજિત વળી એહમાં,કિરિયા નિજગુણ લેખેજી;
શિક્ષાથી જેમ રતન નિયોજન, દ્રષ્ટિ ભિન્ન તેમ એહોજી.
તાસ નિયોગે કરણ અપુરવ, લહે મુનિ કેવલગેહોજી. ૨

અર્થ·—વળી શરીરાદિકનો ગંધ ચદન સમાન સ્હજથી હોય, તેમ વચન પણ સહજથી ચદન સમાન શીતળ હોય, ક્ષમાદિક ધર્મ પણ સહજથી હોય. વળી તેવી વાસના સહજથી હોય કે બીજા કોઈ દ્રવ્યની અપેક્ષા ન કરે, કેમકે જેને સહજથી ગુણ પ્રાપ્ત થયા હોય તે પરના ગુણની પ્રાપ્તિ વાંચ્છે નહી. વળી આ દ્રષ્ટિમાં સંસારની આસગતા ન હોય. સમિતિ ગુપ્તિ પ્રમુખ મૂલોત્તર ગુણોનો અભ્યસ તેથી સર્વ ક્રિયા આત્માના ગુણને માટે થાય. જે ક્રિયાને અનુસરતો હોય તે ક્રિયા એવી હોય કે અક્રિયાગુણને સાધે. જેમ ક્ષારાદિ શતપુટાદિ શિક્ષાના યોગે રત્નની જાતિને તાદ્રશસ્થાને જોડીએ. રત્નની તો એકજ જાતિ છે, પરતુ જેમ જેમ પુટ દેતા જઇએ તેમ તેમ જોવાવાળાની દ્રષ્ટિમાં ભિન્ન ભિન્ન તે રત્ન દેખાય, તેમ આ દ્રષ્ટિમાં ભિન્ન ભિન્ન દ્રષ્ટિવંત હોય, કેમકે છદ્મસ્થનું જ્ઞાન એક સરખું ન હોય, તેથી તે કારણથી આ દ્રષ્ટાંત છે તે ધ્યાનમાં લેવું. તે પ્રમાણે અપૂર્વ કરણાદિ ગુણસ્થાનકના કારણ સાધતો અનુક્રમે આ દ્રષ્ટિમાં વર્તતો મુનિરાજ કેવલજ્ઞાનનુ ગૃહ પામે. ૨

ક્ષીણ દોષ સર્વજ્ઞ મહામુનિ, સર્વ લબ્ધિ ફલ ભોગીજી,
પર ઉપગાર કરી શિવસુખ તે, પામે યોગ અયોગીજી;
સર્વ શત્રુક્ષય સર્વ વ્યાધિલય, પુરણ સર્વ સમીહાજી,
સર્વ અરથ યોગે સુખ તેહથી, અનંત ગુણ નિરીહાજી. ૩

અર્થ—આ દ્રષ્ટિવંત પ્રાણી સર્વ દોષનો ક્ષય કરે; વળી તે મહામુનિરાજ સર્વજ્ઞ કેવલજ્ઞાનવંત થાય, સમસ્ત લબ્ધિના ફળનો ભોગી થાય ભવ્ય પ્રાણીઓને ચારિત્ર-ધર્મ પમાડતા તેઓને અત્યંત ઉપગારી થાય, પોતે મોક્ષ સુખ પામે, સયોગિ ગુણઠાણે વર્તી અયોગી ગુણઠાણે અયોગી પદ લઇ સિદ્ધિ પામે, સર્વ કર્મરૂપ શત્રુઓને ક્ષય કરતાં રોગાદિ સર્વ વ્યાધિયોનો પણ નાશ કરે એ પ્રમાણે સર્વ સમીહા કે૦ વાંછાઓ પૂર્ણ થવાથી કેવલ આત્મસ્વરૂપમાં લીન થયોથકો એકરૂપતા પામે. સર્વ અર્થના યોગથી સંપૂર્ણ સુખે તૃપ્તિવંત રહે, તેમાં નિરીહા કે૦ નિસ્પૃહપણે પ્રગટ થયા જે અનંતગુણ તેનું અવ્યાબાધ સુખ વધતાં વધતાં પૂર્ણ આત્માનંદી થાય ૩

એ અડદિઠી કહી સંક્ષેપે, યોગ શાસ્ત્ર સંકેતેજી,
કુલ યોગીને પ્રવૃત્ત ચક્ર જે, તેહ તણે હિત હેતેજી;
યોગી કુલે જાયા તસ ધર્મે, અનુગત તે કુલયોગીજી,
અદ્વેષી ગુરૂદેવ દ્વિજપ્રિય, દયાવંત ઉપયોગીજી. ૪

અર્થ.—આ આઠ દ્રષ્ટિ ભવ્ય પ્રાણીઓના ઉપકાર-ને અર્થે યોગશાસ્ત્ર, અધ્યાત્મ ગ્રંથ જેવા કે ઉપમિતિ ભ-વપ્રપંચ, ભવભાવના વૃત્તિ, પાતંજલ શાસ્ત્ર તથા પ્રવચન પ્રબોધાદિ ગ્રંથોને અનુસારે સંક્ષેપથી કહી છે. યોગી બે પ્રકારના છે. ૧ કુલયોગી. ૨ પ્રવૃત્તચક્રયોગી. તેઓ પોતા-ના ચિત્તમાં અહંકારથી એમ માને છે કે અમે પણ યો ગી છીએ તેથી તેઓના હિતને અર્થે આ દ્રષ્ટિયો કહી છે. હવે તે યોગીઓનાં લક્ષણ બતાવે છે. જે યોગીનાં કુલમા જન્મ્યા હોય તથા જેના ધર્માચાર રૂઢિમાર્ગને અ-નુસરતા હોય એવા સામાન્ય બુદ્ધિએ વર્ત્તતા સર્વ તા-પસાદિ ષટ્દર્શનીઓ તે કુલયોગી જાણવા. જેઓ અદ્વેષી હોય તથા દેવગુરૂ અને દ્વિજ કે૦ બ્રહ્મચર્યાદિ ગુણ જે મને પ્રિય હોય, વળી દયાવંત તથા યત્નાવંત હોય તેમજ.૪

શુશ્રૂષાદિક અડગુણ સંપુરણ, પ્રવૃત્ત ચક્ર તે કહિયેજી,
યમદ્રય લાધી પરદુગ અર્થિ, આદ્ય અવંચક લહિયેજી;
ચાર અહિંસાદિક યમ ઇચ્છા, પ્રવૃત્તિ થિર સિદ્ધિનામેજી
શુદ્ધ રૂચેં પાલે અતિચારહ, ટાલે ફળ પરિણામેજી. ૧

अर्थः–१ शुश्रूषा २ श्रवणंचैव ३ ग्रहणं ४ धारणं तथा ॥
५ उहा ६ पोहो ७ अर्थविज्ञानं ८ तत्त्वज्ञानं च धीगुणाः

અથવા ૧ શુશ્રૂષા. ૨ શ્રુતજ્ઞાન. ૩ વિરતિ. ૪ આ-

શ્રવરોધ. ૫ સવર ૬ નિરીહતપ. ૭ નિર્જરા. ૮ ક્રિયા-નિવૃત્તિ, એટલે કે શુશ્રૂષાદિ આઠ ગુણ જેનામાં સંપૂર્ણ હોય, તે પ્રવૃત્ત–ચક્ર–યોગી કહેવાય. વળી યમદ્રય કે૦ અહિંસા અને સત્ય તેનો લાભવત તથા પરદુગ કે૦ અસ્તેય અને બ્રહ્મચર્યનો અર્થિ હોય વળી આદ્ય અવચક ફળનો ધણી હોય અવચક ત્રણ પ્રકારના છે. ૧ યોગાવચક. ૨ ક્રિયાવચક. ૩ ફલાવંચક. તેમાંથી આદ્યઅવચકનો ધણી હોય. વળી અહિંસાદિ ચાર યમને વશ થકો હોય. વળી ઇચ્છા કે૦ ગુણીજનની સમ્યક્ કથા કરવાને મન કરે; પ્રવૃત્તિ કે૦ આચાર ઉત્કૃષ્ટપણે પાળવાને પ્રવર્ત્તે; થિર કે૦ નિરતિચારપણે પ્રવૃત્તિ દ્રઢ રહે, સિદ્ધિ કે૦ સ્વાર્થ પરાર્થને નિપજાવે. એ પ્રમાણે અતિ શુદ્ધ રૂચિપણે ચાર પ્રકારે પાળે. વળી અતિચાર ટાળી જે રીતે ફળીભૂત થાય તેવા પરિણામે સાધે. તેવા યોગી સદાફલાભ્યાસી જેમ એક વખત ફેરવ્યું ચક્ર ફરી ભાજન ઉતાર્યા કરે તેમ આ યોગી ક્રિયા નિષ્ફલ ન થાય ॥ ૫ ॥

કુલ યોગીને પ્રવૃત્તચક્રને, શ્રવણ શુદ્ધિ પક્ષપાતજી,
યોગદ્રષ્ટિ ગ્રંથે હિત હોવે, તેણે કહિ એ વાતજી;
શુદ્ધભાવને સુનિ કિરિયા, બેહુમાં અંતર કેતોજી,
જલહલતો સુરજને ખજુઓ, તાસ તેજમાં તેતોજી. ૬

અર્થ—કુલયોગી તથા પ્રવૃત્ત ચક્રયોગીને શુદ્ધ મા-

ર્ગ યમ નિયમાદિક, ધર્મશાસ્ત્રનું શ્રવણ હોય તથા શુ-દ્ધાચાર વિનયાદિ કરણ, સત્સંગ તથા ગુણોનો પક્ષપાત હોય. એવા ગુણના ધારક તે યોગી કહેવાય. પરંતુ દંભી અને વિષયીના પ્રસંગી તે યોગી ન કહેવાય. આ વાતનું વિસ્તારથી સ્વરૂપ શ્રી હરિભદ્રસુરિકૃત યોગદ્રષ્ટિ સમુ-ચ્ચય ગ્રંથથી જોવું. શુન્ય મન અને શુન્ય આચારે યોગી ન કહેવાય. દિવસે મધ્યાન્હે પ્રકાશ કરતા સહસ્ત્ર કિરણો-વાળા સૂર્યના અને અંધારી રાતે પ્રકાશ કરના ખજુઆ કે૦ આગીઆ કીડાના તેજમાં જેટલો ફેર છે, તેટલો અં-તર, સમ્યક્ ક્ષયોપશમ વિનાની શુન્ય ક્રિયામાં છે. ૬

ગુહ્ય ભાવ એ તેહને કહિએ, જેહશું અંતર ભાંજેજી,
જેહસું ચિત્ત પટંતર હોવે, તેહશું ગુહ્ય ન છાજેજી;
યોગ્ય અયોગ્ય વિભાગ અલહતો, કરશે મોટી વાતોજી,
ખમશે તે પંડિત પરખદમાં, મુષ્ટિ પ્રહારને લાતોજી. ૭

અર્થ—શાસ્ત્રના ગુહ્યભાવ કે૦ રહુસ્ય તે તેહુનેજ કહીએ, કે જેની સાથે અંતરંગ મળતું હોય, અર્થાત્ મિ-થ્યાત્વનો ત્યાગ કરી જેને સમ્યગ્ દર્શન પરિણુતિ શ્ર-દ્ધાન હોય તેની પાસેજ શાસ્ત્રના રહુસ્ય પ્રકાશીએ. જેની સાથે ચિત્ત પટંતર વર્ત્તતું હોય અર્થાત્ જેને પ્રવચના-નુસાર સમ્યક્ શ્રદ્ધાન ન થયું હોય, તેની સાથે શાસ્ત્રના

રહસ્યનો પ્રકાશ કરવો તે ઘટતું નથી. યોગ્ય અયોગ્યનો વિભાગ કે૦ વહેંચણ જે સમજતો નથી, અર્થાત્ ગુરૂનો વિનય કરતો નથી, શુદ્ધાચાર પાળતો નથી, દ્રવ્યાદિ ભાવને સમજતો નથી, છતાં પોતે ડાહ્યો થઇને શાસ્ત્ર સબંધી મોટી મોટી વાતો કરે છે, તે પંડિતોની પરખદ કે૦ સભામા હાર પામી મુષ્ટિ પ્રહાર કે૦ ગચ્છાદિકથી બહાર કાઢવું તથા નરકદિ વધબંધન અને લાતો કે૦ આલોયણના પ્રહાર અને અપયશ તથા અપકીર્ત્તિ પામશે.

यदुक्तं-

जंजायइ अगीयच्छो, जं च अगीयच्छ निस्सीयो जयइ ॥
वट्टा वेयइ गच्छं, अणंत संसारियो भणियो ॥ १ ॥

इत्यावश्यक निर्युक्ति वचनात्.

ગીતાર્થના આશ્રિતને વિહાર કહ્યો છે. તેમ ગંભીર અર્થની દેશના પણ યોગ્યજનને આપવી. ૭

સભાત્રણ શ્રોતા ગુણ અવગુણ, નંદીસૂત્રે દીસેજી,
તે જાણી એ ગ્રંથ યોગ્યને, દેજો સુગુણ જગીશેજી;
લોક પુર્યા નિજનિજ ઇચ્છા, યોગભાવ ગુણરયણેજી,
શ્રી નયવિજય વિબુધ પયસેવક, વાચકયશને વયણેજી.૮

અર્થઃ—સભા ત્રણ પ્રકારની શ્રીનંદીસૂત્રમાં કહી છે.૧ જે શ્રોતા ગુણ તથા દોષને સમજે તેવા શ્રોતાઓની સભા

રાજહંસ સમાન ડાહી સમજવી. ૨ શ્રોતાઓ અજ્ઞાન છે, તે સભા પશુ મૃગના બાલકો સરખી મૂર્ખ સમજવી. ૩ જેઓ ગીતાર્થના અપમાની નિંદક છે, તે અયોગ્ય સભા સમજવી. તેવી રીતે સભાનું સ્વરૂપ જાણીને આ ગ્રંથનો હાર્દ તેવી સભાનો આપજો, જેઓને દેતાં ઉત્તમ પ્રવચન શોભાકારકાદિ ગુણો તથા જગીશ કે૦ તે ગુણોથી પામવાની સુખરૂપ લીલા તે પામશે. એમ ઇચ્છાયોગ તથા શાસ્ત્રાદિના જે યોગ તે રૂપ જે ભાવગુણ. તદ્રૂપ મણિરત્નોથી સમસ્ત લોક પુરજો! વિશિષ્ટ આત્મયોગરૂપ ભાવ રત્નોથી સમગ્ર લોક તૃપ્તિ પામો! આ ગ્રંથનું રહસ્ય પામી ભવ્યજનો સંસાર ભાવથી મુક્ત થાઓ! આપ સ્વભાવમાં મગ્ન રહેજો! એમ શ્રી નયવિજય પંડિતના ચરણકમલના સેવક ઉપાધ્યાય શ્રી યશોવિજયગણિ જેમણે કાશીમાં "ન્યાય વિશારદ" એવું બિરૂદ પ્રાપ્ત કર્યું, તેમના વચન જાણજો. ॥ ૮ ॥

काव्यं

श्रीमद्यशोविजय वाचकराजराज, विनिर्मितो दृष्टि विचाररूपः॥
स्वाध्याय एषप्रथमं ततोयं, भाषामयो लेशतया टवार्थः ॥१॥
श्रीस्तंभतीर्थेऽत्रतपागणिय, नाम्नाच ज्ञानादिमलाभिधेन ॥
श्री सूरिणा भूरिसुखावबोधार्थ मेव लेशं लिखितोहिभद्रं ॥२॥

અર્થ—મહામહોપાધ્યાય શ્રી યશોવિજય ગણિકૃત યોગદ્રષ્ટિ વિચારની સઝાયોનો સુખે અવબોધ થવા માટે શ્રીમત્તપાગચ્છીય સંવિજ્ઞજન પક્ષિય ભટ્ટારક શ્રી જ્ઞાન વિમલસૂરિએ બાલાવબોધરૂપ લેશમાત્ર અર્થ લખ્યો છે. શ્રી ખંભાત બંદરમાં દોશી ભેમજી ઉદેકરણ તથા વડનગરીઆ શા. અમુલખચંદના અનુગ્રહને વાસ્તે પ્રથમાદર્શે લખ્યો છે. શ્રીયોગદ્રષ્ટિ સઝાયોની સર્વ ગાથા ૭૬ તથા બે શ્લોક મળી ૭૮ છે.

ઇતિ મહોપાધ્યાય શ્રી યશોવિજયગણિકૃત
યોગદ્રષ્ટિ સ્વાધ્યાય શ્રી જ્ઞાનવિમળ
સુરિકૃત અર્થ સહિત સમાપ્ત.

॥ श्री सद्गुरुभ्यो नमः ॥

छुटक महा वाक्यो.

૧ પુરૂષમાં શિરોમણી પુરૂષ તેજ કે જેઓ ધર્મીનું આ-
રાધન કરે.

૨ દરેક ધર્મક્રિયામાં શુભ ભાવના રૂપ અમૃતના બિંદુ-
ઓનું ક્ષેપન કરતા રહેશો, તોજ તમને ક્રિયા યથાર્થ
ફળ દેનાર થશે.

૩ સર્પ જેમ કાંચળી છોડી જવાથી નિર્વિષ થતો નથી
તેમ તમો પણ ઉપરનોજ વિકાર છોડી કર્મરૂપ વિ-
ષથી નિર્વિષ થવા ચાહાશો તો તે તમને યથાર્થ ફા-
યદાકારક થશે નહિ.

૪ આપણે જેનાથી પ્રથમનીજ મુલાકાતમાજ અપમાન
પામ્યા તેનાથી ફરી માન પામવું દુર્લભ છે.

૫ જયા સુધી અસ્થિ મીજજામાં, હાડની મીજજામાં ધર્મ

સ્પર્શ્યો નથી ત્યાં સુધી ધર્મનો સ્વાદ કેવો છે તે તમે જાણી શકવાના નથી.

૬ તમે ગમે તેટલા રૂપાળા હશો તોપણ વિદ્યા વિના સભાનુ ભુષણ થઈ શકશો નહિ.

૭ મધુર અને કોમળ વચન વૈરીના અંતઃકરણને પણ કુમળું કરી નાંખે છે.

૮ આ તો અમે ઘણી ચોકસી કરી જોયું છે કે અપરાધ કર્યા છતા પણ કોપે નહિ એવા પુરૂષ દુનિયામાં થોડાજ છે.

૯ દ્રષ્ટિ રાગી થવા કરતા ગુણાનુરાગી થવું વધારે સારૂછે.

૧૦ આ તો ખાત્રીજ રાખજો કે પુણ્ય વિના દુનિયામાં જશ મળતો નથી.

૧૧ જશ, કીર્ત્તિના ખપી થવા કરતા આત્મહિત ઉત્પન્ન થવાના ખપી થવું એ વધારે શ્રેષ્ટ છે.

૧૨ અરે જેને માટે તમો ઘોર પાપ કરવામા જોડાયા છો તે તમને કષ્ટ પડે છોડાવવાનાં નથી.

૧૩ આ એક લઘુ પ્રશ્નનો ઉત્તર આપશો કે કોના મનોરથે સર્વ પ્રકારથી સુખ ભોગવ્યું અને દુ નિવાર્ય કાળથી કોને વિટમ્બના થઇ નહિ ?

૧૪ જો તમને દુ ખથી કપારો છુટતો હોય અને સુખની ઇચ્છા થતી હોય તો ધર્મરૂપી કલ્પવૃક્ષની સેવના કરો.

૧૫ જો તમે અધ્યાત્મપણું સપાદન કરવું ચાહતા હો તો

પહેલાં સ્તુતિ અને નિંદામાં સમ્પરિણામ રાખતાં શીખો.

૧૬ નમ્રતા, નયજ્ઞતા, નિર્દંભતા અને નિઃરાગતા એ ઉત્તમ પુરૂષોમાંજ હોય છે.

૧૭ ધૃતિ, ધાર્મિકતા અને ધારણાશક્તિ એ ત્રણ મનુષ્યોને શુભગતિનું સુચવન કરાવે છે.

૧૮ જો તમારે વાદજ કરવો હોય તો ધર્મવાદજ કરજો, પરન્તુ શુષ્કવાદ અને વિવાદ કરશો નહિ

૧૯ જેઓએ કામરૂપી મહામલ્લથી વિજય મેળવ્યો તેઓએ એક અપેક્ષાએ સઘળાં કર્મોથી વિજય મેળવ્યો એમ કહેવામાં કંઈ બાધક નથી

૨૦ હુ એ અવસ્થાને બહુમાન્ય કરૂંછુ કે જ્યારે આપણે શુન્ય અરણ્યમા, અટવીમા જઇ પર્યંકાસનથી ધ્યાનારૂઢ થયા હોઇએ તે વખતે આપણા ખોળામા હરણીઓનાં નાના નાના બચ્ચા આવી આવીને નિઃશંકપણે બેસતાં હોય અથવા તો બુઢાં હરિણો આપણુને ઝાડનાં ઠુઠાં જેવાં જાણી આપણુ શરીર ખાજ કરવાના ઉપયોગમા લેતા છતા આપણુને જરાપણ અરૂચી આવે નહિ.

૨૧ આ તે કઇ જાતનો સ્નેહ–પર્વત કરતાં અધિક અને સમુદ્ર કરતાં વધારે પાણી–આપણે ભવાંતરથી ખાતા અને પીતાં આવ્યા છતાં આપણુને અરૂચિ આવતી નથી.

૨૨ જો તમે તમારી મહત્વતાને અખંડિત રાખવા ચાહતા

હોતો કોઇ પાસે જઈ કાંઈપણ વસ્તુની માગણી કરશો નહિ.

૨૩ છાપાના કોતરેલા અક્ષરોની પેઠે ધર્મક્રિયા પ્રથમ તો અધરી લાગવાથી ઉલટી માલમ પડશે, પરંતુ સંપૂર્ણ થઇ યથાર્થ રીતે ગોઠવાઇ જયારે આગલા જન્મમાં સુલટી થશે ત્યારે કેવી સુખ આપનાર થશે તે લખવાને આ લેખણ તદ્દન અશકય છે.

૨૪ આ જન્મમાં જે સદ્ગુરૂઓએ અમુલ્ય જ્ઞાન આપી મારા ઉપર પરમ ઉપકાર કર્યો છે તેનો બદલો વારંવાર તાબેદાર થઇ હું કયારે આપીશ એ મારો મોટો મનોરથ છે.

૨૫ જેમ દુધમા ધૃત, તલમાં તેલ, અને કાષ્ટમા અગ્નિ સત્તાપણે ગુપ્ત રહ્યા છે તેમ શરીરમા આત્મા પણ સત્તાપણે ગુપ્ત રહ્યો છે.

૨૬ જ્યા સુધી જરાવસ્થા પ્રાપ્ત થઇ નથી ત્યા સુધી બનતા પ્રયાસે આત્મહિત કરવું.

૨૭ ધર્મનું મૂળ વિનય અને પાપનું મૂળ વ્યસન. આ કોટિ ગ્રંથોનો સાર છે.

૨૮ અસ્વાધ્યાયના વખતમાં સ્વાધ્યાય કરવાથી બુદ્ધિની ન્યુનતા થાય છે.

૨૯ જેમ ધર્મ કરતી વખતે વધારે ધર્મ કરનાર તરફ ખ્યા-

લ કરવો ઉચિત છે, તેમ પાપ કરતી વખતે વધારે પાપ કરનાર તરફ કરવો ઉચિત નથી.

૩૦ પાછળથી દુ:ખ તે સુખ નહિ. આ સર્વ બુદ્ધિમાનોએ માન્ય કર્યું છે.

૩૧ વૈરીને પણ થતું દુ:ખ દેખીને હર્ષિત થશો નહિ.

૩૨ જેમ સારા વૈદ્યના કહેવા પ્રમાણે ચાલવાથી વ્યાધિનો નાશ થાય છે તેમ સદ્દગુરૂના વચન પ્રમાણે ચાલવાથી જન્મ મરણરૂપ ભાવવ્યાધિનો નાશ થાય છે.

૩૩ અંત:કરણથી સર્વે પ્રાણી ઉપર કરૂણાભાવ, વિધિવિધાનથી સદ્દગુરૂની સેવા, અને શુદ્ધ પ્રકારથી શિયળનું રક્ષણ; એ ત્રણ પૂન્યાનુબંધી પૂન્યનાં હેતુ છે.

૩૪ મન વિષમ થવાથી ધાતુ વિષમ થાય છે, અને ધાતુ વિષમ થવાથી શરીર વિષમ થાય છે માટે નઠારા વિકલ્પો કરી મનને વિષમ કરશો નહિ.

૩૫ અરે નિર્દય મન ! બીજા પ્રાણીજનો તને કદાપિ નપુંસકલીંગ જાણી શકિત વિનાનું જાણતા હશે પણ હું તો તારૂં વ્યવહારથીજ નપુંસકપણું માન્ય રાખી નિશ્ચયથી તો તને મહા ક્રૂર અને સાવદ્ય પુરૂષ જાણું છું; કેમકે મારા ઉત્તમ વિચારોથી તું જેટલું ઉલટુ ચાલી મને જેટલો ગેરફાયદો કરે છે તેટલો બીજો કોઇ પણ કરવાને સમર્થ નથી.

૩૬ નાયક વિનાની સેના અને પતિ વિનાની સ્ત્રીથી બહુ ડરતા રહેજો.

૩૭ જે એક વિદ્યામાં કેળવણી પામી નિપુણ થાય છે તેને બીજી વિદ્યાની નિપુણતા મેળવતાં વાર થતી નથી.

૩૮ ક્ષમારૂપી ખડ્ગ સદા પાસે રાખજો તો તમને ક્રોધરૂપી દુર્જન કંઇ કરી શકનાર નથી

૩૯ જે જે પ્રકારના જે જે વિકલ્પો તમારા અંતઃકરણમાં ઉત્પન્ન થાય છે તે તે સઘળાને તમો બહાર પ્રકાશ કરશો તો પછી તમારામા ને ઘેલા પુરૂષમાં કંઇ પણ તફાવત રહેશે નહિ.

૪૦ પારકું અન્ન, પારકું વસ્ત્ર, પારકી સજ્જા, પારકુ ઘર, પારકી સ્ત્રી, દૂરથીજ દૂર રાખજો.

૪૧ શોકરૂપી શત્રુને જો બહુ વખત નીકટ (પાસે રાખશો તો તમારી બુદ્ધિ, હિમ્મત અને ધર્મ એ ત્રણ વસ્તુનો જડમૂળથી નાશ થશે.

૪૨ મહાપુરૂષો કેવળ સંસર્ગ દોષથી વીકૃત થતા નથી જુઓ ચદનના વૃક્ષને ઝેરી સર્પોના સંસર્ગ છતા પણ તેઓ ઝેરી થતા નથી

૪૩ જો સમુદ્ર મર્યાદા છોડે તો સજ્જનપુરૂપ સજ્જનતા છોડે.

૪૪ દરેક વખત પોતાનામાં અનુકંપારૂપ ગુણને બહુ સાવચેતીથી રાખવો

૪૫ અનુકંપારૂપ દાનનો કોઇ જગ્યાએ શાસ્ત્રકારોએ નિષેધ કર્યો નથી. વિચાર કરો, મહાવીર ભગવાન સંસાર છોડી નિસ્પૃહી થયા તોપણ દેવદુષ્ય વસ્ત્ર દેતી વખતે પોતાનો અનુકંપા ગુણ છોડયો • હિ

૪૬ શું કરીએ, જેટલું કર્મ આપણે સવર કરી શુભ ધ્યા· નથી નિર્જરા કરીએ તેટલું પાછુ આશ્રવ શત્રુઓ દાખલ કરે છે એટલેજ આપણે લાચાર થઇ યથાર્થ રીતે આત્મહીત કરી શકતા નથી.

૪૭ રાગદ્વેષાદિ ભાવરાગ તો સદ્આગમથી અર્થાત્ જ્ઞાન· થીજ દૂર થાય છે; પરંતુ ચિત્તની પુષ્ટિ અને શુદ્ધિ તો ક્રિયાજ કરે છે. શાસ્રકારોએ આ હેતુથીજ જ્ઞાન અને ક્રિયા બંને ઉપાદેય (આદરવા યોગ્ય કહ્યા છે.)

૪૮ યદ્યપી સમ્યકત્વધારી પુર્વોપાર્જીત કર્મના યોગથી આ· શ્રવકારીમાં જોડાઇ જાય તોપણ તેમાં તેઓ ભાવથી શુન્યજ રહે છે, કેમકે જેવા તેઓ ધર્મક્રિયામાં આશક્ત હોય છે એવા પાપક્રિયામાં આશક્ત હોતા નથી. આ હેતુથીજ તેઓની મુક્તિ જૈન સિદ્ધાંતોમાં વર્ણન કરી છે.

૪૯ જ્યા તમારો આદરસત્કાર ન થતો હોય, ગુજરાન ચા· લતું ન હોય, અને વિદ્યાની લેશમાત્ર પણ પ્રાપ્તિ ન હોય ત્યા એક રાત્રિ પણ વાસ કરશો નહિ.

૫૦ જે દિવસથી તમને નેત્રનો અને ખાંસીનો રોગ શરૂ

થાય તે દિવસથી તમો મૈથુન સેવવું બંધ રાખશો તોજ તમારો રોગ અસાધ્ય થશે નહિ.

૫૧ અગ્ની, પાણી, સ્ત્રી, સર્પ, મુર્ખ અને રાજકુળ આ છ વસ્તુને નિરંતર નિકટતા રાખશો તો તેમાથી કદી તમારા પ્રાણ રહેવા મુશ્કેલ થઇ પડશે.

૫૨ જો તમે તમારામાં લુબ્ધતા અને લંપટતાની વૃદ્ધિ થતી દેખો તો જાણી જજો કે હવે આપણી લઘુતા થવાનો સમય નીકટ (પાસે) આવ્યો છે.

૫૩ જો તમે તમારા પ્યારા મિત્રોની સાથે સ્નેહ રાખવા ચાહતા હોતો જ્યારે તે કોપીત થાય ત્યારે તમે શાંત રહેજો.

૫૪ હે ધ્વજા પાતાકા સમાન ચંચળ મન, હવે હું બહુ અકળાઇને કહું છું કે તું શા માટે મારી આત્મ સ્થિતિને વિષ્મય કરી મારાથી ન સહન થાય એવું અવ્યક્ત દુઃખ દઇ ઉંડા નિશ્વાસ મુકાવે છે. મેં તારૂં એટલું નથી બગાડ્યું કે જેટલું તું મારૂં બગાડે છે.

૫૫ અરે તે સુખોને શું કરવા કે જે સેવ્યાથી પછવાડે દુઃખના પર્વતો ખડા થઈ પડવાના છે.

૫૬ તમે તમારૂં દુઃખ તેનીજ પાસે જઇ કહેજો કે જે તમારા દુઃખને મટાડવાને શક્તિમાન હોય

૫૭ દરેક વખત પોતાના સાત્વીક ગુણને બહુ સંભાળથી

રાખો, કેમકે બત્રીશ લક્ષણુવાન્ પુરૂષમાં પણ સાત્વિક ગુણુની બહુ ઉપયોગતા છે

૫૮ આ તો ખાત્રીજ રાખજો કે નિર્દંભપણે ધર્મ કરનારને ત્રણુ ભુવનમાં કાંઈ પણ વસ્તુ અસાધ્ય નથી.

૫૯ ધર્મ શ્રવણુ કરવામાં જે નિરાદરતા ધરાવતો હોય, તત્ત્વ રસનો સ્વાદ લેવાને જેને સદા અરૂચિ રહેતી હોય અને વિના કારણુ પણ જે સદા ધાર્મિક પુરૂષ ઉપર કોપીત રહતો હોય તેને કહી દો કે ભાઇ, તને દુર્ગતિનો બહુ કાળ સુધી વિરહ રહેશે નહિ.

૬૦ જ્યાં સુધી તમારા ભાગ્યનો ઉદય થયો નથી ત્યાં સુધી તમારી વિદ્યા, વિનોદ, કાવ્ય, અલંકાર અને ધૈર્યાદિક ગુણો પ્રકાશીત થવાના નથી.

૬૧ જો તમારે ધર્મનો શીઘ્ર નિશ્ચય કરવો હોય તો શાસ્ત્રનું બહુમાન કરો અને સારાં આચરણથી ચાલો.

૬૨ હે વીતરાગ, આવી નિર્વિકારી, મનોહર અને શાંત મુદ્રા કયાંથી શોધી કહાડી ? જે હું આખી દુનીયાના દેવોમા જોઇ વળ્યો પણ મળીજ નહિ.

૬૩ કડવું વચન, કુમતિ, કૃપણુતા અને કુટીલતા એ ચાર મોટા દુર્ગુણો જયારે દુર થશે ત્યારેજ તમને ખરેખરી રીતે ધર્મની પ્રાપ્તિ થશે.

૬૪ જીન પુજા, રાગદ્વેષ તેને કરિ રહીત એવા હે જીન,

તેમની સેવા ભક્તિ, જીવરક્ષા, દયા, જીતેન્દ્રિયપણું, જલય શક્તિ, અને જય પ્રાપ્તિ એ ઉત્તમ પુરૂષોમાંજ હોય છે.

૬૫ હે અર્હંત ! મારે કાંઈ તમારા શાસનની, શ્રદ્ધાના પક્ષપાતથી, અને અન્ય મતના શાસન ઉપર દ્વેષ ભાવથી તમારામા રૂચિ થઇ નથી. કીંતુ આત્મતત્વપણાની પરિક્ષા એણે તારામાં રૂચિ કરાવી છે.

૬૬ પ્રભુતા, પ્રીયપણું, પરોપકાર અને પંડીતતા એ પુણ્યના ઉદયથી મળે છે.

૬૭ હે જીન ! મારા અંતકરણની ગુપ્ત વાતો પણ સઘળી તું જાણે છે તો હું વધારે ઉચ્ચાર કરી શુ કહુ ?

૬૮ મિત્રના ત્રણ પ્રકાર છે પોતાનો મિત્ર તે મિત્ર, મિત્રનો મિત્ર તે મિત્ર, અને પોતાના શત્રુનો શત્રુ તે પણ મિત્ર.

૬૯ શત્રુના પણ ત્રણ પ્રકાર છે. પોતાનો શત્રુ તે શત્રુ, પોતાના મિત્રનો શત્રુ તે શત્રુ અને પોતાના શત્રુનો મિત્ર તે પણ શત્રુ.

૭૦ હે કામ ? આ ભોળા મનુષ્યે તને ,પોતાની પાંચ ઇદ્રિઓ સોંપી દીધી તો પણ હજી તું અતૃપ્ત થઈ તેઓના મનને પજવવા દોડેછે, એ તે તારી કેવી નિર્લજજતા ? બીજાની મિલ્કત ઉપર પણ દાવો કરતાં ન

અટકવું એ તને દયા વકીને સલાહ આપી છે?

૭૧ જે વાતને આપણે તદન અનુપાદેય (છાડવા યોગ્ય) જાણી છોડી દેવા ચાહીયે છતા ન છોડે તો પછી તેમા કર્મનો ઉદય જાણવો.

૭૨ એકલી શાસ્રી લીપીનુંજ માન કરવું અને બીજીઓનું ન કરવુ એમ વિચારી ગુજરાતી, ફારસી, ઇગ્રેજી, લાટીન અને મરાઠી વિગેરે લીપીનું અપમાન કરશો નહિ કેમકે જેટલો હક્ક શાસ્રી લીપી ધરાવે છે, તેટલોજ હક્ક જ્ઞાનીઅશમા બીજીઓ પણ ધરાવે છે.

૭૩ ઘણા બુદ્ધિમાનો બેઠા હશે તેમા પણ વધારે બુદ્ધિમાન ઉપર સર્વની નજર ખેચાશે ? જુઓ આકાશમા અનેક ગૃહ, નક્ષત્ર, અને તારાઓના ચળકતા વિમાનો દેખાતાં છતાં પણ ચદ્રમા ઉપર સર્વની દ્રષ્ટિ વધારે ખેચાય છે.

૭૪ સાક્ષાત્ સરસ્વતીરૂપ જ્ઞાનદાતા ગુરૂનો પ્રત્યુપકાર ભોજન દેવાથી અથવા હીરામાણેકનુ દાન દેવાથી વળી શકતો નથી. કીંતુ તેઓએ દીધેલા જ્ઞાન કરતા વધારે જ્ઞાન જયારે આપણે તેઓને દઇએ ત્યારેજ વળી શકે છે. તે તો બનવું અત્યત દુર્લભ છે. માટેજ ગુરૂઓ (જ્ઞાનદાતા) નો પ્રત્યુપકાર કરવાને મનુષ્યો સમર્થ થતા નથી.

૭૫ હે નીરાગી નાથ ? હું ઇંદ્ર, ચંદ્ર, સુર્ય, કે ચક્રવર્તીની પદવી ચાહતો નથી. કીંતુ મારા આત્મગુણને પ્રગટ કરનાર નીર્મળું સમ્યક્રત્ન પ્રાપ્તિ સમય ચાહું છુ

૭૬ મોક્ષાભિલાષિને આટલું સદા આદરવા યોગ્ય છે, સમ્યક્રત્ન, જીનપુજા, સદ્ગુરૂ નામ, સક્રિયા, સામાયીક, પૌષધ, કરૂણાભાવના, પરોપકારવૃત્તિ, તત્વ વાતનું ચિંતવન, સુશાસ્ત્રનું પરાવર્ત્તન, વિનય, દમન, સુશીયળ, વૃત અને યથાશક્તિ તપક્રિયા.

૭૭ વિદ્વાનો, તમારૂં અનહુદ પરાક્રમ, મંત્ર, જંત્ર કે તંત્ર, ચીંતામણી, કામધેનુ કે કલ્પવૃક્ષ જો તમારો પુણ્યનો ઉદય નથી થયો તો કદાપિ તમને ફળ દેનાર થશે નહિ આ ખાત્રીપૂર્વક જાણજો.

૭૮ તમને કષ્ટ પડે ત્યારે ચીંતા ન કરતાં ધૈર્ય રાખજો, કેમકે ચીંતા કાંઇ કષ્ટ દૂર કરવાનું ઔષધ નથી. ચીંતાથી તમારી ચતુરાઇ ઘટશે અને ચતુરાઇના અભાવે તપ, જપ, નિયમ કોને આધારે રહેશે ? શમ, દમ અને સમાધ કોને અવલંબશે, માટે તે વખતે ધૈર્યતા રાખી ધર્મ કરવો એજ શ્રેષ્ટ છે.

૭૯ સંયોગ અને વિયોગ, સંપદા અને વીપદા, ભોગ અને ભોગાન્તરાય, સુખ અને દુઃખ, આ સઘળું શુભાશુભ કર્મના ઉદયથી છે એમ જ્ઞાની પુરૂષોએ વારંવાર બ-

તાડ્યા છતાં આપણે હર્ષ, શોક કરી વૃથા કર્મબંધન કરી લઇએ છીએ. આ આપણી કેવી (મેરૂ પર્વત જેવડી) મોટી ભુલ છે.

૮૦ સર્વ સુખ સહન કરી શકાય છે પણ પ્રિયજનના વીરહથી ઉત્પન્ન થયેલું દુખ સહન કરી શકાતું નથી.

૮૧ જેને દેખીને તમારો કોપ શાંત થઇ જાય અને સ્નેહની ઉત્પત્તિ થાય તેને તમે જાણી જજો કે આ તમારા પૂર્વજન્મનો સ્નેહી છે.

૮૨ જેને દેખીને તમારો સ્નેહ ઓછો થઇ જાય અને કોપ વૃદ્ધિને પામે તેને તમે જાણી લેજો કે આ તમારા પૂર્વ જન્મનો કોઇ વિરોધી છે.

૮૩ મુમુક્ષુ (મુની) જનોને અતિ ઉત્કઠ શ્રૃંગારરસનું શ્રવણ પ્રથમથીજ વર્જવું બેહેતર સારૂં છે, કેમકે તે રસનું શ્રવણ કરી ફક્ત એક કેવળજ્ઞાની અને નપુષકજ વિકૃતિભાવને પામતો નથી.

૮૪ જો તમારે આખી દુનીયાને વશ કરી લેવી હોય તો પરના અવગુણમાં ન પેસતાં ગુણ ગૃહણ કરો. મિષ્ટ અને સ્વપર હિતકારી વચન બોલો તથા ઉદારતા ગુણની વૃદ્ધી કરો.

૮૫ હે જીવ, જ્યાં સુધી તારા શરીરમાં મોટા રાજરોગ ઉત્પન્ન થયા નથી, જરાવસ્થા નીકટ (પાસે) આવી

અને ઇદ્રીયો શિથિલ થઇ નથી ત્યાં સુધીમાં આ દેહ રૂપ ઘરમાંથી જે સુકૃત વસ્તુ ખેચી લેવાય તે ખેચી લે; પછી કાળરૂપી અગ્નિ લાગ્યા બાદ તારો ઉદ્યમ હાંસીને પાત્ર થશે.

૮૬ જો તમને સુદર સ્ત્રીનાં પ્રેમવાળાં નેત્રની પાથે દ્રષ્ટી મેળાવી પોતાના મનને તૃપ્તી આપવાની ઇચ્છા ઉત્પન્ન થતાં થતાંજ પેહેલેથીજ માડી વાળજે, કેમકે સ્ત્રીનાં કામવાળાં નેત્રની સાથે તમારા પ્રેમયુકત નેત્ર મળવાથી તમને અને તેણીને તૃપ્તી થવાની નથી. બદલે અતૃપ્તી તો જરૂર થશે. આ હેતુથીજ જ્ઞાની પુરૂષોએ મોહનીય કર્મની બહુ વિચિત્રતા કહી છે.

૮૭ જે પુરૂષ જે સ્રીના અને જે પુરૂષના અતકરણમાં વિના પ્રયત્ને રૂચીથી અથવા સ્નેહભાવથી પેશી જાય છે તેને ખેચી કાઢવાને ઇદ્ર પણ સમર્થ નથી. ધન્ય છે એક વીતરાગના નિરાગી વચનને કે જેના શ્રવણ માત્રથી ઉક્ત અવસ્થામા પડેલા પણ તેઓ પોતાની મેળે ખેચાઇ બહાર આવે છે.

૮૮ જેમ સોનાની પરિક્ષા ચાર પ્રકારથી થાય છે તેમ ધર્મ તેનાં વચન સાંભળવાથી, તેનો અનુભવ મેળવવાથી, તેના તપ તેજથી, તેની દયા અને ગાભિર્યાદિ ગુણોથી જાણી જવાય છે કે આ ઉત્તમમાં ઉત્તમ છે.

૮૯ શું કરીએ, આપણે દુષમકાળ સ્થાયી, અલ્પ શક્તિ-
વાળા મનુષ્યો ચિતવન કરીએ છીએ કાંઇ અને થઇ
પડે છે કાંઇ, માટે હવે તો એક જ્ઞાની દ્રષ્યભાવને
અનુસરી હર્ષ વિવાદમા ન પડવું એજ નિશ્ચય કરો.
૯૦ જે ઝડની નીચે શીતળ છાયા લેવાના ઇરાદાથી આવી
બેઠા તેમાથીજ કૃષ્ણ (કાળા) સર્પના ડખવડે ડસાયા
આ વાતનો કોને દોષ દઇએ ?
૯૧ હે જીવ ? વિકાળ કાળથી પણ તને ભય આવતો નથી
શું ? ભૂવનપતિ, વાણવ્યતર, ચદ્ર, સૂર્ય આદિ વિમા-
નવાસી જયોતિષી, સુધર્માદિ, દેવલોક નિવાસી વૈમાની,
છખડ ત્રાતા ચક્રવર્તિ, વાસુદેવ, બળદેવ અને મહા
શૂરવીર સુભટો જેઓ કાળની ગેરહાજરીમાં દાખલ થયા
નથી ત્યારે તું શા માટે મગરૂબી કરે છે ?
૯૨ જયારે શગાર સજેલી સ્ત્રી પોતાની મુષ્ટીમા અથવા
તો કરગ્રહીત ભાજનમાં દેવવસુ લઇ યાચકજનોને દેવા
આવે છે ત્યારે યાચકજને જેમ તે સ્ત્રીના ઉપર દ્રષ્ટિ
કરે છે તેમ હે મુનીજનો ! તમે પણ ભિક્ષા સમયે
ગૃહુસ્થના ઘરોમાં અટૂન કરતાં સ્ત્રીના ઉપર દ્રષ્ટિ ન
કરશો, કિંતુ પીડેષણ (શુદ્ધપીંડ) ઉપર કરજો.
૯૩ સત્ય છે, સજ્જન પુરૂષો વિપદા પડે પણ અનુચિત
આરભી થતા નથી.

૯૪ હજી પણ ભરતખડના મનુષ્યોને શાબાસી આપવી ઘટે છે કે જેઓ સાક્ષાત્ તીર્થંકર સામાન્ય કેવળી અને અવાધ તથા મન પર્યવ વિગેરે પ્રત્યક્ષ જ્ઞાનીઓના વિજોગ છતા પણ વચનનોજ (ફક્ત આગમોક્ત) આધાર લેઇ મોહરાજાની સામે બહાદુરીથી લડે છે, આ થોડુ આશ્ચર્ય છે ?

૯૫ આ અમારૂં બહુ વિચાર સાથે કહેવુ થયું છે કે સર્વનુ ઔષધ છે પણ મુર્ખનું ઔષધ નથી.

૯૬ અરે ! તમે બીજાની અન્યોઅન્ય બંધાએલી પ્રીતીને અદેખાઇથી તોડવા જાઓ છો પણ વિચાર કરો ? જે આ જન્મની પ્રીતિ છે તે પણ તમે તોડાવી શકતા નથી તો જન્માંતરની બધાઇ આવેલી તે કેમ તોડાવી શકશો માટે શાત થાઓ ! શાંત થાઓ !

૯૭ આપણે (હસતાં હસતા) શું તારા હાથ ભાગી ગયા છે. શું તું આધળો થયો છુ. આવા આવા કઠોર વચન કહી જે કઠોર કર્મ બાધીએ છીએ તે પરભવમાં ઉદય આવે રૂદન કરતાં પણ છુટવાં મુશ્કેલ થઈ પડશે, માટે વચન બોલો તે ઘણા વિચારથી બોલો

૯૮ મનુષ્યો સુઇ રહે છે પણ તેનો પુણ્યરૂપી દિવો સુઇ રહેતો નથી.

૯૯ ૧ જનની (માતા), ૨ જન્મભૂમિ, ૩ પ્રાત કાળની

મીઠી નિદ્રા, ૪ કોમળ વચનથી બંધાયેલી મિત્રતા, અને પાંચમો પ્રિયજન, આ પાંચને બહુ મુશ્કેલીથી છોડી શકાય છે.

૧૦૦ આપણે આ સંસારરૂપી નાટકમાં નટની પેઠે અનેક પ્રકારના વેશ લાવી લાવીને થાકયા, હવે તો એવો વેશ લાવો કે જેથી મુક્તિરૂપી સ્રીના વલ્લભ થઇએ.

૧૦૧ હે જીવ, તું તારી ઉંચી અથવા નીચી પ્રાપ્ત થયેલી અવસ્થાને જોઇ હર્ષ શોક શા માટે કરે છે, ધ્યાન દે, ગાડીનાં પૈડાં તરફ જે ભાગ હાલ ઉચો થયેલો છે તે અનુક્રમે નીચો આવશે અને નીચો થયેલો છે તે અનુક્રમે ઉચો આવશે માટે મધ્યસ્થતા રાખી આત્મહિત સંપાદન કર.

૧૦૨ ચહાય તમો મોટા પર્વતના શીખર ઉપર આરૂઢ થઈ જાઓ, સમુદ્રને પેલે પાર ચાલ્યા જાઓ, અથવા પાતાળમા ચાલ્યા જાઓ તોપણ તમને તમારૂં શુભાશુભ કર્મ કેમ છોડશે?

૧૦૩ વનમાં અનેક પંખીઓના એક સાથે થતા અવાજમાથી પુષ્કોકીલ પંખી જેમ પોતાના જેવા મધુર અવાજ સાભળી પોતાના બચ્ચાનુ અનુમાન કરી લે છે તેમ ગુરૂ પણ પોતાના શિષ્યનુ નિતિયુકત મધુર વચન સાભળી તેની ઉત્તમતાનું અનુમાન કરી લે છે.

૧૦૪ ભોજનઅર્થિ પુરૂષ જેમ મક્ષિકા વિનાનું સ્થાનક પસદ કરે છે તેમ સમાધિના અર્થિ પુરૂષો સ્ત્રી વિનાનું સ્થાનક પસદ કરે છે.

૧૦૫ દોરગી અને દિવાની દુનિયાનો વિશ્વાસ શો ? ઘડીમા આમ બોલે અને ઘડીમા કેમ બોલે, માટે આપણે ઉભય (બન્ને) લોક હિતકારી ચાલતુ કામ બધ રાખો નહીં.

૧૦૬ ખરૂં છે, ભાગ્ય રહિત જનો અવસર આવે વસ્તુનો લાભ લેઇ શકતા નથી, કહ્યુ છે કે —

ભાગ્યહીનકો ના મીલે, બડીબાતકો ભોગ,
દ્રાક્ષપાક જલ ફાગમાં, તબ કાગકો રોગ ॥૧॥

૧૦૭ જે ધી (બુદ્ધિ) માન, શ્રીમાન થઇ પૈસાદારથી દબાય છે, અને તે મિથ્યા સ્તુતિ કરવા પ્રવર્ત્તે છે તે શ્રુતદેવી (સરસ્વતીનો) પુત્ર નથી.

૧૦૮ આપણને પ્રત્યક્ષ તો ભગવાન રીખવદેવ કે મહાવીર, વિષ્ણુ, શીવ કે બ્રહ્મા કોઇ પણ નજરે આવતું નથી પણ તેઓનુ સ્વરૂપ અને તેઓના ગુણ, તેઓનાંજ પ્રણીત કરેલાં આગમોથી જાણ્યા પછી તેની સર્વજ્ઞતાનુ અનુમાન કરો

૧૦૯ જો ગાણા ઘરામા પાણી અને ચારણીમા સૂક્ષ્મ આટો ઘણીવાર ટકે તોજ સ્ત્રીના હૃદયમાં રહસ્યની વાત ઘ-

ણીવાર ટકે માટે પુરૂષોએ સ્નેહમા આવીને પણ સ્ત્રીને રહસ્ય કહેવુ નહિ.

૧૧૦ કાંઇ બૌધો અમારા શત્રુ નથી, સાંખ્યો મિત્રો નથી, જિનેશ્વરે કાંઇ આપ્યું નથી, અને કૃષ્ણાદિ મતાવલં. બીઓએ અમારૂં કાઇ ચોરાવ્યું નથી, છતાં અમે જે જિનેશ્વરોમાં આસકત થયા છીએ તેનુ એજ કારણ છે કે સદા જગતને હિતોપદેશ્યા અને યુકતાયુક્ત વચન વકતા જિન સિવાય બીજો કોઇ માલમ પડતો નથી.

૧૧૧ એક દેવનુ શરીર ગૌરીથી અધીષ્ટીત છે, એક દેવનુ મસ્તક ગગાથી અવગાહીત છે, એક દેવનું વૃક્ષસ્થલ લક્ષ્મીથી અલકીત છે અને એક દેવનુ નિર્વિકારી શરીર યોગ સમધિથી અલકીત છે, કહો હવે પરમાત્માની પદવીનો અધિકારી કોણ ?

૧૧૨ અષ્ટાદશ દૂષણથી રહિત અરિહત મારા દેવ, સુસાધુ મારા ગુરૂ, અને જીન પ્રણીત તત્વ મારે પ્રમાણ આવો ! જે અત કરણમા શુભ ભાવ ઉત્પન્ન થયો તેનુંજ નામ સમ્યકત્વ છે.

૧૧૩ ઇદ્રપણુ, ચક્રવર્ત્તિપણુ, અન્ય હુકમ હોદ્દા વિગેરેનું ઠકુરાઇપણુ પામવું સુલ્લભ છે પણ એક અમુલ્ય સમ્યક્ત્વરત્ન પામવું જીવને બહુ દુર્લભ છે.

૧૧૪ સમકીત પામ્યા પછી જીવને અર્ધપુદ્ગળ પરાવર્ત્તન

(ઘણોજ થોડો કાળ) સસાર ભ્રમણ કરવો રહે છે.

૧૧૫ સમકીત અવસ્થામા જીવ વૈમાનીક વિના બીજી ગતિનું આયુષ્ય બાધે નહિ, પણ જો સમકીત પામ્યા પહેલાં અન્ય બીજી કોઇ ગતિનુ આયુષ્ય બાધી લીધુ હોય તો તે ગતિમાં જવુ પડે.

૧૧૬ સમકીત અવસ્થામાં કરેલી સતક્રિયાજ જીવને મુકિત દેનાર થાય છે.

૧૧૭ અતીચાર દુષણયુકત અનુષ્ઠાન કરતાં કરતાં કોઇ કોઇ દિવસ નિરતિચાર અનુષ્ઠાનપણુ બની આવશે.

૧૧૮ સામાયકમાં બેસી જે પુરૂષ સ્વજન પરજનમાં અને નીંદા પ્રશસામાં સમભાવ રાખશે તેનુજ સામાયક મોક્ષનો હેતુ થશે.

૧૧૯ તમારૂં મન સામાયકમા ન ટકતું હોય તો તમારા મગજને કટાળો ન આવે અને મનને લોભાવે એવું રસીક શાસ્ત્ર વાચવુ શરૂ કરો.

૧૨૦ એક પુરૂષ પ્રતિદિન લાખ ખાડી સુવર્ણનુ દાન કરે છે, અને એક પુરૂષ શુદ્ધ ભાવથી યથાવિધિ સામાયક કરે છે. આ બનેમાં વધારે પુણ્યાનુબધી પુણ્યની પ્રાપ્તિ સામાયક કરનારને છે.

૧૨૧ જેમ આજ્ઞાખંડનકારી પુરૂષ યદ્યાપિ માહાનુભુતિ સંયુકત તીર્થંકર ભગવતની ત્રિકાળ પુજા કરે અથવા

મુનિપણું લઇ ગૌતમસ્વામિ સદૃશ ક્રિયા કરે તોપણ નિરર્થક કહો.

૧૨૨ જેમ મૃતક (મરી ગયેલાં) શરીરને શૃગારવું અને અ-રણ્યમાં રહેતાં (અટવીમાં) રૂદન કરવું નિષ્ફળ છે તેમ વીતરાગની આજ્ઞારહિત સર્વ અનુષ્ઠાન નિષ્ફળછે.

૧૨૩ કોઇ પુરૂષ ક્રોડ સોનૈયાનું દાન દે અને કોઈ પુરૂષ સુવર્ણમય જિનભુવન કરાવે, બન્નેને જેટલું પુન્ય થાય તેટલું પુન્ય મન, વચન અને કાયાથી **બ્રહ્મચર્યવ્રત પાળનારને થાય.**

૧૨૪ જેમ રાજાની આજ્ઞા ભંગ કરવાથી આલોકમાં મનુષ્યને ધન વિગેરેનો દંડ થાય છે તેમ સર્વજ્ઞ ભગવાનની આજ્ઞાનો ભગ કરવાથી જીવને પરલોકમાં અનંત સં-સાર ભ્રમણનો દડ થાય છે.

૧૨૫ પર્વતો ચલાયમાન થાય પણ સર્વજ્ઞાનીનુ વચન ચ-લાયમાન થાય નહિ

૧૨૬ ઉપકારને વિસ્મરણ કરી અપકારને સ્મરણ કરવાની શક્તિ દુર્જનના અતઃકરણને જીતે છે

૧૨૭ અતઃકરણની મલીનતા રાખી બહારથી શાંત પ્રકૃતિ રાખનાર કરતાં તામસી પ્રકૃતિવાળા મનુષ્યને તમે વ ધારે ઉત્તમ ગણજો; કેમકે તામસી પ્રકૃતિવાળો અંતઃ-

કરણની શાતિ ઇચ્છનાર છે અને પ્રતિપક્ષી (શા ત પ્રકૃતિવાળો) બહારની શાન્તિ ઇચ્છનાર છે.

૧૨૮ જ્યાં સુધી તમે રાગ કેશરી અને દ્વેષ ગજેન્દ્ર વશ કર્યા નથી ત્યાં સુધી સસારઅટવીનો તમે પાર પામી શકવાના નથી

૧૨૯ જેઓ સમુદ્રના મેખલા પર્યંત ભુમીનુ નીષ્કટક રાજ્ય કરનાર હતા તેઓને પણ એકવાર એવો વખત આવી ગયો કે જેઓને ભોજનને માટે વીંટી અને બાજુબધો વેચવાં પડયાં ત્યારે આપણને આ તુચ્છ વિપદાથી આશ્ચર્ય શેનુ ?

૧૩૦ કદાચિત સ્ત્રી પ્રતીકુળ વર્ત્તણુકવાળી હોય તોપણ પુરૂષોએ પોતાની સ્ત્રીને મારવી નહીં, કેમકે તેથી કલેશ ઉત્પન્ન થાય છે અને કલેશથી ઘરની લક્ષ્મીનો નાશ થાય છે માટે તેઓની સાથે મૌન રહી પ્રક્ષક (જુદી) શય્યા (પથારી) કરશો તો તે થોડી શીક્ષા નથી.

૧૩૧ નિશ્ચયનયથી આત્મા નિર્લેપ છે અને વ્યવહારનયથી આત્મા સલેપ છે.

૧૩૨ નિશ્ચયનયને અંતરગમાં ધારણ કરી વ્યવહારનય પ્રમાણે મોક્ષ સાધનમા પ્રવર્ત્તમાન થવું આ હેતુ પુષ્ટિ છે.

૧૩૩ હે મુનિઓ ? મોહરાજાની સાથે તાજું વેર કરી નીકળ્યા છો તો હવે દ્રવ્યથી અથવા ભાવથી કદી એકલા રહેશો નહિ.

૧૩૪ દુર્જનનું ચરિત્ર ખરેખર રીતે દુર્જન જાણે છે.

૧૩૫ જ્યાં સ્નેહ છે ત્યાં બહુ દુઃખ છે. જ્યાં સુધી સ્નેહ બંધાણો નથી ત્યાં સુધીજ સુખ છે.

૧૩૬ સ્નેહનુ બંધન તોડવાને હજાર હાથી અને હજાર ઘોડા લાવવા પણ વ્યર્થ છે અર્થાત્ તે બધન પોતાના સિવાય કોઇ તોડી શકાવે નહીં.

૧૩૭ સ્ત્રી મોહરાજાની રાજધાની છે એ વાત ખરી છે પરતુ જો તેના શરીરના અદરના ભાગનો દેખાવ બહાર દેખવામા આવે તો તેજ સ્ત્રી ધર્મરાજાની રાજધાની થઇ પડે

૧૩૮ રે જીવ! જેને તારે જીતવા છે તે તને જીતનીય છે. વિચાર કર! વિચાર કર!

૧૩૯ ગેરઉપયોગથી અર્થ કરનારને શાસ્ત્ર પણ શસ્ત્ર થઇ પડે છે.

૧૪૦ કોઈની હાંસી કરશો નહિ. હાંસી કરવાથી માઠું પરિણામ આવે છે

૧૪૧ બહુ વ્યવસાયવાળાને (વેપારવાળાને) જઇ પુછો. હે ભાઇ! તમને આથી કેટલું સુખ છે. જો કહે તદ્દન દુઃખ તદ્દન દુઃખ તો પછી આપણે તે વ્યવસાય (વ્યાપાર) થી દૂર રહેવા કેમ ઉદ્યમી ન થવુ જોઇએ

૧૪૨ પ્રાતઃકાળમાં જેવુ નિર્મળ ધ્યાન થઇ શકે છે કે તેવું બીજા સમયમા થઇ શકતુ નથી.

૧૪૩ જે જમીનના હાલમાં આપણે માલીક થયા છીએ તે જમીનના પુર્વકાળે કેટલા માલિક થઇ ગયા અને આવતા કાળમાં કેટલા થશે તેનો વિચાર કરી પછી ગર્વ કરવો હોય તો કરજો

૧૪૪ પંડીત પુરૂષે મુર્ખ, દુવિધ, સ્ત્રી અને બાળક એ ચારની સાથે કદી પણ વિશ્વાસ કરવો નહિ.

૧૪૫ જો તમારે જ્ઞાનનું ખરેખરી રીતે આરાધન કરવુ હોય તો બનતે પ્રસગે જ્ઞાનનો અને જ્ઞાનીનો વિનયભક્તિ કરો અને લઘુનીતી અને વડી નીતી-સ્નાન, મૈથુન અને ભોજન કરતી વેળાએ શબ્દ ઉચ્ચારણ ન કરશો.

श्री सद्गुरु चरणार्पणमस्तु.

આ પરમતત્વ છે તેનો મને સદાય નિશ્ચય રહો તે યથાર્થ સ્વરૂપ મારા હૃદય વિશે પ્રકાશ, જન્મમરણાદિ બંધન અત્યત નિવૃત્તિ થાઓ. હે જીવ આ કલેશરૂપી સસારથી વીરામ પામ, વીરામ પામ કાઇક વિચાર, પ્રમાદ છોડી જાગ્રત થા, જાગ્રત થા નહીં તો રત્નચિંતામણી જેવો આ મનુષ્યદેહ નિષ્ફળ જશે. હે જીવ હવે તારે સત્પુરૂષની આજ્ઞા નિશ્ચયે ઉપાસવા યોગ છે.

શ્રી ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ !

મહાવીરજિન સ્તુતિ.

મુને તે દીનનો વિશ્વાસ છે, હાંહાંરે સાહેબજી તુમ રો;
હાંહાંરે મહાવીરજી તુમારો, તે રે દહાડાનો વિશ્વાસ છે.
ચોસઠ ઇંદ્રે સ્થાપીયારે, ઇંદ્રાસન આપ્યું હાંહારે.
રાજ્ય રિદ્ધિ સુખ સંપદારે, સમકિત સ્થિર સ્થાપ્યું
હાંહારે. તે દીન. ૧.
ભક્ત ભલી પરે ઉધર્યારે, એતો શેઠ સુદર્શન, હાહારે.
શુળી ભાગી સાહીએરે, કીધું સિંહાસન. હાંહારે. તે દીન. ૨
ચારિત્રથી ચુકી કરીરે, ગણીકા ઘેર વસીયા, હાંહાંરે.
અખાડો નંદીષેણ ઉધર્યોરે, તુમે ભક્તિના રસીયા
હાંહાંરે. તે દીન ૩
બારે વ્રતમાં કો નહીં, કાંઈ નીયમ ન લીધું; હાહાંરે.
શ્રેણીક ભક્તિ જાણી કરીરે, તેને નિજપદ દીધું.
હાંહારે. તે દીન. ૪
ચંદનબાળાને બારણે પ્રભુ ચાલીને આવ્યા; હાંહાંરે.
બેડી ભાગી નેઉરકર્યારે, શણગાર પહેરાવ્યાં. હાહાંરે તે દીન. ૫
અગ્નિજવાળા અંગે વસેરે, વિષધર વિકરાળો; હાંહાંરે.
ચરણે ડસ્યો ચંડકોશિયોરે, ઉધર્યો નાગ કાળો હાંહાંરે. તે દીન. ૬
ભક્ત ભલા બુરા ઉધર્યારે, એતો શાસ્ત્ર વખાણે; હાહાંરે.
નાથ નિરંજન લ્હેરમાંરે, રૂપચંદ રસ માણે હાંહાંરે. તે દીન. ૭

श्री यशोविजयजी कृत चोवीशी.

अथ श्री ऋषभदेव जिन स्तवन.

મહાવિદેહ ક્ષેત્ર સોહામણું-એ દેશી.

જગજીવન જગ વાલહો, મારૂદેવી નંદ લાલરે,
મુખ દીઠે સુખ ઉપજે, દરિસણ અતિહિ આણંદ લાલરે. ૧
આખડી અંબુજ પાંખડી, અષ્ટમી સસીસમ ભાલ લાલરે;
વદન તે સારદ ચંદલો, વાણી અતિહિ રસાલ લાલરે. ૨
લક્ષણ અંગે વિરાજતાં, અડહિય સહસ ઉદાર લાલરે;
રેખાકર ચરણાદિકે, અભ્યંતર નહિ પાર લાલરે ૩
ઇંદ ચંદ્ર રવિ ગિરીતણા, ગુણ લેઈ ઘડીયું અંગ લાલરે;
ભાગ્ય કિહાંથકી આવીયું, અચરિજ એહ ઉતંગ લાલરે. ૪
ગુણ સઘળા અંગે કરયા, દુર કરયા સવિ દોષ લાલરે;
વાચક જસવિજયે થુણ્યો, દેજો સુખનો પોષ લાલરે. ૫

अथ श्री अजितनाथ जिन स्तवन.

નિંદરડી વેરણ હોઇ રહી.-એ દેશી.

અજિત જિણંદસ્યું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગકે;
માલતી ફુલે મોહિયો, કિમ બેસે હો બાવળતરૂ ભૃંગકે. અ૦ ૧

ગંગાજળમાં જે રમ્યા, કિમ છીલ્લર હો રતિ પામે મરાલકે;
સરોવર જળ જળધર વિના, નવિ ચાહે હો જગચાતક બાલકે. અ૦ ૨
કોકિલકલ કૂજિત કરે, પામી મંજરી હો પંજરી સહુકારકે;
ઓછા તરૂવર નવિ ગમે, ગિરૂઆસુ હો હોયે ગુણનો પ્યારકે. અ૦ ૩
કમલીની દિનકર કર ગ્રહે, વળી કુમદની હો ધરે ચંદશું પ્રીતકે;
ગોરી ગિરીશ ગિરિધર વિના, નવિ ચાહે હો કમલ નિજ ચિત્તકે. અ૦ ૪
તિમ પ્રભુસ્યું મુજ મન રમ્યું, બીજાશું હો નવિ આવે દાયકે,
શ્રી નયવિજય સુગુરૂતણો, વાચકજસ હો નિત્ય નિત્ય ગુણ ગાયકે. અ૦ ૫

અથ શ્રી સંભવનાથ જિન સ્તવન.

મન મધુકર મોહી રહ્યો—એ દેશી.

સંભવ જિનવર વિનતી, અવધારો ગુણ ગ્યાતારે;
સ્વામી નહિ મુજ ખિજમતે, કદિય હોસ્યો ફળદાતારે. સં. ૧
કરજોડી ઉભો રહું, રાત દિવસ તુમ ધ્યાનોરે;
જો મનમાં આણો નહીં, તો શું કહિયે છાનોરે. સં. ૨
ખોટ ખજાને કો નહીં, દીજે વંછીત દાનોરે;
કરૂણા નજર પ્રભુજી તણી, વાધે સેવક વાનોરે. સં. ૩

કાળ લબ્ધ નહી મતિ ગણો, ભાવ લબ્ધ તુજ હાથેરે;
લડથડતું પણ ગયબચ્ચું, ગાજે ગજવર સાથેરે. સ. ૪
દેસ્યો તો તુમહી ભલા, બીજા તો નવિ યાચુંરે;
વાચકજસ કહે સાઇસું, ફળસ્યે એ મુજ સાચુ રે. સ. ૫

अथ श्री अभिनंदन जिन स्तवन.

સુણજો પ્રભુ—એ દેશી.

દીઠી હો પ્રભુ દિઠી જગગુરૂ તુજ મુરતિ,
હો પ્રભુ મૂરત મોહન વેલડીજી;
મીઠી હો પ્રભુ મીઠી તાહરી વાણિ,
લાગે હો પ્રભુ લાગે જેસી સેલડીજી. ૧
જાણું હો પ્રભુ જાણું જનમ કયથ્થ,
જોઉં હો પ્રભુ જોઉં તુમ સાથ મિલ્યોજી;
સુરમણી હો પ્રભુ સુરમણી પામ્યો હથ્થ,
આંગણે હો પ્રભુ આંગણે મુજ સુરતરૂ ફલ્યોજી. ૨
જાગ્યા હો પ્રભુ જાગ્યાં પુણ્ય અંકુર,
માગ્યા હો પ્રભુ માગ્યા પાસા ઢળ્યાજી,
વુઠ્યા હો પ્રભુ વુઠ્યા અમીરસ મેહ,
નાઠા હો પ્રભુ નાઠા અશુભ શુભ દિન વળ્યાજી. ૩
ભૂખ્યા હો પ્રભુ ભૂખ્યા મિલ્યા ઘૃત પુર,

તરસ્યા હો પ્રભુ તરસ્યાં દિવ્ય ઉદક મિલ્યાંજી;
થાકયાં હો પ્રભુ થાકયાં મિલ્યા સુખપાલ,
ચાહતાં હો પ્રભુ ચાહતાં સજ્જન હેજે હુલ્યાજી. ૪
દીવો હો પ્રભુ દીવો નિસા વિણુ ગેહ,
શાખી હો પ્રભુ શાખી થલે જલનૌકા મિલિજી;
કલિયુગે હો પ્રભુ કલિયુગે દૂલહો મુઝ,
દરિસણુ હો પ્રભુ દરિસણુ લહ્યું આશા ફળીજી. ૫
વાચક હો પ્રભુ વાચકજસ તુમ દાસ,
વીનવે હો પ્રભુ વીનવે અભિનંદન સુણોજી;
કહીયે હો પ્રભુ કહીયે મ દેસ્યો છેહ,
દેજો હો પ્રભુ દેજો સુખ દરિસણુ તણોજી.

અથ શ્રી સુમતિ જિન સ્તવન.

ઝાંઝરીયા મુનીવરની—એ દેશી.

સુમતિનાથ ગુણશું મિલીજી, વાધે મુજ મન પ્રીત;
તેલબિંદુ જિમ વિસ્તરેજી, જળમાંહિ ભલિ રીત.
સોભાગી જિનસું લાગો અવિહડ રંગ. ૧
સજ્જનસું જે પ્રીતડીજી, છાની તે ન રખાય,
પરિમલ કસ્તુરી તણોજી, મહિમાહિ મહુકાય. સો. ૨
અંગુલીયે નવિ મેરૂ ઢંકાયે, છાબડીયે રવિ તેજ;
અંજલીમાં જિમ ગંગ ન માયે, મુજ મન તીમ પ્રભુ હેજ. સો ૩

હુઓ છીપે નહી અધર અરૂણ જિમ, ખાતા પાન સુરંગ;
પીવત ભરભર પ્રભુગુણ પ્યાલ, તિમ મુજ પ્રેમ અભંગ. સો. ૪
ઢાંકી ઇક્ષુ પરાલશુંજી, ન રહે લહી વિસ્તાર,
વાચકજસ કહે પ્રભુ ગુણેજી, તિમ મુજ પ્રેમ પ્રકાર. સો. ૫

અથ શ્રી પદ્મ પ્રભુ સ્તવન.

સહજ સલુણા હો સાધુજી—એ દેશી

પદ્મપ્રભુ જિન જઇ અળગા રહ્યા, જિહાથી નાવે લેખોજી;
કાગળ ને મસિ તિહાં નવિ સપજે, ન ચળે વાટ વિશેષોજી;
સુગુણ સનેહારે કદીય ન વીસરે. ૧
ઇહાંથી તિહાં જઇ કોઇ આવે નહી, જેહ કહે સદેશોજી;
જેહનું મિલવુંરે દોહિલું તેહશું, નેહતે આપ કિલેશોજી. સુ. ૨
વીતરાગસ્યુંરે રાગ તે એકપખો, કીજે કવણ પ્રકારોજી;
ઘોડો દોડેરે સાહિબ કાજમાં, મનનાણે અસવારોજી. સુ. ૩
સાચિ ભગતિરે ભાવનરસ કહ્યો, રસ હોયે તિહાં દોએ રીઝેજી;
હોડાહોડેરે બેહુ રસ રીઝથી, મનના મનોરથ સીઝેજી. સુ.૪
પણ ગુણવંતારે ગોઠે ગાજીએ, મોટા તે વિશ્રામોજી;
વાચકજસ કહે એહજ આશરે, સુખ લહુ ઠામોઠામજી. સુ. ૫

અથ શ્રી સુપાર્શ્વ જિન સ્તવન.

લાછલદે માત મલાર.—એ દેશી.

શ્રી સુપાર્શ્વ જિનરાજ, તું ત્રિભુવન સિરતાજ;
આજે હો છાજેરે ઠકુરાઇ, પ્રભુ તુજપદ તણીજી. ૧
દિવ્ય ધ્વની સૂરફુલ, ચામર છત્ર અમૂલ;
આજે હો રાજેરે ભામંડલ ગાજે દુંદુભિજી. ૨
અતિશય સહજના ચ્યાર, કરમ ખપ્યાથી ઇગ્યાર;
આજે હો કીધારે, ઓગણીસે સુર ગુણ ભાસુરેજી. ૩
વાણી ગુણ પાત્રીસ, પ્રતિહારજ જગદીસ,
આજે હો રાજેરે, દીવાજે છાજે આઠશુંજી. ૪
સિંહાસન અશોક, બેઠા માંહે લોક,
આજે હો સ્વામીરે, શિવગામી વાચકજસ થુણ્યોજી. ૫

અથ શ્રી ચંદ્રપ્રભુ જિન સ્તવન.

ધણરા ઢોલાની—દેશી.

ચંદ્રપ્રભુ જિન સાહિબારે, તુમેછો ચતુરસુજાણ, મનના માન્યા;
સેવા જાણો દાસનીરે, દેશો ફલ નિરવાણ. મ. ૧
આવો આવોરે ચતુર સુખ ભોગી;
કીજે વાત એકાંત અભોગી, ગુણ ગોઠે પ્રગટે પ્રેમ. મ०

આંચલી ઓછું અધિકું પણ કહેરે, આ સંગાયત જેહ. મ૦
આપે ફળ જે અણ કહેરે, ગિરૂઓ સાહિબ તેહ. મ. ૨
દીન કહ્યા વિણ દાનથીરે, દાતાનિ વાધે મામ, મ૦
જલ દીયેં ચાતક ખીજવીરે, મેઘ હુવો તેણે શ્યામ. મ. ૩
પિઉ પિઉ કરી તુમને જપૂરે, હું ચાતક તુમે મેહ. મ૦
એક લહેરમાં દુખ હરોરે, વાધે બમણો નેહ. મ. ૪
મોડું વહેલું આપવુંરે, તો શી ઢીલ કરાય; મ૦
વાચકજસ કહે જગધણીરે, તુમ તુઠે સુખ થાય. મ. ૫

અથ શ્રી સુવિધિજિન સ્તવન.

સુણો મેરી સજની રજની ન જાવેરે—એ દેશી.

લઘુ પણ હું તુમ મન નવી માવુરે,
જગગુરૂ તુમને દિલમા લાવુંરે,
કુણને એ દીજે સાબાશીરે,
કહો શ્રી સુવિધિ જિણંદ વીમાશીરે. લઘુ૦ ૧
મુજ મન અણુમાંહે ભગતિ છે ઝાઝીરે,
તેહ દરીનો તુ છે માઝીરે,
યોગી પણ જે વાત ન જાણેરે,
તે અચરિજ કુંણથી હુઓ ટાણેરે લઘુ૦ ૨
અથવા થિરમાંહે થિર ન માવેરે,

મોટો ગજ દરપણુમા આવેરે,
જેહને તેજે બુદ્ધિ પ્રકાશીરે,
તેહને દીજે એ સાબાશીરે. લઘુ૦ ૩
ઉર્ધ્વ મૂલ તરૂવર અધ શાખારે,
છંદ પુરાણે એહવી છે ભાષારે,
અચરિજ વાલે અચરિજ કીધુ રે,
ભગતે સેવક કારજ સીધુંરે. લઘુ૦ ૪
લાડ કરી જે બાળક બોલેરે,
માતા પીતા મન અમીયને તોલેરે;
શ્રી નયવિજય વિબુધનો શિષ્યોરે,
જસ કહે એમ જાણો જગદીસોરે. લઘુ૦ ૫

અથ શ્રી શીતલનાથ જિન સ્તવન.

આલ અલિ કહિ આવેગો—એ દેશી.

શ્રી શીતલ જિન ભેટીયે, કરી ચોખુ ભગતે ચિત્ત હો,
તેહથી કહો છાનું કિસ્યું, જેહને સુપ્યા તન મન વિત્ત. હો. શ્રી. ૧
દાયક નામે છે ઘણાં, પણ તું સાયર તે કૂપ હો,
તે બહુ ખજુઆ તગતગે, તું દિનકર તેજ સ્વરૂપ હો. શ્રી. ૨
મોટો જાણી આદર્યો, દારિદ્ર ભાગો જગતાત હો,
તું કરૂણાવત શિરોમણિ, હુ કરૂણાપાત્ર વિખ્યાત હો. શ્રી ૩

અંતરયામી સવી લહો, અમ મનની જે વાત હો;
મા આગલ મોસાળના, શા વરણવવા અવદાત હો. શ્રી. ૪
જાણો તો તાણો કિસ્યું, સેવાફળ દીજે દેવ હો
વાચકજસ કહે ઢીલની, એ ન ગમે મુઝમન ટેવ હો. શ્રી. ૫

अथ श्री श्रेयांसजिन स्तवन.

કર્મ ન છુટેરે પ્રાણીયા—એ દેશી.

તુમે બહુ મિત્રીરે સાહીબા, માહરે મન તો એક,
તુમ વિણ બીજોરે નહિ ગમે, એ મુઝ મોટીરે ટેક.
શ્રી શ્રેયાંસ કૃપા કરો. ૧
મન રાખોરે તુમે સવિ તણા, પણ કિહાંએ મળી જાઓ;
લલચાવો લખ લોકને, શાથી સહજ ન થાઓ. શ્રી૦ ૨
રાગ ભરે જન મન રહ્યો, પણ ત્રિહુ કાળ વિરાગ;
ચિત્ત તુમારોરે સમુદ્રનો, કોય ન પામેરે તાગ શ્રી૦ ૩
એહવાશું ચિત્ત મેળવો, કેળવ્યું પહેલા ન કાંઇ,
સેવક નિપટ અબુઝ છે, નિરવહેસ્યો તુમે સાંઇ. શ્રી૦ ૪
નિરાગીશુંરે કિમ મળે, પણ મળવાનો એકાંત,
વાચક જસ કહે મુઝ મિલ્યો, ભગતિ કામણ તંત. શ્રી૦ ૫

અથ શ્રી વાસુપુજ્ય જિન સ્તવન.

સાહેબા મોતીડો હમારો—એ દેશી.

સ્વામી તુમે કાંઈ કામણ કીધુ, ચિતડુ અમારૂં ચોરી લીધુ;
અમે પણ તુમસ્યું કામણ કરસ્યું, ભગતિ ગ્રહી મનઘરમા ધરસ્યું,
સાહિબા વાસુપુજ્ય જિણંદા, મોહના વાસુપુજ્ય. સા. ૧
મનઘરમાં ધરીઆ ઘર શોભા, દેખત નિત રહેસ્યું થિર થોભા;
મનવૈકુંઠ અકુંઠિત ભગતે, યોગી ભાખે અનુભવ યુગતે. સા. ૨
કલેશે વાસિત મનસંસાર, કલેશ રહિત મન તે ભવપાર;
જો વિશુદ્ધ મનઘર તુમે આવ્યા, પ્રભુ તો અમે નવનિધિ
રિદ્ધિ પામ્યા. સા. ૩
સાતરાજ અલગા જઇ બેઠા, પણ ભગતે અમ મનમાંહે પેઠા;
અલગાને વલગા જે રહેવું, તે ભાણા ખડખડ દુખ સહેવું. સા. ૪
ધ્યાયક ધ્યેય ધ્યાન ગુણ એકે, ભેદ છેક કરસ્યું હવે ટેકે;
ખીર નીરપરે તુમશુ મળશું, વાચકજસ કહે હેજે હળશું. સા. ૫

અથ શ્રી વિમલ જિન સ્તવન.

નમોરે શ્રી શત્રુંજા ગિરિવર—એ દેશી.

સેવો ભવિયાં વિમલ જિણેસર, દુલહા સજ્જન સંગાજી;
એહવા પ્રભુનુ દરસણ લહેવું, તે આળસમાંહે ગંગાજી. ૧

અવસર પામી આળસ કરશે, તે મુરખમાં પહેલોજી;
ભૂખ્યાને જેમ ઘેબર દેતાં, હાથ ન માંડે ઘેલોજી. ૨
ભવ અનંતમાં દરસણ દીઠું, પ્રભુ એહવા દેખાડેજી;
વિકટ ગ્રંથી જે પોલિ પોલિયો, કર્મ વિવર ઉઘાડેજી. ૩
તત્વપ્રીતિ કરી પાણિ પાએ, વિમલાલોકે આંજિજી;
લોયણ ગુરૂ પરમાન્ન દિએ તવ, ભર્મ નાંખે સવિ ભાંજિજી. ૪
ભરમ ભાગો તવ પ્રભુસુ પ્રેમેં, વાત કરૂં મન ખોલીજી;
સરલતણે જે હુઇડે આવે, તેહ જણાવે બોલીજી. ૫
શ્રી નયવિજય વિબુધપય સેવક, વાચકજશ કહે સાચુંજી;
કોડી કપટ જો કોઇ દેખાવે, તો પ્રભુ વિણ નહીં રાચુંજી. ૬

अथ श्री अनंत जिन स्तवन.

શ્રી અનંત જિનશું કરો, સાહેલડિયા, ચોલ મજીઠનો રંગરે,
ગુણ વેલડિયાં.
સાચો રંગતે ધર્મનો સા૦ બીજા રંગ પતંગરે. ગુ૦ ૧
ધરમ રંગ જીરણ નહિ સા૦ દેહ તે જીરણ થાયરે. ગુ૦
સોનું તે વિણસે નહિ સા૦ ઘાટ ઘડામણ જાયરે. ગુ૦ ૨
તાંબુ જે રસ વેધીઉં સા૦ તે હોએ સાચુ હેમરે. ગુ૦
ફરિ ત્રાંબુ તે નવિ હોયે સા૦ એહવો જગગુરૂ પ્રેમરે. ગુ૦ ૩
ઉત્તમ ગુણ અનુરાગથી સા૦ લહિએ ઉત્તમ ઠામરે, ગુ૦

ઉત્તમ નિજ મહિમા વધે સા૦ દીપે ઉત્તમ ધામરે. ગુ૦ ૪
ઉદક બિંદુ સાયર ભળ્યો સા૦ જિમ હોય અક્ષય અભ ગરે.ગુ૦
વાચકજસ કહે પ્રભુ ગુણે સા૦ તિમ મુઝ પ્રેમ પ્રસંગરે ગુ૦ ૫

અથ શ્રી ધર્મનાથ જિન સ્તવન.

એડલે ભાર ઘણો છે રાજ વાતો કેમ કરો છો—એ દેશી.

થાસું પ્રેમ બન્યો છે રાજ, નિરવહેસ્યો તો લેખે,
મેં રાગી થે છો નિરાગી, અણજુડતે હોએ હાંસી.
એકપખો જે નેહ નિરવહીસ્યો, તેમાં શી સાબાશી. થાશું. ૧
નિરાગી સેવે કચું હોવે, ઇમ મનમેં નવિ આણુ,
ફલે અચેતન પણ જિમ સુરમણી, તિમ તુમ ભગતિ,પ્રમાણું.થાશું.૨
ચંદન શીતળતા ઉપજાવે, અગન તે શીત મિટાવે,
સેવકના તિમ દુ:ખ ગમાવે, પ્રભુ ગુણ પ્રેમ સ્વભાવે. થાશું.૩
વ્યસન ઉદય જે જલધી અણુ હરે, શશિનો તેજ સંબધે;
અણુ સબધે કુમુદ અણું હરે, શુદ્ધ સ્વભાવ પ્રબંધે. થાશું.૪
દેવ અનેરા તુમથી છોટા, થેં જગમા અધિકેરા,
જસ કહે ધર્મ જિણેસર થાશું, દીલ માન્યા હે મેરા. થાશું. ૫

અથ શ્રી શાંતિનાથ જિન સ્તવન.

ઘોડલિયો મુકયો સરોવરીયારી પાલ—એ દેશી

ધન દિન વેલા ધન ઘડી તેહ,
અચિરારો નંદન જિન જે દી ભેટશુંજી,
લહીસ્યુંરે સુખ દેખી મુખ ચંદ,
વિરહ વ્યથાના દુખ સવિ મેટસ્યુંજી. ૧

જાણ્યોરે જેણે તુમ ગુણ લેશ,
બીજારે રસ તેહુને મન નવિ ગમેજી;
ચાખ્યોરે જેણે અમી લવલેશ,
બાકસે બુકસે તસ ન રૂચે કિમેજી. ૨

તુઝ સમકિત રસ સ્વાદનો જાણ,
પાપ કુભકતે બહુ દિન સેવીઉજી;
સેવે જો કરમને યોગે તોહિ,
વાંછે તે સમકિત અમૃત ધુરે લિખ્યુંજી. ૩

તાહરૂં ધ્યાન તે સમકિત રૂપ,
તેહજ જ્ઞાનને ચારિત્ર તેહછેજી;
તેહથીરે જાએ સઘળાં પાપ,
ધ્યાતારે ધ્યેય સ્વરૂપ હોયે પછેજી. ૪

દેખીરે અદ્ભુત તાહરૂં રૂપ,

અચરિજ ભવિક અરૂપી પદવરેજી,
તાહરી ગત તું જાણે હો દેવ,
સમરણ ભજન તે વાચકજસ કહેજી ૫

અથ શ્રી कुंथुनाथ जिन स्तवन.

સાહેલાં હે કુંથુજિણેસર દેવ, રતનદીપક અતી દીપતો હો
લાલ; સાહેલાં હે.
મુજ મનમંદિર માંહિ આવેજો, અરીબલ જીપતો હો લાલ. સા. ૧
મિટે તો મોહ અંધાર, અનુભવ તેજે જલહલે હો લાલ. સા.
ધુમ કષાય ન રેખ, ચરણ ચિત્રામણ નવિ ચલે હો લાલ. સા. ૨
પાત્ર કરે નહિ હેઠ, સુરજ તેજ નવિ છીપે હો લાલ. સા.
સર્વ તેજનું તેજ, પહેલાથી વાધે પછે હો લાલ. સા ૩
જેહ ન મરૂતને ગમ્ય, ચચળતા જે નવિ લહે હો લાલ. સા.
જેહ સદા છે રમ્ય, પુષ્ટ ગુણે નવિ કૃષ રહે હો લાલ. સા. ૪
પુદ્ગલ તેલ ન ખેય, તેહને શુદ્ધ દશા દહે હો લાલ. સા.
શ્રી નયવિજય સુશીષ્ય, વાચકજસ એણીપરે કહે હો લાલ. સા. ૫

अथ श्री अरनाथ स्तवन.

આસણરા યોગી—એ દેશી.

શ્રી અરજિન ભવજલનો તારૂ, મુઝમન લાગે વારૂરે;
મનમોહન સ્વામી, બાહુ ગ્રહીએ ભવિજન તારે,
આણે શિવપુર આરેરે. મ૦ ૧
તપ જપ મોહ મહા તોફાને, નાવ ન ચાલે માનેરે. મ૦
પણ નવી ભય મુઝ હાથોહાથ, તારે તે છે સાથેરે. મ૦ ૨
ભગતને સ્વર્ગ સ્વર્ગથી અધિકું, જ્ઞાનીને ફળ દેઈરે. મ૦
કાયા કષ્ટ વિના ફળ લહીએ, મનમાં ધ્યાન ધરીયેરે. મ૦ ૩
જે ઉપાય બહુ વિધની રચના, યોગમાયા તે જાણોરે. મ૦
શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાય ધ્યાને, શિવ દીયે પ્રભુ સપરાણોરે. મ૦ ૪
પ્રભુપદ વળગ્યા તે રહ્યા તાજા, અલગા અ ગ ન સાજારે. મ૦
વાચકજસ કહે અવર ન ધ્યાઉં, એ પ્રભુના ગુણ ગાઉરે મ૦ ૫

अथ श्री मल्लीनाथ जिन स्तवन.

નાભીરાયાંકે બાગ—એ દેશી.

તુઝ મુઝ રિઝની રીઝ, અટપટ એહુ ખરીરી;
લટપટ નાવે કામ, ખટપટ ભાંજ પરીરી. ૧
મલ્લીનાથ તુઝ રીઝ, જનરિઝે ન હુયેંરી;

દોએ રિઝણને ઉપાય, સાહમું કાંઇ ન જુયેરી. ૨
દુરારાધ્ય છે લોકા સહુને સમન સરીરી;
એક દુહવાએ ગાઢ, એકુ જો બોલે હગીરી. ૩
લોક લોકોત્તર વાત, રિઝવે દોય જાઇરી;
તાત ચક્રધર પૂજ્ય, ચિંતા એહુ હઇરી. ૪
રીઝવવો એક સાંઇ, લોક તે વાત કરેરી,
શ્રી નયવિજય સુશિષ્ય, એહીજ ચીત ધરેરી. ૫

અથ શ્રી મુનિસુવ્રત જિન સ્તવન.

પાંડવ પાંચે વાંદતા—એ દેશી

મુનિસુવ્રત જિન વંદતાં, અતિ ઉલ્લસીત તન મન થાયરે;
વદન અનોપમ નિરખતાં, માહારા ભવ ભવનાં દુખ જાયરે.
માહારા૦ ૧
જગતગુરૂ જાગતો સુખકંદરે, સુખકંદ અમંદ આનંદ,
પરમગુરૂ જાગતો. સુ૦
નિશદિન સુતાં જાગતાં, હીયડાથી ન રહે દૂરરે.
જબ ઉપગાર સભારીયે, તવ ઉપજે આણંદ પૂરરે. જ૦ ૨
પ્રભુ ઉપકાર ગુણે ભર્યા, મન અવગુણ એક ન સમાયરે;
ગુણ ગુણ અનુબંધી હુઆ, તે તો અક્ષય ભાવ કહાયરે. જ૦ ૩
અક્ષય પદ દીયે પ્રેમ જે, પ્રભુનો તે અનુભવ રૂપરે,

અક્ષર સ્વર ગોચર નહિ, એતો અકલ અમાય અરૂપરે. જ૦ ૪
અક્ષર થોડા ગુણ ઘણા, સજ્જનના તે ન લિખાયરે,
વાચકજસ કહે પ્રેમથી, પણ મનમાંહે પરખાયરે. જ૦ ૫

अथ श्री नमिनाथ जिन स्तवन.

શ્રીનમિજીનની સેવા કરતા, અલિય વિઘન સવિ દૂર નાસેજી;
અષ્ટમહાસિદ્ધિ નવનિધી લીલા, આવે બહુ મહમૂર પાસેજી. શ્રી. ૧
મયમતા આગણ ગજ ગાજે, રાજે તેજી તુખાર તે ચગાજી,
બેટા બેટી બંધવ જોડી, લહીયે બહુ અધીકાર રગાજી. શ્રી ૨
વલ્લભ સંગમ રંગ લહીજે, અણુવાહલા હોયે દૂર સેહજેજી,
વાછાતણો વિલબ ન દુજો, કારજ સીઝે ભૂરિ સહેજેજી. શ્રી. ૩
ચદ્રકિરણ ઉજવલ યશ ઉલ્લસે, સુરજ તુલ્ય પ્રતાપી દીપેજી,
જે પ્રભુ ભક્તિ કરે નિત્ય વિનય, તે અરીયણ બહુ પ્રતાપી
જીપેજી. શ્રી. ૪
મગલમાયા લછિ વિશાળા, બાળા બહુલે પ્રેમ રગેજી,
શ્રી નયવિજય વિબુધપય સેવક, કહે લહીએ સુખ ખેમ અગેજી.
શ્રી. ૫

અથ શ્રી નેમિનાથ જિન સ્તવન.

આવી આટલા દિન હું જાણતો રે હાં—એ દેશી.

તોરણ આવી રથ ફેરી ગયા રે હાં, પશુઆં દેઈ દોષ; મેરે વાલિમા
નવ ભવ નેહ નિવારીયો રે હાં, શ્યો જોઈ આવ્યા જોષ. મે.
ચંદ્ર કલંકી જેહુથી રે હાં, રામને સીતા વિયોગ; મે૦
તેહ કુરંગને વયણડે રે હાં, પતિ આવે કુણ લોગ. મે. ૨
ઉતારી હું ચિત્તથી રે હાં, મુક્તિ ધુતારી હેત. મે૦
સિદ્ધ અનંતે ભોગવી રે હાં, તેહશું કવણ સંકેત. મે. ૩
પ્રીત કરતાં સોહિલી રે હાં, નિરવહેતાં જંજાળ. મે૦
જેહવો ખ્યાલ ખેલાવવો રે હાં, જેહવી અગનીની ઝાલ. મે. ૪
જો વિવાહ અવસરે દિઓ રે હાં, હાથ ઉપર નવિ હાથ. મે૦
તો દીક્ષા અવસર દીજીયે રે હાં, શિર ઉપર જગનાથ. મે. ૫
ઇમ વલવલતી રાજુલ ગઇ રે હાં, નેમિ કને વ્રત લીધ, મે૦
વાચકજસ કહે પ્રણમીયે રે હાં, એ દંપતી દોય સિદ્ધ. મે. ૬

અથ શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન.

વામાનંદન જિનવર મુનિમાંહે વડો રે, કે મુની માહે વડો.
જિમ સુરમાંહિ સોહે, સુરપતિ પરવડો રે. કે૦ સુર૦
જિમ ગિરિમાંહિ સુરાચલ મૃગમાં કેસરી રે, મૃગ૦
જિમ ચંદન તરૂમાંહિ, સુભટમાંહિ સુર અરિ રે. સુર૦ ૧
નદીય માહિ જિમ ગંગ, અનંગ સુરૂપમાં રે, અ૦

ફૂલમાંહિ અરવિંદ, ભરતપતિ ભૂપમાં રે, ભ૦
ઐરાવત ગજમાહિં, ગરૂડ ખગમાં યથા રે, ગ૦
તેજવત માંહિ ભાણ, વખાણમાંહિ જિન કથા રે. વ૦ ૨
મંત્રમાંહિ નવકાર, રત્નમાંહિ સુરમણિ રે, ર૦
સાગરમાહિ સ્વયંભૂરમણ, શિરોમણિ રે, શિ૦
શુક્લધ્યાન જિમ ધ્યાનમા, અતિ નિરમલપણે રે, અ૦
શ્રીનયવિજય વિબુધ પય, સેવક ઇમ ભણે રે. સે૦ ૩

અથ શ્રી મહાવીર જિન સ્તવન.

રાગ ધનાશ્રી.

ગિરૂઆરે ગુણ તુમતણા, શ્રી વર્દ્ધમાન જિનરાયા રે;
સુણતાં શ્રવણે અમી ઝરે, માહારી નિરમલ થાયે કાયારે. ગિ. ૧
તુમ ગુણ ગણ ગંગાજલે, હું ઝીલી નિરમલ થાઉં રે;
અવર ન ધંધો આદરૂ, નિશદિન તોરા ગુણ ગાઉં રે. ગિ. ૨
ઝીલ્યા જે ગંગાજળે, તે છીલ્લર જળ નવી પેસે રે;
જે માલતિ ફૂલે મોહિયા, તે બાવળ જઇ નવી બેસે રે. ગિ. ૪
એમ અમે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યાને વલી માચ્યા રે;
તે કેમ પર સુર આદરે, જે પરનારી વશ રાચ્યા રે. ગિ. ૩
તું ગતિ તું મતી આશરો, તું આલંબન મુજ પ્યારો રે;
વાચક જસ કહે માહરે, તું જીવ જીવન આધારો રે. ગિ. ૫

અથ શ્રી સીમંધર સ્વામિની વિનતીરૂપ સવાસો ગાથાનું સ્તવન.

ઢાળ પહેલી.

(એક દિન દાસી દોડતી—એ દેશી.)

સ્વામિ સીમંધર વીનતિ, સાંભળો માહરી દેવરે; તાહરી આણ હું શિર ધરૂં, આદરૂં તાહરી સેવરે ॥ સ્વામિ સીમંધર વિનતી ૧ ॥ કુગુરૂની વાસના પાશમાં, હરિણપરે જે પડ્યા લોકરે, તેહને શરણ તુજવિણ નહીં, ટળવળે બાપડા ફોકરે ॥ સ્વામિ૦ ૨ ॥ જ્ઞાન દર્શન ચરણ ગુણ વિના, જે કરાવે કુલાચારરે, લૂટે તેણે જગ દેખતાં, કિહાં કરે લોક પોકારરે ॥ સ્વામિ૦ ૩ ॥ જેહ નવિ ભવ તર્યા નિરગુણી, તારશે કેણી પેરે તેહરે, એમ અજાણ્યા પડે ફંદમાં, પાપ બંધે રહ્યા જેહરે ॥ સ્વામિ ૪ ॥ કામકુંભાદિક અધિકનું, ધર્મનું કો નવિ મૂલરે, દોકડે કુગુરુ તે દાખવે, શું થયું એહ જગ સૂલરે ॥ સ્વામિ૦ ૫ ॥ અર્થની દેશના જે દીએ, ઓલવે ધર્મના ગ્રંથરે, પરમ પદનો પ્રગટ ચોરથી, તેહથી કેમ વહે પંથરે ॥ સ્વામિ૦ ૬ ॥ વિષયરસમાં ગૃહી માચિયા, નાચિયા કુગુરૂ મદ પૂરરે; ધુમ ધામે ધમાધમ ચલી, જ્ઞાન મારગ રહ્યો દૂરરે ॥ સ્વામિ૦ ૭ ॥ કલહકારી

કદાગ્રહ ભર્યા, થાપતા આપણા બોલરે, જિનવચન અ- ન્યથા દાખવે, આજ તો વાજતે ઢોલરે ॥ સ્વામિ૦ ૮॥ કેઇ નિજ દોષને ગોપવા, રોપવા કેઇ મત કદરે; ધર્મની દે- શના પાલટે, સત્ય ભાષે નહીં મદરે ॥સ્વામિ૦ ૯॥ બહુ મુખે બોલ એમ સાંભળી, નવિ ધરે લોક વિશ્વાસરે, ઢુંઢતા ધર્મને તે થયા, ભ્રમર જેમ કમલ નિવાસરે. ॥ સ્વામિ૦ ૧૦॥

ઢાળ બીજી.

રાગ ગોડી.—ભોલીડા હંસારે વિષય ન રાચીએ.—એ દેશી.

એમ ઢુંઢતાં રે ધર્મ સોહામણો, મિલિઓ સદગુરૂ એક, તેહુને સાચોરે મારગ દાખવે, આણી રૂદય વિવેક. ॥શ્રીસીમધર સાહેબ સાંભળો. ૧૧ ॥ પરઘરે જોતાંરે ધર્મ તુમે ફરો, નિજ ઘરે ન લહોરે ધર્મ; જેમ નવિ જાણેરે મૃગ કસ્તુરીઓ, મૃગમદ પરિમલ મર્મ. ॥શ્રી૦ ૧૨॥ જેમ તે ભૂલોરે મૃગ દિશિ દિશિ ફરે, લેવા મૃગમદ ગંધ, તેમ જગે ઢુંઢેરે બાહિર ધર્મને, મિથ્યાદૃષ્ટિરે અંધ ॥શ્રી૦ ૧૩॥ જાતિ અંધનોરે દોષ ન આકરો, જે નવિ દેખેરે અર્થ; મિથ્યા- દૃષ્ટિરે તેહુથી આકરો, માને અર્થ અનર્થ. ॥શ્રી૦ ૧૪॥ આપ પ્રશસેરે પરગુણ ઓળવે, ન ધરે ગુણનોરે લેશ; તે જિન વાણીરે નવિ શ્રવણે સુણે, દિએ મિથ્યા ઉપદેશ. ॥શ્રી૦ ૧૫॥ જ્ઞાન પ્રકાશેરે મોહતિમિર હરે, જેહને સદગુરૂ સૂર; તે નિજ દેખેરે સત્તા ધર્મની, ચિદાનંદ ભરપૂર. ॥ શ્રી૦ ૧૬॥

જેમ નિર્મલતારે રતન સ્ફટિકતણી, તેમ જે જીવસ્વભાવ; તે જિન વીરેરે ધર્મ પ્રકાશીઓ, પ્રબળ કષાય અભાવ. ॥શ્રી૦ ૧૭॥ જેમ તે રાતેરે ફૂલે રાતડું, શ્યામ ફૂલથીરે શ્યામ, પાપ પુણ્યથારે તેમ જગજીવને, રાગ દ્વેષ પરિણામ. ॥શ્રી૦ ૧૮॥ ધર્મ ન કહિએરે નિશ્ચે તેહને, જેહ વિભાવ વડવ્યાધિ; પહેલે અંગેરે એણીપરે ભાષિયું, કરમે હોએ ઉપાધિ. ॥શ્રી૦ ૧૯॥ જે જે અંશેરે નિરૂપાધિકપણું, તે તે જાણોરે ધર્મ; સમ્યક્ દૃષ્ટિરે ગુણઠાણાથકી, જાવ લહે શિવશર્મ. ॥શ્રી૦ ૨૦॥ એમ જાણીનેરે જ્ઞાનદશા ભજી, રહીએ આપ સ્વરૂપ; પર પરિણુતિથીરે ધર્મ ન છાંડિએ, નવિ પડિએ ભવકૂપ. ॥શ્રીસમધર સાહેબ સાંભળો. ૨૧॥

ઢાળ ત્રીજી.

હવે રાણી પદ્માવતી એ દેશી.

જિહાં લગે આતમદ્રવ્યનું, લક્ષણ નવિ જાણ્યું; તિહાં લગે ગુણઠાણુ ભલું, કેમ આવે તાણ્યું. ॥ આતમતત્વ વિચારીએ. ૨૨ ॥ આતમ અજ્ઞાને કરી, જે ભવદુઃખ લહીએ; આતમ જ્ઞાને તે ટળે, એમ મન સદ્દહીએ. ॥ આતમ૦ ૨૩॥ જ્ઞાનદશા જે આકરી, તેહ ચરણ વિચારો, નિર્વિકલ્પ ઉપયોગમાં, નહીં કર્મનો ચારો. ॥આતમ૦ ૨૪॥ ભગવઇ અંગે ભાષીઓ, સામાયિક અર્થ; સામાયિક પણ

આતમા, ધરે સૂધો અર્થ. ॥આતમ૦ ૨૫॥ લોકસાર અધ્યયનમાં, સમકિત મુનિ ભાવે; મુનિ ભાવજ સમકિત કહ્યું, નિજ શુદ્ધ સ્વભાવે. ॥આતમ૦ ૨૬॥ કષ્ટ કરે સંજમ ધરે, ગાળો નિજ દેહ; જ્ઞાનદશા વિણ જીવને, નહીં દુઃખનો છેહ. ॥આતમ૦ ૨૭॥ બાહિર યતના બાપડા, કરતાં દુહવાએ; અંતર જતના જ્ઞાનની, નવિ તેણે થાએ. ॥ આતમ૦ ૨૮॥ રાગ દ્વેષ મલ ગાળવા, ઉપશમ જળ ઝીલો; આતમ પરિણતિ આદરી, પરપરિણતિ પીલો ॥આતમ૦ ૨૯॥ હું એહનો એ માહરો, એ હુ એણિ બુદ્ધ; ચેતન જડતા અનુભવે, ન વિમાસો શુદ્ધિ. ॥આતમ૦ ૩૦॥ બાહિર દૃષ્ટિ દેખતાં, બાહિર મન ધાવે; અંતરદૃષ્ટિ દેખતાં, અક્ષયપદ પાવે ॥આતમ૦ ૩૧॥ ચરણ હોયે લજ્જાદિકે, નવિ મનને ભગે; ત્રીજે અધ્યયને કહ્યું, એમ પહેલે અંગે. ॥આતમ૦ ૩૨॥ અધ્યાતમ વિણુ જે ક્રિયા, તે તનુમલ તોલે, મમકારાદિક યોગથી, એમ જ્ઞાની બોલે. ॥આતમ૦ ૩૩॥ હું કરતાં પરભાવનો, એમ જેમ જેમ જાણે; તેમ તેમ અજ્ઞાની પડે, નિજ કર્મને ઘાણે. ॥આતમ૦ ૩૪॥ પુદગલ કર્માદિકતણો, કરતા વ્યવહારે, કરતા ચેતન કરમનો, નિશ્ચય સુવિચારે ॥ આતમ૦ ૩૫॥ કર્ત્તા શુદ્ધ સ્વભાવનો, નયશુદ્ધે કહીએ, કર્તા પર પરિણામનો, બેઉ કિરિયા ગ્રહીએ. ॥આતમ૦ ૩૬॥

ઢાળ ચોથી.

(વીરમતિ પ્રીતિકારણી.—એ દેશી.)

શિષ્ય કહે જો પરભાવનો, અકર્તા કહ્યો પ્રાણી; દાન હરણાદિક કેમ ઘટે, કહે સદગુરૂ વાણી. ॥ શુદ્ધ નય અર્થ મન ધારીએ. ૩૭ ॥ એ આકણી. ॥ ધર્મ નવિ દિએ ન વા સુખ દિએ, પરજંતુને દેતો; આપ સત્તા રહે આપમાં, એમ હૃદયમાં ચેતો. ॥ શુદ્ધ૦ ૩૮ ॥ જોગવશે જે પુદગલ ગ્રહ્યા, નવિ જીવનાં તેહ; તેહથી જીવ છે જૂજૂઓ, વળી જૂજૂઓ દેહ. ॥ શુદ્ધ૦ ૩૯ ॥ ભક્ત પાનાદિ પુદ્ગલપ્રત, ન દિએ છતિ વિના પોતે; દાન હ· રણાદિ પરજંતુને, એમ નવિ ઘટે જોતે. ॥શુદ્ધ૦ ૪૦॥ દાન હરણાદિક અવસરે, શુભ અશુભ સંકલ્પે, દિએ હરે તું નિજ રૂપને, મુખે અન્યથા જલ્પે. ॥ શુદ્ધ૦ ૪૧ ॥ અન્યથા વચન અભિમાનથી, ફરી કર્મ તુ બાંધે, જ્ઞાયકભાવ જે એકલો, ગ્રહે તે સુખ સાધે. ॥ શુદ્ધ૦ ૪૨॥ શુભ અશુભ વસ્તુ સંકલ્પથી, ધરે જે નટમાયા, તે ટલે સહજ સુખ અનુભવે, પ્રભુ આતમરાયા. ॥શુદ્ધ૦ ૪૩॥ પરતણી આશ વિષવેલડી, ફળે કર્મ બહુ ભાંતિ; જ્ઞાનદહને કરી તે દહે, હોએ એક જે જાતિ. ॥શુદ્ધ૦ ૪૪॥ રાગ દોષે રહિત એક જે, દયા શુદ્ધ તે પાલે; પ્રથમ અંગે એમ ભાષિયું, નિજ શક્તિ અજુઆળે. ॥શુદ્ધ૦ ૪૫॥ એકતા જ્ઞાન નિશ્ચય દયા,

સુગુરૂ તેહને ભાષે; જેહ અવિકલ્પ ઉપયોગમાં, નિજ પ્રાણને રાખે. ॥શુદ્ધ૦ ૪૬॥ જેહ રાખે પરપ્રાણને, દયા તાસ વ્યવહારે, નિજદયા વિણુ કહો પરદયા, હોએ કવણ પ્રકારે. ॥શુદ્ધ૦ ૪૭॥ લોકવિણુ જેમ નગરમેદિની, જેમ જીવ વિણુ કાયા, ફોક તેમ જ્ઞાનવિણુ પરદયા, જિસી નટિતણી માયા. ॥શુદ્ધ૦ ૪૮॥ સર્વ આચારમય પ્રવચને, ભણ્યો અનુભવ યોગ, તેહથી મુનિ વમે મોહને, વળી અરતિ રતિ શોગ. ॥શુદ્ધ૦ ૪૯॥ સૂત્ર અક્ષર પરાવર્ત્તના, સરસ શેલડી દાખી, તાસ રસ અનુભવ ચાખીએ, જિહાં એક છે સાખી. ॥શુદ્ધ૦ ૫૦॥ આતમરામ અનુભવ ભજો, તજો પરતણી માયા, એહ છે સાર જિનવચનનો, વળી એ શિવ છાયા. ॥ શુદ્ધ૦ ૫૧॥

ઢાળ પાંચમી.

પ્રભુ ચિત્ત ધરીને અવધારો મુજ વાત.—એ દેશી.

એમ નિશ્ચયનય સાંભળીજી, બોલે એક અજાણ; આદરશું અમે જ્ઞાનનેજી, શું કીજે પચ્ચખ્ખાણ ॥ સોભાગી જિન સીમધર સુણો વાત. ૫૨ ॥ એ આકણી. ॥ કિરિયા ઉથાપી કરીજી, છાડી તેણે લાજ, નવિ જાણે તે ઉપજેજી, કારણ વિણુ નવિ કાજ. ॥ સોભાગી૦ ૫૩ ॥ નિશ્ચયનય અવલંબતાંજી, નવિ જાણે તસ મર્મ, છોડે જે વ્યવહાર-

નેજી, લોપે તે જિનધર્મ. ॥ સોભાગી૦ ૫૪॥ નિશ્ચયદૃષ્ટિ હૃદય ધરીજી, પાળે જે વ્યવહાર; પુણ્યવંત તે પામશેજી, ભવસમુદ્રનો પાર. ॥ સોભાગી૦ ૫૫ ॥ તુરંગ ચઢી જેમ પામિએજી, વેગે પુરનો પંથ; માર્ગ તેમ શિવનો લહેજી, વ્યવહારે નિગ્રંથ. ॥સોભાગી૦ ૫૬॥ મહોલ ચઢંતાં જેમ નહીંજી, તેહ તુરંગનું કાજ; સફળ નહીં નિશ્ચય લહેજી, તેમ તનુ કિરિયા સાજ. ॥ સોભાગી૦ ૫૭॥ નિશ્ચય નવિ પામી શકેજી, પાળે નવિ વ્યવહાર; પુણ્યરહિત જે એહવાજી, તેહનો કુણ આધાર. ॥ સોભાગી૦ ૫૮ ॥ હેમ પરીક્ષા જેમ હુએજી, સહત હુતાશન તાપ, જ્ઞાનદશા તેમ પરખીએજી, જિહાં બહુ કિરિયા વ્યાપ. ॥ સોભાગી૦ ૫૯॥ આલંબન વિણુ જેમ પડેજી, પામી વિષમી વાટ, મુગ્ધ પડે ભવકુપમાંજી, તેમ વિણુ કિરિયા ઘાટ. ॥ સોભાગી૦ ૬૦॥ ચરિત ભણી બહુ લોકમાંજી, ભરતાદિકનાં જેહ; લોપે શુભ વ્યવહારનેજી, બોધિ હણે નિજ તેહ ॥ સોભાગી૦૬૧॥ બહુ દલ દીસે જીવનાજી, વ્યવહારે શિવયોગ, છીંડી તાકે પાધરોજી, છોડી પંથ અયોગ ॥સોભાગી૦ ૬૨॥ આવશ્યક માંહે ભાખિયોજી, એહજ અર્થ વિચાર, ફલ સંશય પણુ જાણુતાંજી, જાણીજે સંસાર. ॥ સોભાગી૦ ૬૩॥

ઢાળ છઠ્ઠી.

મુનિ મન સરોવર હંસલો અથવા ઋષભનો વંશ રયણાયરૂ.—એ દેશી.

અવર ઇસ્યો નય સાંભળી, એક ગ્રહે વ્યવહારોરે; મર્મ દ્વિવિધ તસ નવિ લહે, શુદ્ધ અશુદ્ધ વિચારોરે. ॥તુજ વિણ ગતિ નહીં જતુને, ૬૪ ॥ તુ જગજંતુનો દીવોરે; જીવીએ તુજ અવલંબને, તું સાહેબ ચીરજીવોરે. ॥ તુજ૦ ૬૫॥ જેહ ન આગમ વારીઓ, દીસે અસઠ આચારોરે; તેહજ બુધ બહુ માનીઓ, શુદ્ધ કહ્યો વ્યવહારોરે. ॥ તુજ૦ ૬૬॥ જેહમા નિજ મતિ કલ્પના, જેહથી નવિ ભવ પારો રે; અધ પરપરા બાધિઓ, તેહ અશુદ્ધ આચારોરે. ॥તુ-જ૦ ૬૭॥ શિથિલ વિહારીએ આચર્યા, આલબન જે કૂડાં રે; નિયત વાસાદિક સાધુને, તે નવિ જાણીએ રૂડારે. ॥તુ-જ૦ ૬૮॥ આજ ન ચરણ છે આકરૂં, સહુનનાદિક દોષેરે; એમ નિજ અવગુણ ઓળવી, કુમતિ કદાગ્રહ પોષેરે. ॥તુ-જ૦ ૬૯॥ ઉત્તરગુણમાંહે હીણડા, ગુરૂ કાળાદિક પાખેરે; મૂલગુણે નહી હીણડા, એમ પચાશક ભાષેરે ॥તુજ૦ ૭૦॥ પરિગ્રહ ગ્રહ વશ લિંગીયા, લેઇ કુમતિ રજ માથેરે, નિ-જ ગુણ પર અવગુણ લવે, ઇંદ્રિય વૃષભ ન નાથેરે. ॥તુજ૦ ૭૧॥ નાણરહિત હિત પરિહરી, નિજ દંસણ ગુણ લૂંસેરે; મુનિજનના ગુણ સાંભળી, તેહ અનારજ રૂસેરે. ॥ તુજ૦

૭૨ ॥ અણુસમ દોષ જે પરતણો, મેરૂસમાન તે બોલેરે; જેહશું પાપની ગોઠડી, તેહશું હિયડલું ખોલેરે. ॥તુજ૦ ૭૩॥ સૂત્ર વિરૂદ્ધ જે આચરે, થાપે અવધિના ચાળારે, તે અતિ નિવિડ મિથ્યામતિ, બોલે ઉપદેશમાળારે. ॥તુજ૦ ૭૪॥ પામરજન પણ નવિ કહે, સહસા જૂઠ શકૂકોરે, જુઠ કહે મુનિવેષ જે, તે પરમારથ ચૂકોરે. ॥ તુજ૦ ૭૫॥ નિર્દય હૃદય છ કાયમાં, જે મુનિવેષે પ્રવર્તેરે; ગૃહુયતિ ધર્મથી બાહેરા, તે નિર્ધન ગતિ વર્ત્તેરે. ॥ તુજ૦ ૭૬॥ સાધુભગતિ જિનપુજના, દાનાદિક શુભકર્મરે, શ્રાવક જિન કહ્યો અતિ ભલો, નહિ મુનિવેષ અધર્મરે. ॥તુજ૦ ૭૭॥ કેવલ લિગધારીતણો, જે વ્યવહાર અશુદ્ધોરે, આદરીએ નવિ સર્વથા, જાણી ધર્મ વિરૂદ્ધોરે. ॥તુજ૦ ૭૮ ॥

ઢાળ સાતમી.

આગે પૂરવવાર નવાણું.—એ દેશી.

જે મુનિવેષ શકે નવિ છડી, ચરણ કરણ ગુણહીણાજી, તે પણ મારગમાંહે દાખ્યા, મુનિગુણ પક્ષે લીણાજી॥ મૃષાવાદ ભવકારણ જાણી, મારગ શુદ્ધ પરૂપેજી, વદે નવિ વદાવે મુનિને, આપ થઈ નિજ રૂપેજી. ૭૯ ॥ મુનિ ગુણ રાગે પુરા શૂરા, જે જે જયણા પાળેજી, તે તેહથી શુભ ભાવ લહીને, કર્મ આપણાં ટાળેજી. ॥ આપ હીનતા

જે મુનિ ભાષે, માન સાંકડે લોકેજી; એ દુર્દ્ધર વ્રત એહનું દાખ્યું. જે નવિ ફૂલે ફોકેજી ૮૦॥ પ્રથમ સાધુ બીજો વર શ્રાવક, ત્રીજો સંવેગ પાખીજી; એ ત્રણે શિવમારગ કહીએ, જિહાં છે પ્રવચન સાખીજી,॥ શેષ ત્રણ ભવ મારગ કહીએ, કુમત કદાગ્રહ ભરિયાજી, ગૃહિ યતિ લિંગ કુલિંગે લખીએ, સકલ દોષના દરિયાજી. ૮૧॥ જે વ્યવહાર મુગતિ મારગમાં, ગુણઠાણાને લેખેજી, અનુક્રમે ગુણ શ્રેણિનું ચઢવું, તેહુજ જિનવર દેખેજી, જે પણ દ્રવ્યક્રિયા પ્રતિપાળે, તે પણ સન્મુખ ભાવેજી, શુકલબીજની ચંદ્રકળા જેમ, પુર્ણ ભાવમા આવેજી. ૮૨॥ તે કારણ લજ્જાદિકથી પણ, શીલ ધરે જે પ્રાણીજી, ધન્ય તેહ કૃત પુણ્ય કૃતારથ, મહા નિશીથે વાણીજી,॥ એ વ્યવહારનયે મન ધારો, નિશ્ચયનય મત દાખ્યુંજી. પ્રથમ અંગમાં વિતિગિચ્છાએ, ભાવચરણ નવિ ભાંખ્યુંજી. ૮૩

ઢાળ આઠમી.

ચોપાઈની દેશી.

અવર એક ભાષે આચાર, દયા માત્ર શુદ્ધજ વ્યવહાર, જે બેલે તેહજ ઉત્થપે, શુદ્ધ કરૂં હુ મુખ ઇમ જપે. ૮૪॥ જિનપૂજાદિક શુભ વ્યાપાર, તે માને આરંભ અપાર; નવિ જાણે ઉતરતાં નઈ, મુનિને જીવદયા કયાં

ગઇ. ૮૫॥ જો ઊતરતાં મુનિને નદી, વિધિજોગે નવિ હિંસા વદી; તો વિધિ જોગે જિન પૂજના, શિવ કારણ મત ભૂલો જના. ૮૬॥ વિષયારંભતણો જ્યાં ત્યાગ, તેહથી લહિએ ભવજળતાગ; જિનપૂજામાં શુભ ભાવથી, વિષયારંભતણો ભય નથી. ૮૭॥ સામાયિક પ્રમુખે શુભ ભાવ, યદ્યપિ લહિએ ભવજળ નાવ; તોપણ જિનપૂજાએ સાર, જિનનો વિનય કહ્યો ઉપચાર. ૮૮॥ આરંભાદિક શંકા ધરી, જો જિનરાજ ભક્તિ પરહરી, દાન માન વદન આદેશ, તો તુજ સબળો પડયો કલેશ. ૮૯॥ સ્વરૂપથી દીસે સાવદ્ય, અનુબંધે પૂજા નિર્વદ્ય, જે કારણ જિનગુણ બહુમાન, જે અવસરે વરતે શુભ ધ્યાન. ૯૦॥ જિનવર પૂજા દેખી કરી, ભવિયણ ભાવે ભવજળ તરી, છકાયના રક્ષક હો વળી, એહ ભાવ જાણે કેવળી. ૯૧॥ જળ કરતાં જળ ઉપર યથા, મુનિને દયા ન હોએ વૃથા; પુષ્પાદિક ઉપર તિમ જાણ, પુષ્પાદિક પૂજાને ઠાણ. ૯૨॥ તો મુનિને નહિ કિમ પૂજના, એમ તું શું ચિંતે શુભ મના; રોગીને ઔષધ સમ એહ, નિરોગી છે મુનિવર દેહ. ૯૩॥

ઢાળ નવમી.

પ્રથમ ગોવાળાતણે ભવેજી.—એ દેશી.

ભાવસ્તવ મુનિને ભલોજી, બેઉ ભેદે ગૃહી ધાર; ત્રીજે અધ્યયને કહ્યોજી, મહાનિસીથ મઝાર. ॥સુણો જિ-

ન તુઝ વિણુ કવણુ આધાર. ૯૪॥ એ આંકણી. વળી તિ-
હાં ફળ દાખિયુંજી, દ્રવ્યસ્તવનુંરે સાર; સ્વર્ગ બારમું ગે
હિનેજી, એમ દાનાદિક ચાર. ॥સુણો૦ ૯૫॥ છઠ્ઠે અગે
દ્રૌપદીજી, જિનપ્રાતમા પૂજેય, સૂરિયાભપરે ભાવથીજી,
એમ જિનવર કહેય. ॥સુણો૦ ૯૬॥ નારદ આવ્યે નવિ
થઇજી, ઉભી તેહ સુજાણ, તે કારણુ તે શ્રાવિકાજી, ભાષે
આળ અજાણુ ॥સુણો૦ ૯૭॥ જિનપ્રતિમા આગળ કહ્યોજી,
શક્રસ્તવ તેણે નાર, જાણે કુણુ વિણુ શ્રાવિકાજી, એહ
વિધ હૃદય વિચાર ॥સુણો૦ ૯૮॥ પૂજે જિનપ્રતિમા પ્રતેજી,
સૂરિયાભ સુરરાય, વાચી પુસ્તક રત્નનાંજી, લેઈ ધર્મ
વ્યવસાય ॥સુણો૦ ૯૯॥ રાયપસેણી સૂત્રમાજી, મોહોટો એહ
પ્રબધ, એહ વચન અણુમાનતાજી, કરે કરમનો બધ.
॥સુણો૦ ૧૦૦॥ વિજય દેવ વક્તવ્યતાજી, જીવાભિગમેરે
એમ; જો થિતિ છે એ સૂરતણીજી, તો જિનગુણ થુતિ
કેમ ॥સુણો૦ ૧૦૧॥ સિદ્ધારથરાયે કર્યાજી, યાગ અનેક
પ્રકાર, કલ્પસૂત્રે એમ ભાખિયુંજી, તે જિનપૂજા સાર. ॥સુ-
ણો૦ ૧૦૨॥ શ્રમણોપાસક તે કહ્યાજી, પહેલા અગ મ-
ઝાર, યાગ અનેરા નવિ કરેજી, તે જાણો નિરધાર. ॥સુ-
ણો૦ ૧૦૩॥ એમ અનેક સૂત્રે ભણ્યુંજી, જિનપૂજા ગૃહિ-
કૃત્ય; જે નવિ માને તે સહીજી, કરશે બહુ ભવ નૃત્ય.
॥સુણો૦ ૧૦૪॥

ઢાળ દશમી.

જંસુર સંઘા સાસુર સંઘા અથવા એણે પુરે કંબલ કોઇ ન લેસી.—એ દેશી.

અવર કહે પૂજાદિક ઠામે, પુણ્યબંધ છે શુભ પરિણામે, ધર્મ ઇહાં નવિ કોઇ દીસે, જેમ વ્રત પરિણામે મન હીસે ૧૦૫॥ નિશ્ચય ધર્મ ન તેણે જાણ્યો, જે સૈલેશી અંત વખાણ્યો, ધર્મ અધર્મતણો ક્ષયકારી, શિવસુખ દે જે ભવજલ તારી. ૧૦૬॥ તસ સાધન તું જે જે દેખે, નિજ નિજ ગુણઠાણાને લેખે, તેહ ધમ્મ વ્યવહારે જાણો, કારજ કારણ એકજ પ્રમાણો. ૧૦૭॥ એવંભૂતતણો મત ભાખ્યો, શુદ્ધ દ્રવ્ય નય એમ વળી દાખ્યો, નિજ સ્વભાવપરણતિ તે ધર્મ, જે વિભાવ તે ભાવજ કર્મ. ૧૦૮॥ ધર્મ શુદ્ધ ઉપયોગ સ્વભાવે, પુણ્ય પાપ શુભ અશુભ વિભાવે, ધર્મ હેતુ વ્યવહારજ ધર્મ, નિજ સ્વભાવ પરણતિનો મર્મ. ૧૦૯॥ શુભયોગે દ્રવ્યાશ્રવ થાય, નિજ પરિણામ ન ધર્મ હણાય, યાવત્ યોગ ક્રિયા નહીંથભી, તાવત્ જીવ છે યોગારભી. ૧૧૦॥ મલિનારભ કરે જે કિરિયા, અસદારભ તજીને તરિયા; વિષય કષાયાદિકને ત્યાગે, ધર્મ મતિ રહિ એ શુભ માગે. ૧૧૧॥ સ્વર્ગ હેતુ જો પુણ્ય કહીજે, તો સરાગ સંયમ પણ લીજે, બહુ રાગે જે જિનવર પૂજે, તસ મુનિની

પરે પાતક ધુજે. ૧૧૨ ભાવસ્તવ એહુથી પામીજે, દ્રવ્ય સ્તવ એ તેણે કહીજે, દ્રવ્ય શબ્દ છે કારણ વાચી, ભમે મ ભુલો કર્મ નિકાચી. ૧૧૩

ઢાળ અગીઆરમી.

દાન ઉલટ ધરી દીજીએ.—એ દેશી.

કુમતિ એમ સકળ દૂરે કરી, ધારીએ ધર્મની રીત રે; હારીએ નવિ પ્રભુ બળથકી, પામીએ જગતમાં જીતરે. ॥ સ્વામિ સીમધર તું જયો. ૧૧૪ એ આંકણી ॥ ભાવ જાણે સકલ જંતુના, ભવથકી દાસને રાખરે, બોલિયા બોલ જે તે ઘણું, સફળ જો છે તુજ સાખરે. ॥સ્વામિ૦ ૧૧૫॥ એક છે રાગ તુજ ઉપરે, તેહુ મુજ શિવતરૂ કંદરે, નવિ ગણું તુજપરે અવરને, જો મિલે સુરનર વૃંદરે. ॥સ્વામિ૦ ૧૧૬॥ તુજ વિના મેં બહુ દુખ લહ્યાં, તુજ મિલ્યે તે કેમ હોય રે, મેહ વિણ મોર માચે નહીં, મેહ દેખી માચે સોયરે. ॥સ્વામિ૦ ૧૧૭॥ મનથકી મિલન મે તુજ કિયો, ચરણ તુજ ભેટવા સાંઇરે, કીજિયે જતન જિન એ વિના, અવર ન વાછિએ કાંઇરે. ॥સ્વામિ૦ ૧૧૮॥ તુજ વચનરાગ સુખ આગળે, નવિ ગણું સુરનર શર્મરે, કોડિ જો કપટ કોઇ દાખવે, નવિ તજુ તોએ તુજ ધર્મરે ॥ સ્વામિ૦ ૧૧૯॥ તું મુજ હૃદયગિરિમાં વસે, સિંહ જો પરમ નિરીહ

રે; કુમતમાતંગના જુથથી, તો કરી પ્રભુ મુજ બાહરે. ॥સ્વામિં૦ ૧૨૦॥ કોડિ છે દાસ પ્રભુ તાહરે, માહરે દેવ તું એકરે, કીજીએ સાર સેવકતણી, એ તુજ ઉચિત વિવેકરે. ॥સ્વામિં૦ ૧૨૧॥ ભક્તિ ભાવે ઇસ્યું ભાખીએ, રાખીએ એહ મનમાંહીરે, દાસનાં ભવદુઃખ વારિએ, તારિએ સો ગ્રહી બાંહીરે ॥સ્વામિં૦ ૧૨૨॥ બાળ જેમ તાત આગળ કહે, વિનવું હું તેમ તુજરે, ઉચિત જાણો તેમ આચરૂં, નવિ રહ્યો તુજ કિસ્યું ગુજરે ॥સ્વામિં૦ ૧૨૩॥ મુજ હોજો ચિત્ત શુભ ભાવથી, ભવ ભવ તાહરી સેવરે, યાચિએ કોડિ યતને કરી, એહ તુજ આગલે દેવરે. ॥સ્વામિં૦ ૧૨૪॥

કળશ.

હરિગીત છંદ.

ઇમિ સકલસુખકર દુરિતભયહર, વિમલ લક્ષણ ગુણધરો,
પ્રભુ અજર અમર નરિંદ વંદિત, વિનવ્યો સીમંધરો,
નિજ નાદતર્જિત મેઘગર્જિત, ધૈર્યનિર્જિત મંદરો,
શ્રીનયવિજય બુધ ચરણસેવક, જશવિજય બુધ જયકરો.૧૨૫॥

ઇતિ શ્રીમન્મહોપાધ્યાય ગણિ શ્રીયશોવિજયકૃત
શ્રી સીમંધરજિન સ્તવન સમાપ્ત.

छुटक स्तवनो.

अथ श्री ऋषभदेव जिन स्तवन.

ઋષભ જિનંદા ઋષભ જિનંદા, તું સાહિબ હું છું તુજ બંદા;
તુજશું પ્રીતિ બની મુજ સાચી, મુજ મન તુજ ગુણશું રહ્યું
માચી. ઋ. ૧
દીઠા દેવ રૂચે ન અનેરા, તુજ પાખલિ ચિતડું દીએ ફેરા;
સ્વામી શું કામણડું કીધું, ચીતડું અમારૂં ચોરી લીધું. ઋ. ૨
પ્રેમ બંધાણો તે તો જાણો, નિરવહુશો તો હોશેજ વખાણો;
વાચક જસ વિનવે જિનરાજ, બાંહ્ય ગ્રહ્યાની તુજને લાજ. ઋ. ૩

अथ श्री संभवनाथ जिन स्तबन.

શ્રી સંભવ જિનરાજજીરે, તાહરૂં અકળ સ્વરૂપ જિનવર પૂજો.
સ્વપર પ્રકાશક દિનમણીરે, સમતા રસનો ભૂપ.
પૂજો પૂજો રે ભવિક જિન પૂજો, પ્રભુ પુજ્યા પરમાનંદ. જિ૦ ૧
આંકણી.

અવિસંવાદ નિમિત્તછો રે, જગતજંતુ સુખકાજ; જિ૦
હેતુ સત્ય બહુ માનથી રે, જિન સેવ્યાં શિવરાજ. જિ૦ ૨
ઉપાદાન આતમ સહી રે, પૂષ્ટાલંબન દેવ; જિ૦
ઉપાદાન કારણપણે રે, પ્રગટ કરે પ્રભુ સેવ. જિ૦ ૩
કાર્ય ગુણ કારણપણે રે, કારણ કાર્ય અનુપ; જિ૦
સકળ સિદ્ધતા તાહરી રે, માહરે સાધન રૂપ. જિ૦ ૪
એકવાર પ્રભુ વંદના રે, આગમ રીતે થાય, જિ૦
કારણ સત્યે કાર્યની રે, સિદ્ધ પ્રતિત કરાય. જિ૦ ૫
પ્રભૂપણે પ્રભૂ ઓળખીરે, અમલ વિમલ ગુણગેહ; જિ૦
સાધ્ય દૃષ્ટિ સાધકપણે, વંદે ધન નર તેહ. જિ૦ ૬
જન્મ કૃતારથ તેહનોરે, દિવસ સફળ પણ તાસ, જિ૦
જગત શરણ જિન ચરણનેરે, વંદે ધરીય ઉલ્લાસ. જિ૦ ૭
નિજ સત્તા નિજ ભાવથીરે, ગુણ અનંતનો ઠાણ, જિ૦
દેવચંદ્ર જિનરાજજીરે, શુદ્ધ સિદ્ધ સુખ ખાણ. જિ૦ ૮

अथ श्री पद्म प्रभु स्तवन.

આજ અધિક ભાવે કરી—એ દેશી.

પદ્મ પ્રભ જિન સાંભળો, કરે સેવક એ અરદાસ હો;
પાંતે બેસારીઓ જો તુમે, તો સફળ કરેજો આશ હો. પ. ૧
જિનશાસન પાંતે તે ઠવી, મુજ આપ્યો સમકીતથાળ હો;

હવે ભાણા ખડખડ કોણ ખમે, શિવ મોદક પિરસે રસાળ હો. પ. ૨
ગજ પ્રાસન ગલિત સીથે કરી, જીવે કીડીના વંશ હો;
વાચકજસ કહે એમ ચિત્ત ધરી, દીજે નિજ સુખ એક
અંશ હો. પ. ૩

અથ શ્રી શીતલનાથ જિન સ્તવન.

કીસકે ચેલે કીસકે પૂત—એ દેશી. ॥

શીતલનાથ સુણો અરદાસ, સાહિબ આપો પદ કમલવાસ
સાંઇ સાંભળો;
મોહ મહીપતિ મોટો ચોર, નવ નવ રૂપ ધરી કરે જોર. સાં. ૧
માતપિતા વધુ ભગનિ ભ્રાત, સાસુ સસરો પીતરીયા જાત. સાં.
કુટુંબ વેષ કરી કિરતાર, એહ ભમાડે બહુ સંસાર. સાં. ૨
ષટદર્શનનું લેઇ રૂપ, જગને પાડે ભવને કૂપ; સાં.
જો છોડણુ ચાહે સુણી સુત, રૂપ ધરે એહ બીજો ધુત. સાં. ૩
નિમવ્ય કુમતિ મન ઉન્માદ, આણા લોપી માંડે વાદ. સાં.
આગમ ભાષીની મતી મંદ, આરોપે નિજ મતનો કંદ. સાં. ૪
મોહતણો એહવો પ્રપંચ, સ્વામી હવે શો કીજે સંચ, સાં.
કાંઈ બતાવો એક ઉપાય, જીમ મોહ નાસિ દૂરે જાય. સાં. ૫
નેહ નજર ભરી નાથ નિહાળ, સુખીઓ થાઉં ત્રણે કાળ; સાં.
કીર્તીવીમલ પ્રભુ કર ઉપગાર, લક્ષ્મી કહે તું કરૂણાગાર. સાં. ૬

અથ શ્રી અનંત જિન સ્તવન.

મૂરતિ હો પ્રભુ મૂરતિ અનંત જીણુંદ,
તાહરી હો પ્રભુ તાહરી મુઝ નયણે વસીજી.
સમતા હો પ્રભુ સમતારસનો કંદ,
સહજે હો પ્રભુ સહેજે અનુભવરસ વસીજી. ૧
ભવદવ હો પ્રભુ ભવદવ તાપિત જીવ,
તેહને હો પ્રભુ તેહને અમૃત ઘન સમીજી;
મિથ્યા વિષ હો પ્રભુ મિથ્યા વિષની ખીવ,
હરવા હો પ્રભુ હરવા જાગુલમણી રમીજી ૨
ભાવ હો પ્રભુ ભાવ ચિંતામણી એહ,
આતમ હો પ્રભુ આતમ સંપતિ આપવાજી;
એહિજ હો પ્રભુ એહિજ શીવસુખ ગેહ,
તત્વી હો પ્રભુ તત્વાલંબન થાપવાજી. ૩
જાયે હો પ્રભુ જાયે આશ્રવ ચાલિ,
દીઠે હો પ્રભુ દીઠે સંવર વધેજી;
રતન હો પ્રભુ રત્નત્રયી ગુણમાળ,
અધ્યાતમ હો પ્રભુ અધ્યાતમ સાધન સધેજી. ૪
મીઠી હો પ્રભુ મીઠી સુરતિ તુઝ,
દિઠી હો પ્રભુ દિઠી રૂચિ બહુ માનથીજી;
તુઝ ગુણ હો પ્રભુ તુઝ ગુણ ભાસન યુક્ત,

સેવે હો પ્રભુ સેવે તસુ ભવભય નથીજી. ૫
નામે હો પ્રભુ નામે અદ્‌ભુત રંગ,
ઠવણા હો પ્રભુ ઠવણા દીઠાં ઉલ્લસેજી;
ગુણ આસ્વાદ હો પ્રભુ ગુણઆસ્વાદ અભંગ,
તન્મય હો પ્રભુ તન્મયતાએ જે ધસેજી. ૬
ગુણ અનંત હો પ્રભુ ગુણ અનંતનો વૃંદ,
નાથ હો પ્રભુ નાથ અનંતને આદરેજી,
દેવચંદ્ર હો પ્રભુ દેવચંદ્રને આણુંદ,
પરમ હો પ્રભુ પરમ મહોદય તે વરેજી. ૭

अथ श्री कुंथुनाथ जिन स्तवन.

યોગીસર ચેલા—એ દેશી.

કુંથું જિનેશ્વર જાણજોરે લાલ, મુઝ મનનો અભિપ્રાયરે
જિનેશ્વર મોરા.
તું આતમ અલવેસરૂરે લાલ, રખે તુઝ વિરહો થાયરે. જિ૦
તુઝ વિરહો કિમ વેઠીયેરે લાલ, તુઝ વિરહો દુખદાયરે, જિ૦
તુઝ વિરહો ન ખમાયરે જિ૦ ખિણવર સાંસો થાય; જિ૦
વિરહો મોટિ બલાયરે, એ આંકણી. જિ૦ ૧
તાહરે પાસે આવવુંરે લાલ, પહિલા નાવે તું દાયરે, જિ૦
આવ્યા પછીતો જાયવુંરે લાલ,તુઝ ગુણ વસ્યે ન સુહાયરે.જિ૦કું.૨

ન મિલ્યાનો ધોખો નહીંરે લાલ, જસગુણનું નહિ નાણુરે, જિ૦
મિલિયા ગુણ કલિયા પછિરે લાલ, વિછુરત જાયે પ્રાણુરે. જિ૦કું.૩
જાતિ અંધને દુઃખ નહીરે લાલ, ન લહે નયનનો સ્વાદરે. જિ૦
નયણુ સવાદ લહી કરીરે લાલ, હાર્યાંને વિખવાદરે. જિ૦કું.૪
બીજે પણ કિહાં નવિ ગમેરે લાલ, જિણે તુઝ વિરહ બચાયરે.જિ૦
માલતિ કુસુમે માલ્હીયોરે લાલ, મધુપ કરીને ન જાયરે. જિ૦કું.૫
વનદવદાધાં રૂખડાંરે લાલ, પાલ્હુવે વલિ વરસાતરે, જિ૦
તુઝ વિરહાનલના બલ્યારે લાલ,ક.ળ અનંત ગમાતરે. જિ૦કું.૬
ટાઢક રહે તુઝ સંગમે રે લાલ, આકુળતા મિટિ જાયરે; જિ૦
તુઝ સંગે સુખીયો સદારે લાલ, માનવીજય ઉવઝાયરે. જિ૦કું. ૭

अथ श्री मल्लीनाथ जिन स्तवन.

ઢાલ રસિયાની.

મલ્લિ જિનેશ્વર મુજને તુમે મિલ્યા,
જેહ માંહિ સુખ કદ વાલ્હેસર;
તે કલિયુગ અમે ગિરૂઓ લેખવું,
નવિ બીજા યુગવૃદ વાલ્હેસર. મ૦ ૧
આરો સારો રે મુઝ પાંચમો,
જિહાં તુમ દરિસણુ દીઠ; વા૦
મરૂભુમિ પિણુ થિતિ સુરતરૂ તણી,
મેરૂ થકી હુઇ ઇઠ. વા૦ ૨

પંચમે આરે રે તુમ્હ મેલાવડે,
રૂડો રાખ્યો રે રંગ;
ચોથો આરો રે ફિરિ આવ્યો ગણું,
વાચક જસ કહે ચંગ.　　વા૦ ૩

અથ શ્રી મુનિસુવ્રત જિન સ્તવન.

વીરમાતા પ્રીતિ કારિણી—એ દેશી.

આજ સફળ દિન મુજ તણો, મુનિસુવ્રત દીઠા,
ભાગી તે ભાવઠ ભવતણી, દિવસ દુરિતના નીઠા.　આ૦ ૧
આંગણે કલ્પવેલી ફળી, ઘન અમિયના વુઠ્યા;
આપ માગ્યા તે પાસા ઢળ્યા, સુર સમકિત ત્રુઠા.　આ૦ ૨
નિયતિ હિત દાન સન્મુખ હુયે, સ્વ પુણ્યોદય સાથે;
જસ કહે સાહિબે મુગતિનું, કરીયું તિલક નિજ હાથે　આ૦ ૩

અથ શ્રી ચંદ્રાનન જિન સ્તવન.

વીંછીયાની—એ દેશી.

ચંદ્રાનન જિન, સાંભળીએ અરદાસરે,
મુજ સેવક ભણી, છે પ્રભુનો વિશ્વાસોરે.　ચં૦ ૧
ભરતક્ષેત્ર માનવપણોરે, લાધો દુ:ખમ કાળ,

જિન પૂરવધર વિરહથીરે, દુલહો સાધન ચાલોરે. ચં૦ ૨
દ્રવ્ય ક્રિયારૂચિ જીવડારે, ભાવ ધર્મરૂચિ હીન,
ઉપદેશક પણ તેહવારે, શું કરે જીવ નવીનરે. ચં૦ ૩
તત્ત્વાગમ જાણંગ તજીરે, બહુજન સંમત જેહ,
મૂઢ હઠી જન આદર્યોરે, સુગુરૂ કહાવે તેહરે. ચં૦ ૪
આણા સાધ્ય વિના ક્રિયારે, લોકે માન્યો રે ધર્મ,
દંસણ નાણ ચારિત્રનો રે, મૂલ ન જાણ્યો મર્મરે. ચ૦ ૫
ગચ્છ કદાગ્રહ સાચવેરે, માને ધર્મ પ્રસિદ્ધ,
આતમ ગુણ અકષાયતારે, ધર્મ ન જાણે શુદ્ધરે. ચ૦ ૬
તત્ત્વરસિક જન થોડલારે, બહુલો જન સંવાદ,
જાણો છો જિનરાજજીરે, સઘળો એહ વિવાદરે. ચં૦ ૭
નાથ ચરણ વંદન તણોરે, મનમાં ઘણો ઉમંગ,
પુણ્ય વિના કેમ પામીયેરે, પ્રભુ સેવાનો રંગરે. ચં૦ ૮
જગતારક પ્રભુ વાંદીએરે, મહાવિદેહ મઝાર,
વસ્તુ ધર્મ સ્યાદ્વાદતારે, સુણિ કરિયે નિર્ધારરે. ચ૦ ૯
તુજ કરૂણા સહુ ઉપરેરે, સરખી છે મહારાય,
પણ અવિરાધક જીવનેરે, કારણ સફલો થાયરે. ચં૦ ૧૦
એહવા પણ ભવિ જીવનેરે, દેવ ભક્તિ આધાર,
પ્રભુ સમરણથી પામીયેરે, દેવચંદ્ર પદ સારરે. ચં૦ ૧૧.

पद.

રાગ આશાવરી.

માયા માહા ઠગણી મેં જાની. મા૦ ટેક.
ત્રિગુન ફાંસા લેઇ કર દોરત, બોલત અમૃત બાની. મા૦ ૧
કેસવ ઘર કમલા હોઇ બેઠી, શંભુ ઘર ભવાની;
બ્રહ્મા ઘર સાવીત્રી હોઇ બેઠી, ઇંદ્ર ઘર ઇંદ્રાણી. મા૦ ૨
પંડિતકુ પોથી હોઇ બેઠી, તીરથીયાકું પાની;
યોગી ઘર ભભૂત હોઇ બેઠી, રાજાકે ઘર રાની. મા૦ ૩
કિને માયા હીરો કર લીનો, કિને ગ્રહી કોરી જાની;
કહત વિનય સુનો અબ લોકો, ઉનકે હાથ બિકાની. મા૦ ૪

पद.

રાગ ધનાશ્રી.

જબ લગ ઉપસમ નાહિ રતિ,
તબ લગે જોગ ધરે કયું હોવે, નામ ધરાવે જતિ. જબ. ૧
કપટ કરે તું બહુ વિધ ભાતે, ક્રોધે જલે છતિ;
તાકો ફલ તું કયા પાવેગો, જ્ઞાન વિના નહિં બતી. જબ. ૨
ભૂખ તરસ ઓર ધુપ સહતુ હે, કહે તુ બ્રહ્મવ્રતી;
કપટ કેળવે માયા મડે, મનમાં ધરે વ્યકતી. જબ. ૩
ભસ્મ લગાવત ટાઢો રહેવત, કહત હે હું વસતી;
જંત્ર મંત્ર જડીબુટી ભેખજ, લોભવશ મૂઢમતિ. જબ. ૪

બડે બડે બહુ પૂર્વધારી, જિનમેં શક્તિ હુતિ;
સો ભી ઉપસમ છોડી બીચારે, પાયે નરકગતિ. જબ. ૫
કોઉ ગૃહસ્થ કોઉ હોવે વૈરાગી, જોગી ભગત જતિ;
અધ્યાતમભાવે ઉદાસી રહેગો, પાવેગો તબહિ મુગતિ. જબ. ૬
શ્રીનયવિજય વિબુધ વર રાજે, જાને જગ કીરતિ;
શ્રીજસવિજય ઉવઝાય પસાયે, હેમ પ્રભુ સુખ સંતતી. જબ.૭

पद.

રાગ ધનાશ્રી.

પરમ ગુરૂ જૈન કહો કયોં હોવે,
ગુરૂ ઉપદેશ બિના જન મૂઢા, દર્શન જૈન વિગોવે. પરમ–ટેક ૧
કહત કૃપાનિધિ સમજલ ઝીલે, કર્મ મયલ જો ધોવે;
બહુલ પાપમલ અંગ ન ધારે, શુદ્ધ રૂપ નિજ જોવે. ૫૦ ૨
સ્યાદવાદ પૂરન જો જાને, નય ગર્ભિત જસ વાચા;
ગુન પર્યાય દ્રવ્ય જો બુઝે, સોઇ જૈન હે સાચા. ૫૦ ૩
ક્રિયા મૂઢમતિ જો અજ્ઞાની, ચાલત ચાલ અપૂઠી;
જૈનદશા ઉનમેં હી નાહી, કહે સો સબહી જુઠી. ૫૦ ૪
પર પરનતિ અપની કર માને, કિરિયા ગરવે ઘેહેલો;
ઉનકું જૈન કહો કયું કાહયે, સો મુરખમેં પહેલો. ૫૦ ૫
જ્ઞાન ભાવ જ્ઞાન સબમાંહિ, શિવ સાધન સહહીએ;
નામ ભેખસેં કામ ન સીઝે, ભાવ ઉદાસે રહિએ. ૫૦ ૬

જ્ઞાન સકલ નય સાધન સાધો, ક્રિયા જ્ઞાનકી દાસી;
ક્રિયા કરત ધરતુ હે મમતા, યાહિ ગલેમેં ફાંસી. ૫૦ ૭
ક્રિયા બિના જ્ઞાન નહિં કબહું, ક્રિયા જ્ઞાન બિનું નાંહી;
ક્રિયા જ્ઞાન દોઉ મિલત રહતુહે, જ્યોં જલરસ જલમાંહી. ૫૦ ૮
ક્રિયા મગનતા બાહિર દીસત, જ્ઞાન શકિત જસ ભાંજે;
સદ્ગુરૂ શીખ સુને નહીં કબહું, સો જૈન જનતેં લાજે. ૫૦ ૯
તત્વબુદ્ધિ જિનકી પરનતિ હે, સકલ સૂત્રકી કુંચી;
જગ જશવાદ વદે ઉનહીકો, જૈનદશા જસ ઉંચી. પરમ૦ ૧૦

पद.

રાગ સારંગ.

જિઉં લાગ રહ્યા પરભાવમે—ટેક.
સહજ સ્વભાવ લખે નહિ અપનો, પરિયો મોહ જંજાલમે. જિ૦ ૧
બંધ મોક્ષ કરે નહિ કરની, ડોલત મમતા વાઉમે;
ચહે અંધ જ્યું જલનિધિ તરવો, બેઠો કાણે નાઉમે. જિ૦ ૨
અરતિ પિશાચી પરવશ રહેતો, ખિનહું ન સમર્યો આઉમેં;
આપ બચાવ સકત નહિ મુરખ, ઘોર વિષયકે ઘાઉમે. જિ૦ ૩
પુર્વ પુણ્ય ધન સબહિ ગ્રસતહે, રહત ન મૂલ બઢાઉમેં;
તામે તુજ કેસે બની આવે, નય વ્યવહારકે દાઉમે. જિ૦ ૪
જસ કહે અબ મેરો મન લીનો, શ્રી જિનવરકે પાઉમેં;
યાહિ કલ્યાન સિદ્ધિકો કારન, જ્યું વેધકરસ ખાઉ મેં. જિ૦ ૫

પદ.

શાંતિ પમાડે તેને સંત કહીએ,
તેના દાસના દાસ થઇ રહીએ;
તેના ભક્તને આધિન થઇ રહીએ. શાંતિ૰ ૧
વિદ્યાનું મૂળ જ્યારે પુરૂં ન જાણ્યું,
ત્યારે પંડ્યાનો માર શીદ ખાઇએ શાંતિ૰ ૨
લીધું વળાવુ ને ચોર જ્યારે લૂટે,
ત્યારે તેની સઘાતે શીદ જઇએ. શાંતિ૰ ૩
કલ્પવૃક્ષ સેવ્યું ને દાળિદ્ર ઉભુ,
ત્યારે તેની છાયાએ શીદ રહીએ. શાંતિ૰ ૪
રાજાની ચાકરીને ભૂખ નવી ભાગી,
ત્યારે તેનો તે ભાર શીદ વહીએ. શાંતિ૰ ૫
કર્યા ગુરૂને ભૂલ નવી ભાગી,
ત્યારે તેના ચેલા તે શીદ થઇએ. શાંતિ૰ ૬
ગોળી ખાધીને રોગ જ્યારે ઉભો,
ત્યારે તેની ગોળી તે શીદ ખઇએ. શાંતિ૰ ૭
નામ અનામ મારા ગુરૂએ બતાવ્યું,
તે તો રાખ્યું છે મારે હઇએ. શાંતિ૰ ૮
સર્વના માંહિ છે ને સર્વથી ન્યારા “બાપુ”,
એવા ભક્તને નિત્ય ચહિએ. શાંતિ૰ ૯

આત્મસ્તવન.

(થાઓ તમે તૈયાર, એ રાહ-તાલ લાવણી.)

ચાલ ઉઠ તું ચેતન માળી જા કામે તારા, અરે. ચા૦ ૧
બન્યો બગીચો રૂડો ભુંડા, આળસમાં બગડે;
નિદ્રા ત્યાગીરે નિરભાગી, જો પેલા ક્યારા. અરે, ચા૦ ૨
જીવહુસાના ઝેરી જંતુ, વેલાને વળગ્યા
કોમળ એ સદગુણની વેલા, કેમ વધે ઘેલા. અરે, ચા૦ ૩
કષાય ગોધા ચારે કેવા, જો પેલા ઘુમે;
ફેરે ભોળાભદ્રિક માળી, લ્હારે તુજ લાગ્યા. અરે, ચા૦ ૪
દાન દયાનું ખાતર નાખી, સમદમ જળ સીંચી,
નિંદી પાપ સ્થાનક ત્રણને, કરો સ્વચ્છ કયારા. અરે, ચા૦ ૫
અનેક આવરણો ઊતારો, કલમ કરી સારી;
છે નિજ વચનામૃત ધારાથી, ફૂળ થવા સારા. અરે, ચા૦ ૬
ચેતન માળી છુ અધીકારી, નર ભવ ઉપવનનો,
નવિન યુકિતથી ફૂળ, મુકિત મળનારો. અરે, ચા૦ ૭

प्रार्थना.

(अशुद्ध आत्मा शुद्धात्माने अरज करे छे.)

હે પરમેશ્વર (શુદ્ધાત્મા)! મહારા હૃદયને દયાથી ભરપુર કર. હે સત્ય! મહારા હૃદયમા આવ. હે શીલના

સ્વામી ! મને કુશીલથી બચાવ. મને સંતોષથી ભરપુર કર કે હુ પરવસ્તુપર નજર ન કરૂ. જે જંને ભોગવવાને તેં આપ્યુ તે હું ના ચાહું. તું નિષ્પાપ પૂર્ણ પવિત્ર છે, તહારી પવિત્રતા મહારામાં ભર. મને પાપ રહિત કર. જ્ઞાન, ધૈર્ય શાન્તિ, નિર્ભયતા મને આપ. ત્હારા પવિત્ર વચનથી મહારાં પાપ ધો. હે આનદ! મને આનંદથી ભરપુર કર મને ત્હારી તરફ ખેચ. હે દેવ ! મેં ત્હારી આજ્ઞા તોડી છે, તો મહારો શું હવાલ થશે ! હું પાપમાં બુડી રહ્યો છું. હુ દર સમય પાપના કામમાંજ હરખ માની રહ્યો છુ. ત્હારી કૃપાદાનનુ તેડુ મહારી તરફ આવ્યું કે તું મને પોતાની તરફ બોલાવે છે. તે ત્હારી પવિત્રતા મને દર વખત ચેતાવે છે કે આ પાપમા તું ના પેશ. માટે હવે હુ ત્હારી પવિત્રતાનું સન્માન કરૂં. મને પવિત્ર આત્માથી ભરપુર કર. ત્હારી સર્વે આજ્ઞા પાળવાની બુદ્ધિ, તથા શકિત મને આપ. મોહશત્રુના કબજાથી મને છોડાવ. હુ બાળક છુ, માટે દરસમય મને બચાવ, પડવા ન દે. મને ત્હારામાં રાખ, તું માહારામાં રહેજે, ત્હારી કૃપા નજર થઇ તે પુરી કર. ત્હારા શિવાય કોઇ દાતા નથી. ત્હારી આજ્ઞાના બગીચામાંથી મને બહાર ના મુક. ત્હારી શાન્તિના સમુદ્રમાં મને ઝીલાવ, ત્હારો સરવે મહિમા મને દેખાડ. તું આનદ છે, તું પ્રેમ છે, તુ દયા છે, તુ સત્ય

છે, તું સ્થિર છે, તું અચળ છે, તું નિર્ભય છે, તું એક શુદ્ધ નિત્ય છે. તું અબાધિત છે, ત્હારા અનત અક્ષય ગુણથી મને ભરપુર કર. દેહિક કામનાથી અને વિષયની ભીખથી મહારા દિલને વાર. કષાયની તપતીથી બચાવ. મહારાં સરવે વિઘ્ન દુર કર, કે સ્થિરતા અને આનંદથી હું ત્હારી સિદ્ધિને અનુભવું. મહારી સરવે શુભ ઈચ્છા ત્હારા વચન પસાયથી પુર, સાચા માર્ગ બતાવનાર ગુરૂ પસાયથી પુર. મને જુઠા હઠવાદથી અને જુઠા ધર્મથી છોડાવ. કુગુરૂના ફંદમાંથી બચાવ. ત્હારા પસાયથી મન, વચન, શરીર આદિ જે શકિત હુ પામ્યોછું, તે સરવે શક્તિ હું ખોટા વા પાપના કામમાં ન વાપરૂં, અને ફોગટ વખત ન ગુમાવું એ બુદ્ધિ આપ. ત્હારા પસાયથી સરવેને સુખનો કારણ થાઉં, કોઇને દુખનો કારણ ન થાઉં. માટે મને સત્ય અને દયાથી ભરપુર કર. અને જે મને લાયક હોય તે આપ. ખોટા મનોરથ અને વ્યર્થ વિચારથી હમેશાં બચાવ. ઇતિ, પ્રાર્થના.

સમાપ્ત.

શ્રી રાયચંદ્ર સાહિત્ય મંદિરમાં
વેચાતાં પુસ્તકો.

પુસ્તકનું નામ.	કીંમત.
શ્રીમદ્ રાજચંદ્ર.	૩— ૦—૦
જૈન કાવ્યદોહન (ભા. ૧)	૨— ૦—૦
આત્મસિદ્ધિશાસ્ત્ર.	૦—૧૨—૦
રાજજયંતિ વ્યાખ્યાન.	૦— ૮—૦
રાજચંદ્ર જૈનકાવ્યમાળા.	૦—૧૨—૦
ગુચ્છક ૧ લો.	
સદર ગુ. આંક ૨.	૧— ૦—૦
રાજબોધ.	૦— ૬—૦
મોક્ષમાળા.	૦— ૮—૦
રાજપદ પુંઠું કાચું.	૦— ૮—૦
રાજપદ પુંઠું પાકું.	૦—૧૨—૦

ઠેકાણું.

શેઠ વીરચંદ દીપચંદની હવેલી સામે.

અમદાવાદ.